
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૨ || અંક: ૨ || ફેબ્રુઆરી ૨૦૨૦ || સળંગ અંક : ૫૮૦

# વિ-વિદ્યાનગર



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

CHARUTAR VIDYA MANDAL
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.vvidyanagar.co.in




ચારુતર વિદ્યામંડળ, સરદાર પટેલ યુનિવર્સિટી તથા વલ્લભવિદ્યાનગર એન.સી.સી. યુનિટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ૭૧માં પ્રજાસત્તાકદિનની ઉજવણી નિમિત્તે લેવાયેલ તસવીરમાં મંચસ્થ સી.વી.એમ.ના અધ્યક્ષશ્રી ભીખુભાઈ પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. શિરીષ કુલકર્ણી, સી.વી.એમના માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી તુષાર મજુમદાર, સી.વી.એમના ઉપપ્રમુખશ્રી મનિષભાઈ પટેલ, એન.સી.સી.ના યુનિટ વડા બ્રિગેડીયર ગાયકવાડ તથા આયોજક સંસ્થા આર.પી.ટી.પી હાયરસેકન્ડરી (વિજ્ઞાન પ્રવાહ)ના આચાર્યશ્રી મહેન્દ્ર ભાઈ પટેલ દશ્યમાન થાય છે. ઈન્સેટમાં રાષ્ટ્રધ્વજને સલામી આપતા મહાનુભાવો નજરે પડે છે.



ગુજરાત સરકારશ્રી દ્વારા ચારુતર વિદ્યામંડળને રાજયની ખાનગી યુનિવર્સિટી સ્થાપવા માટે ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારો) વિધેયક સપ્ટેમ્બર, ૨૦૧૯થી મંજૂરી આપવામાં આવેલ છે. આ યુનિવર્સિટી કાર્યાલયના વિધિવત શુભારંભ પ્રસંગે બુધવાર ૨૨મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ યોજાયેલ શ્રી સત્યનારાયણ ભગવાનની કથા પ્રસંગે ચારુતર વિદ્યામંડળના ચેરમેન તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી ભીખુભાઈ પટેલ, ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખ શ્રી મનિષભાઈ પટેલ, માનદ્ મંત્રી ડૉ.એસ.જી.પટેલ, માનદ્ સહમંત્રીશ્રી રમેશભાઈ સી. તલાટી, શ્રી ભપેન્દ્રભાઈ પટેલ, શ્રી મેહુલભાઈ પટેલ, શ્રી વિશાલભાઈ પટેલ, શ્રી ખોડાભાઈ એસ.પટેલ, સીવીએમ યુનિવસિર્ટીના રજિસ્ટ્રાર ડૉ.બી.નટરાજ, ડેપ્યુટી રજિસ્ટ્રાર ડૉ.અજયરાજ વ્યાસ તેમજ વિવિધ સંસ્થાઓના આચાર્યશ્રીઓ અને કર્મચારીઓ દશ્યમાન થાય છે.




વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ફેબ્રુઆરી - ૨૦૨૦

વર્ષઃ ૨૨ અંકઃ ૦૨

સળંગ અંકઃ ૫૮૦

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

સ્થાપના વર્ષઃ ૧૯૪૫


कर्मण्येवाधिकारस्ते ।


તંત્રી

ઉર્વીશ છાયા

પરામર્શન

નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

આર.પી. પટેલ

સંપાદન-સહાય

અનિતા એ. સાળુંકે, વિજય સુથાર

પ્રકાશક

ડૉ.એસ.જી. પટેલ

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક

લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર

અધ્યક્ષ

શ્રી ભીખુભાઈ બી. પટેલ

માનદ મંત્રી

ડૉ.એસ.જી. પટેલ

માનદ સહમંત્રીઓ

શ્રી બી.પી. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ • શ્રી આર.સી. તલાટી • શ્રી વી. એચ. પટેલ • શ્રી કે.એસ. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-

• વિદ્યાર્થી લવાજમઃ ₹૧૦૦/- • આજીવન લવાજમઃ ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર
'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.co.in** પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**प्रफुल्लचूताङ्कुरतीक्ष्णसायको द्विरेफमालाविलसद्धनुर्गुणः।**
**मनांसि भेत्तुं सुरतप्रसङ्गिनां वसन्तयोद्धा समुपागतः प्रिये!**

સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

હે प्रिये! प्रफुल्लित आम के वृक्षों के अंकुररूपी तेज बाणवाला, भौंरों की माला रूपी धनुष की डोरीवाला यह वसन्त समयरूपी वीर विलासियों के चित्तों को विदीर्ण करने के लिए आ गया।


।। અતીતની અટારીએથી : ભાઈકાકાના શબ્દો ।।
**» સ્વપ્ન લઈને આવ્યો............................ ૦૩**

।। પ્રાથમ્ય ।। સદ્ભાવનાના દૂત
**» એસ.જી.પટેલ.................................. ૦૬**

।। આપણો વૈભવ અને વારસો ।। (પદ્ય વિભાગ)
**» રવિ સાહેબ, લોયણ............................ ૦૮**

।। નવાં કાવ્યો ।।
**» ધ્રુવ ભટ્ટ, વિનોદ ગાંધી, પારુલ ખખ્ખર, કાજલ જોષી ...................................... ૧૦**

।। આપણો વૈભવ અને વારસો ।। (ગદ્ય વિભાગ)
કાર્ય અને તેનું રહસ્ય
**» સ્વામી વિવેકાનંદ.............................. ૧૧**

।। ચિંતન ।। ભારતીય જીવનમૂલ્યો
**» નરેશ વેદ ...................................... ૧૩**

।। વાર્તા ।। બેકલોગ
**» મનીષા રાઠોડ.................................. ૧૬**

।। સંક્ષિપ્ત રૂપાંતર ।। ધ સિગ્નલ
**» હરિત પંડ્યા .................................. ૨૧**

।। નિબંધ ।। ભાગીરથીના ખોળે
**» હરીશ મહુવાકર .............................. ૨૫**

।। આ માસનું ચિંતન ।। ચિંતન-૧
**» ગૌરીશ પોરીઆ .............................. ૨૮**

।। આયુર્વેદ ।। આરોગ્ય માટે નુકસાનકારક-આધુનિક આહાર દ્રવ્યો : ભાગ-૩
**» સાગર એમ. ભીંડે ............................ ૨૯**

।। રમત-જગત ।। ગુજરાતમાં વ્યાયામ પ્રવૃત્તિના પ્રણેતાઃ શ્રી છોટુભાઈ પુરાણી
**» પી.ડી.શર્મા .................................. ૩૦**

।। પ્રતિભાવ ।।
**» અમિત ચૌહાણ................................ ૩૨**

।। વિદ્યાવૃત્ત ।।
**» ૭, ૧૨, ૧૫, ૨૪, ૨૭, ૨૮, ૩૧, ૩૩, ૩૪, ૩૫**

# સ્વપ્ન લઈને આવ્યો

મારા મતે તો પૈસો એટલે એકલી નોટો નહિ; બુદ્ધિનું પણ પૈસામાં રૂપાંતર કરી શકાય છે. અનુભવ એ પણ પૈસો છે. એનું પૈસામાં રૂપાંતર કરી શકાય છે. કાર્યક્ષમતા એ પણ પૈસો છે. મનોવૈજ્ઞાનિક વલણ એ પણ પૈસો અને શ્રમ એ પણ પૈસો છે. આ બધાનો જો સુમેળ થાય તો પૈસાનો વાંધો ન આવે.

યોજનામાંથી નાણાં ઊભાં થઈ શકે એ જાતની આત્મશ્રદ્ધા સરકારી નોકરીમાં અને અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં જે કામ કરેલાં તેમાંથી ઉદ્ભવેલી હતી. મને ત્યાં સુધી દરેક કામમાં ફત્તેહ મળી. એમાં મૂળ વાત એ હતી કે એનો યશ હું કામ કરનાર હાથ નીચેના માણસોને આપતો. ઉપરી અમલદાર આગળ હું એમને હાજર કરતો અને કરેલા કામ બદલ એમને ધન્યવાદ આપતો અને અપાવતો. પણ જો કામ કાંઈ બગડ્યું હોય તો ઉપરી અમલદાર આગળ એના ઉપર જવાબદારી નાખેલી નહિ. આનું પરિણામ મેં એ જોયેલું કે ઉપરી અમલદારોને મારે માટે ઘણો સારો અભિપ્રાય બંધાયેલો. કામ બગડ્યું હોય અને હાથ નીચેના માણસો ઉપર તેનો દોષ ઢોળીએ તો એને વધારે નુકસાન થાય, જ્યારે મારા ખભા ઘણા પહોળા હતા અને હું ઠપકો સહન કરી શકું તેવી મારામાં તાકાત પણ હતી. આના પરિણામે હંમેશાં મારા હાથ નીચે કામ કરનારા મને બહુ જ વફાદાર રહેલા અને પ્રામાણિકપણે બધા કામ કરતા. હું જાતે બધું કામ કરવામાં માનતો નહિ પણ કામની વહેંચણી કરી નાખતો. કામ કરનાર ઉપર સંપૂર્ણ વિશ્વાસ અને જવાબદારી મૂકતો. એને પરિણામે ઘણું વધારે કામ થતું અને તે કામ દીપી ઊઠતું.

આવા સિદ્ધાંતોનો ઉપયોગ વલ્લભવિદ્યાનગરની યોજનામાં પણ કર્યો. એમાં વધારામાં (એનલાઈટન્ડ સેલ્ફ ઇન્ટરેસ્ટ) 'પ્રબુદ્ધ સ્વાર્થ'નું તત્ત્વ ઉમેર્યું. એવી કંઈક યોજના થાય કે એ યોજનાથી યોજનામાં ભાગ લેનારનો સ્વાર્થ સધાય, તો એ યોજનામાં સાથ દેનાર ઘણા માણસો તૈયાર થઈ શકે.

સામાન્ય માણસની આવી વૃત્તિનો લાભ લેવાનું આ યોજનામાં ગોઠવ્યું હતું. નાણાં મેળવવા માટે શરૂઆતમાં નિર્ણય કર્યો કે બાંધકામની દરેક ચીજો કારખાનાં કાઢીને જાતે બનાવવી, એ વેચવી અને એનો નફો સંસ્થાનાં મકાનો બાંધવામાં વાપરવો. ગામડાના વૉટર વર્ક્સ અને ડ્રેનેજનો અંદાજ કાઢવો અને અંદાજ કરવામાં જે બચત થાય તે પણ આ સંસ્થાનાં કામોમાં વાપરવી. વૉટર વર્ક્સ અને ડ્રેનેજમાં જોઈતી બધી ચીજ-વસ્તુઓ બનાવવી. એનો નફો પણ યોજનામાં વાપરવો. વૉટર વર્ક્સ અને ડ્રેનેજનું નિરીક્ષણ કરવામાં પણ જે બચત થાય તે પણ યોજનામાં વાપરવી અને આ રીતે જનતાનાં જે જે કામો બની શકે તે કરવાં અને બચતનાં બધાં નાણાં યોજના ખાતે લેવાં.

શરૂઆતમાં શ્રીમંતોનાં દાન મળે એવી પરિસ્થિતિ ન હતી, માટે નક્કી કર્યું કે શ્રીમંતો ઉદ્યોગો કરીને પૈસા પ્રાપ્ત કરે છે અને એ પ્રાપ્ત કરેલા પૈસામાંથી કંઈક દાન કરે છે તો આપણે પોતે જ ઉદ્યોગો કરવા અને ઉદ્યોગોનો નફો આ સંસ્થા માટે વાપરવો. આખી યોજનાનું હાર્દ આ જાતની વિચારસરણીમાં રહેલું હતું. ૧૯૪૩ના ઑક્ટોબરમાં ચરોતર એજ્યુકેશન સોસાયટીની ગવર્નિંગ બોડીએ અધ્યક્ષ તરીકે મારી પસંદગી કરી. એ પહેલાં સોસાયટી સાથે એની શરૂઆતથી જ મારો સંબંધ તો હતો જ અને અમદાવાદ આવ્યા પછીથી સોસાયટીની કાઉન્સિલ અને ગવર્નિંગ બોડીમાં સોસાયટીના સભ્યોએ મારી નિમણૂક કરેલી હતી જેથી ઘણીખરી મીટિંગોમાં હું અમદાવાદથી આવતો અને આ રીતે હું સોસાયટીના સભ્યો સાથે સારી પેઠે સંપર્કમાં હતો. પણ સોસાયટીના અધ્યક્ષ થયા પછીની મીટિંગોમાં હાજરી આપવા ઉપરાંત સોસાયટીના કામમાં વધારે અંગત રસ મેં લેવા માંડ્યો અને મીટિંગો પૂરી થયા પછીથી પણ બને તેટલા દિવસ હું આણંદ સોસાયટીમાં ગાળતો. સોસાયટીના અતિથિગૃહમાં હું રહેતો હતો. તે વખતે સોસાયટીના

સ્વયંસેવકો, સોસાયટીના બીજા શિક્ષકો અને વિદ્યાર્થીઓના વાલીઓ, તે બધાના સંપર્કમાં હું આવવા લાગ્યો અને એમની સાથે મારી આ યોજનાઓ સંબંધે વાતોનો મોકો મળતો ગયો.

યોજના તો સારી લાગતી હતી પણ પૈસાની મદદ વગર આવું મોટું કામ શરૂ કરવું એમાં બધાને ઘણું જોખમ લાગતું હતું. કોઈએ મારી યોજનાને પરીકથા ગણી તો કોઈએ એરેબિયન નાઈટ્સ સાથે સરખાવી. પણ આ બધામાં સોસાયટીના ગર્વનિંગ બોડીના એક સભ્ય શ્રી ભીખાભાઈ કુબેરભાઈ પટેલ સોસાયટીની સ્થાપનાથી તેના પાયામાં હતા. એમણે અને સોજિત્રાના અંબાલાલ મોતીભાઈએ મોતીભાઈ સાહેબ સાથે વાટાઘાટો કરી સોસાયટીની સ્થાપના કરવાનું નક્કી કરેલું. અને સોસાયટીનું સ્થળ આણંદમાં રખાવેલું. શરૂઆતમાં અંબાલાલભાઈ તો એક વર્ષમાં પ્લેગથી ગુજરી ગયા. અને શ્રીયુત ભીખાભાઈએ સોસાયટીના સેક્રેટરી અને હેડમાસ્તર તરીકે ૨૨ વર્ષ સુધી પોતાની સેવા આપેલી. તે અરસામાં પણ જ્યારે જ્યારે હું આણંદ આવતો ત્યારે સોસાયટીમાં જતો અને ભીખાભાઈનો મહેમાન થતો. ભીખાભાઈ વિદ્યાર્થી હતા ત્યારથી જ એમની સાથેનો મારો સંપર્ક તો હતો જ. સોસાયટીમાં ૨૨ વર્ષની સેવા આપ્યા પછી ભીખાભાઈ સોસાયટીમાંથી નિવૃત્ત થયા અને શુક્લતીર્થ જઈ એમણે નર્મદા કેળવણી મંડળ સ્થાપ્યું. શુક્લતીર્થની હાઈસ્કૂલનું કામ શરૂ થયું. ભરૂચમાં એક ગર્લ્સ હાઈસ્કૂલ પણ એ ચલાવતા. મુંબઈ યુનિવર્સિટીની સેનેટના સભ્ય તરીકે ઘણાં વરસ સુધી રહ્યા હતા. તે વખતે પ્રિન્સિપાલ શ્રી એન. એમ. શાહ સાથે એ ગુજરાતની બધી હાઈસ્કૂલોમાં ઈન્સ્પેક્શન માટે જતા અને આ રીતે એમને શિક્ષણનો બહોળો અનુભવ હતો. કેળવણી ક્ષેત્રમાં એમનું મિત્રમંડળ વિશાળ હતું.

ભીખાભાઈને મારી આ યોજના ઘણી પસંદ પડી. તે વખતે તો એ સંન્યાસી થવાનો વિચાર કરી રહ્યા હતા પણ આ યોજના જ્યારે એમણે સાંભળી ત્યારે એમણે નક્કી કર્યું કે સંન્યાસી થવા કરતા આવું કામ કરવામાં જાતનું અને સમાજનું બંનેનું ભલું થવાનું છે એટલે એમણે મને કહ્યું : ‘હું તમારી સાથે જીવનપર્યંત રહીને આ કામ કરીશ.’ મને મોટી મદદ મળી ગઈ. યોજનાની રૂપરેખા જેમ જેમ એમને સમજાવતો ગયો તેમ તેમ એ એને કાગળ ઉપર મૂકતા ગયા. એમની ટેવ હંમેશાં પરોઢિયે ચાર વાગે ઊઠવાની હતી. ચાર વાગે ઊઠીને એ લખવાનું કામ કરતા. યોજનાને બંધારણીય સ્વરૂપ આપવાનું કામ પણ એમણે જ કરેલું. શરૂઆતમાં તો અમારો વિચાર એ હતો કે ઉદ્યોગમાંથી પૈસા પેદા કરી તે કેળવણીના કામમાં વાપરવા. સાથે દાન મળે તે લેવાં અને દરેક વિદ્યાશાખાની કૉલેજો એક સ્થળે ઊભી કરવી. બાળમંદિરથી શરૂઆત કરી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા કરવી અને તે રીતે બાળમંદિરથી સ્નાતકોત્તર સુધીના બધા વર્ગો ત્યાં ખોલવા. આ જાતનું બંધારણ ઘડીને અમે રજિસ્ટર્ડ કરાવવા મોકલેલું. પણ રજિસ્ટ્રાર સાહેબનો જવાબ આવ્યો : ‘શિક્ષણ અને અર્થોપાર્જન સાથે રહી શકે નહિ માટે તમારું બંધારણ રજિસ્ટર કરવામાં આવતું નથી. એમાંથી તમે અર્નિંગ કાઢી નાખો એકલું લર્નિંગ રાખો.’ શિક્ષણક્ષેત્રમાં કામ કરનારથી પૈસા પેદા કરી શકાય નહિ ! પૈસા ભીખ માગીને મેળવવામાં વાંધો નથી અને બ્રાહ્મણને ભિક્ષાની શી લાજ? એ તો આપણું સનાતન સૂત્ર છે જ !

આવો જ્યારે હુકમ આવ્યો ત્યારે એને અમલમાં મૂકવા અમે બીજો રસ્તો લીધો. ચારુતર વિદ્યામંડળનું બંધારણ એકલા શિક્ષણ માટે રાખ્યું. એમાં દાન લેવાની જગ્યા રાખી, જ્યારે બીજા ખાતામાં ચરોતર ગ્રામોદ્યોગ સહકારી મંડળ’ નામની સંસ્થા કરીને તેનું બંધારણ રજિસ્ટર કરાવવા મોકલી આપ્યું. એ સહકારી ખાતું હતું. એમાં અમે ડિવિડન્ડ ફક્ત ત્રણ ટકા જ રાખ્યું હતું અને શૅરનું ત્રણ ટકા ડિવિડન્ડ આપતાં જે નફો વધે એના પચાસ ટકા કેળવણીની સંસ્થાઓમાં વાપરવા એવી બંધારણમાં જ ગોઠવણ કરી. બંને મંડળોમાં કામ કરનારા તો અમે જ હતા. એટલે પૈસા કમાઈને કેળવણી સંસ્થાઓમાં આપવા માટે અમે આ રસ્તો કાઢ્યો અને આ રસ્તાથી બહુ ફત્તેહમંદ રીતે અમારો ધારેલો ઉદ્દેશ પાર પડ્યો.

સરકારના કાયદાઓ તો હોય છે, પણ એ કાયદાઓની વચ્ચે થઈને જરૂર પડે એ કાયદાઓને છોડીને શી રીતે કામ કરવું એ અનુભવ તો મને સરકારી નોકરીમાં થયો હતો અને કાયદા તોડવાનાં કામ ફત્તેહમંદ રીતે કર્યા હતાં. એ અનુભવનો લાભ આ યોજનામાં પણ લીધો. ઉદ્દેશ સારો હોય અને કોઈને નુકસાન ન થાય તો એવું કરવામાં કોઈ પણ જાતનો વાંધો કોઈને આવતો નથી. બંધારણ તો આ પ્રમાણે ભીખાભાઈની મદદથી સારી રીતે તૈયાર થયાં. પણ કામ કરવા જમીનનો મોટો પ્રશ્ન હતો. જમીન મેળવવા અને શરૂઆતના સભ્યો નોંધવા, શૅરહોલ્ડરો બનાવવા થોડો પ્રચાર તો કરવો જોઈએ એટલે ચરોતર ઍજ્યુકેશન સોસાયટીની આ ઑફિસમાંથી પંદરસો આમંત્રણપત્રિકાઓ કાઢી ચરોતરના આગેવાન ગૃહસ્થોને મોકલી આપી. એમાંથી ૧૯૪૪ના માર્ચમાં પાંચસો ગૃહસ્થો એ મીટિંગમાં હાજર થયા. તેમાં એન્જિનિયરિંગ કૉલેજ ઉપર ભાર મૂક્યો.

તે વખતે મુંબઈ રાજ્યમાં ફક્ત બે જ એન્જિનિયરિંગ કૉલેજો હતી : એક પૂનામાં અને બીજી કરાંચીમાં. પણ સિંધ છૂટું પડ્યા પછીથી કરાંચીની કૉલેજમાં બનતા સુધી સિંધના વિદ્યાર્થીઓને કરાંચીની સાયન્સ કૉલેજમાં દાખલ થવું પડતું અને ત્યાંથી ઈન્ટર સાયન્સ પાસ થઈને કરાંચીની કૉલેજમાં પ્રવેશ મેળવવો પડતો અને છેલ્લે છેલ્લે પ્રવેશ મેળવવામાં પણ મુશ્કેલી થઈ પડેલી. પૂના કૉલેજમાં બનતા સુધી મહારાષ્ટ્રીયન વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવતા, જેથી ત્યાં પણ બહુ જ થોડા ગુજરાતીઓને પ્રવેશ મળતો. આ વાત હંમેશ મને ખૂંચતી હતી. હું જ્યારે અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં હતો ત્યારે એક વખત દાદાસાહેબ માવલંકરે વાત કહેલી કે કસ્તુરભાઈ શેઠનો વિચાર અમદાવાદમાં કૉલેજ કરવાનો છે પણ માંચેસ્ટરના જેવી કાંલેજ કરવાનો એમનો વિચાર છે. મેં એમને ઘણો આગ્રહ કરેલો કે ગુજરાતી વિદ્યાર્થીઓને એન્જિનિયરિંગ કૉલેજમાં પ્રવેશ મેળવવાનો ઘણો ત્રાસ પડે છે માટે જેમ બને તેમ જલદીથી જો અમદાવાદમાં કૉલેજ થાય તો હું મારાથી બનતી બધી મદદ આપું. પણ એમનો વિચાર માંચેસ્ટર જેવી કૉલેજ કરવાનો હોવાથી વરસો સુધી પત્રવ્યવહાર ચાલી રહ્યા હતા અને મને ખાતરી થઈ હતી કે કસ્તુરભાઈ શેઠની કૉલેજ જલદીથી થાય તેવા કોઈ સંજોગો ન હતા. તેથી જ સોસાયટીમાં ભરાયેલી એ મીટિંગમાં મેં એન્જિનિયરિંગ કૉલેજ ઉપર ભાર મૂક્યો.

એન્જિનિયરિંગ કૉલેજ કરવી હોય તો સાથે સાયન્સ કૉલેજ જોઈએ, કે જેથી કરીને એન્જિનિયરિંગ કૉલેજ માટે વિદ્યાર્થીઓ મેળવવાનું સહેલું પડે. તે વખતે શ્રી એન. એમ. શાહને પણ બોલાવેલા. તેમણે સાયન્સ કૉલેજ સાથે ભેગી ભેગી આર્ટ્સ કૉલેજ કરવાની સલાહ આપી. બંને કૉલેજો એક મકાનમાં બેસી શકશે અને સાથે સાથે કેટલોક સ્ટાફ તો બંનેનો સહિયારો રહેશે એવી એમની સલાહ થતાં તે મીટિંગમાં અમે ત્રણ કોલેજો-આર્ટ્સ, સાયન્સ અને એન્જિનિયરિંગની વાત મૂકી. થોડાક ભાઈઓએ વિરોધનો સૂર કાઢ્યો. શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકને પૉલિટેક્નિક કૉલેજ જોઈતી હતી. બીજા એક ભાઈ માનતા હતા કે શહેરની કૉલેજમાં ભણવાથી જ છોકરો ચાલાક થાય. ત્રીજા એક ભાઈ બુનિયાદી તાલીમમાં માનતા હતા. એમને મતે વિદ્યાર્થીઓએ સ્વાવલંબી બનવું જોઈએ. એને આગળ ભણવાની જરૂર નથી. પણ એ સિવાય ભેગા થયેલા બધા સભ્યોએ નક્કી કર્યું કે આપણે કૉલેજની જરૂર છે અને એ માટે પૂરતો પ્રયત્ન કરવો અને શરૂઆતમાં જોઈતું ભંડોળ ભેગું કરવા સભ્યસંખ્યા ઊભી કરવી અને પૈસા મેળવવા. સંસ્થા માટે આણંદમાંથી બસો વીઘાં જમીન મેળવવાનું નક્કી કર્યું. આ જમીનની જે કિંમત થાય તે આણંદના સદ્‌ગૃહસ્થોએ ભેગી કરવી અને જમીન અપાવવી એમ પણ ઠરાવ થયો.

ક્રમશઃ

''ભાઈકાકાનાં સંસ્મરણો'' (પોતે લખેલા જીવનના મહત્ત્વના પ્રસંગો)માંથી સાભાર.

## સદ્ભાવનાના દૂત

એસ. જી. પટેલ

સન ૧૯૨૧માં નોબેલ પુરસ્કારથી સન્માનિત વિશ્વના મહાન વૈજ્ઞાનિક, પરમાણુ અને સાપેક્ષતાના સિદ્ધાંતના સંશોધક, આઈનસ્ટાઈન જ્યારે એમના જીવનના અંતિમ સમયમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક અમેરિકી પત્રકારે એમને પૂછ્યું, ''સર, આપ આ સદીના મહાન વૈજ્ઞાનિક છો, આપની અંતિમ ઈચ્છા કઈ છે? જો પુનર્જન્મ થાય તો આપ આગલા જન્મમાં શું બનવાનું પસંદ કરશો?''

આઈનસ્ટાઈન થોડીક ક્ષણ વિચાર કરીને બોલ્યા, ''ગમે તે બનું, પણ, વૈજ્ઞાનિક બનવા માંગતો નથી.'' પત્રકારને સદીના આ મહાન વૈજ્ઞાનિકના મુખથી આવી વાત સાંભળીને બહુ જ આશ્ચર્ય થયું. પત્રકારે ફરીથી પૂછ્યું ''સર, આપ કેવી વિચિત્ર વાત કરી રહ્યા છો? આટલુ મોટું આવિષ્કાર કર્યા પછી આપ વૈજ્ઞાનિક બનવા ઇચ્છતા નથી એવું કેમ?'' આઈન્સ્ટાઈન થોડું મરક-મરક હસ્યા પછી ગંભીર થઈને બોલ્યા, ''મેં જાણે-અજાણે અનેક વૈજ્ઞાનિક તથ્યો અને સત્યની શોધ કરી અને મારું આખું જીવન એમ જ પસાર થઈ ગયું. પણ, હવે મને અનુભવ થઈ રહ્યો છે કે જીવનના એક પડાવ ઉપર સ્વયં ખાલીપણું અનુભવું છું. મેં એવી બાબત પર કદી વિચાર સરખો પણ કર્યો નથી કે જે બધી જ વૈજ્ઞાનિક બાબતો અને શક્તિઓના સંશોધક હતા. જે આખા વિશ્વના સર્જનહાર છે, આવિષ્કારકર્તા છે એમને જાણી (શોધી) શક્યો નથી.''

એમણે આગળ વધતા જણાવ્યું કે, ''મારા મૃત્યુ પછી આઈન્સ્ટાઈને તો રહેશે નહીં. પણ મારાથી એ બાબત શોધવાની રહી ગઈ કે જેણે મને આઈનસ્ટાઈન બનાવ્યો. મને મારા અંતિમ સમયમાં એ વાતનો ખેદ છે અને રહેશે કે વૈજ્ઞાનિક હોવા છતા કેવું-કેવું શોધવામાં રચ્યોપચ્યો રહ્યો, પણ મારી સ્વયંની શોધ કરી શક્યો નહીં. આ અજાણ્યું તથ્ય-સત્ય એટલે કે આત્મા-તત્વની શોધ તરફ મારું ધ્યાન શાથી ગયું નથી? જો પૂર્વજન્મ થાય તો પ્રભુ પ્રત્યે મારી એક જ પ્રાર્થના છે કે આગલા જન્મમાં આત્મદર્શી આત્મ-અન્વેષક સંત બનુ અને જીવન તથા એ પરમ શક્તિને રહસ્યોથી આત્મ-સાક્ષાત કરવામાં સફળ થાઉં.''

યુદ્ધ મોરચે જતા રસ્તામાં ગાંડીતુર નદી આવી ત્યારે ગુરુ-શિષ્ય વચ્ચે પ્રથમ નદી કોણ પાર કરશે તે વિશે રકઝક થઈ. અંતે શિષ્યે એમ કહ્યું કે, ''ગુરુજી! તમને કંઈ થઈ જશે તો હું બીજો તમારા જેવો ગુરુ નહીં બનાવી શકું પરંતુ નદી ઓળંગતા કદાચ હું ન રહું તો આપ જેવા સમર્થ ગુરુ મારા જેવા અનેક રાજાનું નિર્માણ કરી શકશે. માટે મારા દેશને આપ જેવા શિક્ષકની જરૂર હોવાથી પ્રથમ હું નદી પાર કરીશ.'' આ ગુરુ શિષ્યની જોડી એટલે સિકંદર અને એરિસ્ટોટલ.

આ જ સિકંદર મહાને એકવાર કહેલું-''હું જીવું છું એ મારા માતા-પિતાને આભારી છે પણ હું સારી રીતે જીવું છું એ મારા શિક્ષકને આભારી છે.''

કેટલાક માણસોને એવું કહેતા સાંભળ્યા છે કે, મારે આટલાં વર્ષો થઈ ગયાં મારે ક્યારેય ડૉક્ટરની જરૂર પડી નથી. મારે પાયલોટની જરૂર પડી નથી, મારે બિલ્ડર ની જરૂર પડી નથી, મારે વકીલની જરૂર પડી નથી, મારે પોલીસની જરૂર પડી નથી, મારે કોઈ રાજકારણીની જરૂર પડી નથી... વગેરે વગેરે... કોઈ એમ કહી શકે ખરું કે, મારે ક્યારેય શિક્ષકની જરૂર પડી નથી.???

આ પૃથ્વી પર ભગવાન બાદ સૌથી વધુ ચમત્કાર શિક્ષકોએ કર્યા છે!!! આ એક શિક્ષક કુ. સુલિવાનની તાકાત છે કે દેખવાની, સાંભળવાની, બોલવાની શક્તિ ન ધરાવનાર બાળકીને ''હેલન-કેલર'' તરીકે જગમશહૂર કરી સંસારમાં બે પાંચ વ્યવસાય એવા છે કે જેમાં તમે પ્રયત્નરૂપે કોઈની જિંદગી ને સર્વોત્તમ બનાવી શકો છો એ તમામ વ્યવસાયોમાં શિક્ષકનો વ્યવસાય સર્વશ્રેષ્ઠ છે.

જો કોઈને શિક્ષક ન હોવાથી કોઈ ફેર ન પડે, એમ માનવાની કલ્પના હોય તો એકવાર માત્ર પ્રયોગ માટે થઇને કોઈ ગામમાં માત્ર ૧૦ વર્ષ માટે શાળા બંધ કરી દો. જુઓ પછી આવનાર પેઢી ની દશા!!! તમારી આજુબાજુ એકવાર ઝીણવટથી નજર કરીને કહો - તમારા બાળકમાં જે કંઈ સારા સંસ્કાર છે તે તેને ક્યાંથી મળ્યા છે ? શું આ સંસ્કાર

તમારા મોબાઇલ, ઇન્ટરનેટ, ટી.વી. પાડોશીઓ, મિત્રો, સગા-વ્હાલા એ આપ્યા છે? ભગવાન રુઠી જાય, દેવતા રુઠી જાય, તો ગુરુ તમારી રક્ષા કરે છે, પણ, ગુરુ રુઠી જાય તો તમારી રક્ષા કોઈ કરી શકતું નથી.

શિષ્યની પાત્રતા અને શિક્ષકની કર્તવ્યનિષ્ઠા ભળે છે ત્યારે ત્યારે શ્રીકૃષ્ણ-સાંદિપની, દ્રોણ-અર્જુન, વશિષ્ઠ-શ્રીરામ, ગોખલે-ગાંધી, રમાકાંત આચરેકર-સચિન, હરિદાસ-તાનસેન, ચાણક્ય-ચંદ્રગુપ્ત મૌર્ય, રામકૃષ્ણ પરમહંસ-સ્વામી વિવેકાનંદ ઇતિહાસ સર્જે છે.

લોકલાડીલા અબ્દુલ કલામના શબ્દો હતા - ''આ દેશને ભ્રષ્ટાચારમુક્ત અને સુંદર મનવાળા લોકોનો દેશ ત્રણ જ વ્યક્તિઓ બનાવી શકે છે. માતા-પિતા અને શિક્ષક. કોઈ સ્કૂલ નું મોટું નામ છે તો સમજજો કે ત્યાંની બિલ્ડીં ગ કે માળખાકીય સુવિધાઓને કારણે નહીં. પણ ત્યાંના શિક્ષકોને કારણે સુવિખ્યાત છે.''

એક સ્વરુચિ ભોજનનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો. તેમાં એક યુરોપિયને એમ કહીને ભારતીયોની હાંસી ઉડાવી કે, ભગવાન આપણને ખૂબ ચાહે છે એટલે આપણને સૌને ગોરી ચામડીના બનાવ્યા. એક ભારતીય આ વાત સાંભળીને સમસમી ગયો. એ કાર્યક્રમમાં સ્ટેજ પર એને બોલવાનો વારો આવ્યો. તે ભારતીયે એક વાર્તા કહી, ''ઈશ્વર એક વખત રોટલી બનાવવા બેઠા. પહેલી રોટલી બનાવી પણ તે કાચી રહી. એ સાવ ધોળી (સફેદ) રહી. ઈશ્વરે બીજીવાર ધ્યાન રાખીને રોટલી બનાવી. આ વખતે રોટલી વધારે ખાઈ જવાથી કાળી થઈ ગઈ બે વાર અનુભવ બાદ હવે ખૂબ સાવચેતીથી ત્રીજી રોટલી શેકી આ રોટલીના કાચી રહી કે ના બળી ગઈ. તે સરસ ચડેલી અને ખાવા લાયક બની. તે ઘઉંવર્ણી હતી.'' પેલા યુરોપિયનને કાપો તો લોહી ન નીકળે તેવી હાલત થઈ ગઈ. આ ભારતીય સજ્જન એ તે બીજું કોઈ નહીં પણ જેની યાદમાં આપણે ''શિક્ષક દિન'' ઊજવીએ છીએ તે સર્વપલ્લી રાધાકૃષ્ણન હતા.

શિક્ષકો પ્રત્યે લાગણી છે એટલે કહું છું - પોતાના વ્યવસાય પ્રત્યે સજાગ રહેજો. વાંચન-મનન-ચિંતન આજીવન ચાલુ રાખજો. વર્ગમાં જાઓ ત્યારે હસતા મોએ જજો. જે શિક્ષક વિભુના વરદાન જેવા માસૂમ બાળકોના વર્ગમાં ખુશ રહી શકતો નથી તેને સ્વર્ગ મળે તોય દુઃખી જ રહેશે!!! ક્લાસ રૂમને ખાસ-રૂમ બનાવી બાળદેવોની સેવા કરજો. શિક્ષક એટલે સદ્ભાવનાના દૂત. જગતને પાષાણયુગથી આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ યુગ સુધી પહોંચાડનાર એક માત્ર વ્યવસાયકાર એટલે એક અને માત્ર એક જ - શિક્ષક જ.

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર

**।। વિદ્યાવૃત્ત ।।**

## સી.વી.એમ. હોમ સાયન્સ શાળાનો વર્ષિક રમતોત્સવ

ચારુતર વિદ્યામંડળ વલ્લભ વિદ્યાનગર સંચાલિત હોમ સાયન્સ હાયર સેકન્ડરીનો ૪૨ મો વાર્ષિક રમતોત્સવ તા-૨૭-૧૨-૧૯ના રોજ શાસ્ત્રીમેદાનમાં યોજાયો હતો શાળાના આચાર્યા શ્રીમતી સુચિતાબેન ખરાદીએ ગેસ્ટનો પરિચય આપી જ્ઞાનપુષ્પથી સ્વાગત કર્યું હતુ. જેમાં મુખ્ય મહેમાન એવા એસ.ડી.દેસાઈ હાઈસ્કુલના આચાર્ય શ્રી નીતીનભાઈ પટેલે વિદ્યાર્થિનીઓને રમતગમતનું મહત્ત્વ તથા વિવિધ રમતો વિશે માહિતગાર કરી રમતોત્સવ ખુલ્લો મૂક્યો હતો.

જેમાં વિવિધ રમતો જેવી કે દોડ ૧૦૦મી, ૨૦૦મી, ૪૦૦મી, ગોળાફેંક, ચક્રફેંક, બરછી ફેંક, લાંબીકુદ, સ્લો સાઈકલીંગ તથા લીંબુ ચમચી વગેરે રમતોમાં શાળાની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શાળાના સમગ્ર સ્ટાફ તથા એસ.એસ. પટેલ કોલેજ ઓફ ફિઝીકલ એજ્યુકેશને ફાળવેલ વિદ્યાર્થિનીઓએ નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી. તથા વિજેતા વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કરી હતી. સમગ્ર સંચાલન શાળાના સ્પોર્ટેબલ ઈન્ચાર્જ શ્રીમતી આશાબેન પટેલે આચાર્યાશ્રીનાં માર્ગદર્શન હેઠળ કર્યું હતું

## સંતો! બૂઝે બાવન બારા,જાકે હરદે ગુરુગમ પ્રગટે, સો ખેલે ચોધારા..

**રવિ સાહેબ**

સંતો ! બૂઝે બાવન બારા,
જાકે હરદે ગુરુગમ પ્રગટે, સો ખેલે ચોધારા...
-સંતો! બૂઝે બાવન બારા...૦

પાંચ-પચીસ પરિબ્રહ્મસેં ઉપને, સયાના સમજી જાવે,
ચોઈ દિસ સોઈ રમે અકેલા, આપ નાવ ચલાવે...
-સંતો! બૂઝે બાવન બારા...૦

નયનકમલસે નિરખ્યા નટવર, ખોલ્યા કરમ કપાટા,
દિલસ દરસ્યા દેવ નિરંતર, નકરા હુવા નિરાટા...
-સંતો! બૂઝે બાવન બારા...૦

અકળ કળા કળ્યામે નાવે, અનુભવી એને બૂઝે,
ઓહં સોહં શબદ આળખો, ચોદ લોક તો સૂઝે...
-સંતો! બૂઝે બાવન બારા...૦

ઝલક્ત જ્યોતિ નૂર અપારા, મનવા તિહાં મિલાયા,
ક્હે રવિરામ ભાણ પ્રતાપે, અજર અમર પદ પાયા...
-સંતો! બૂઝે બાવન બારા...૦

## લગા કલેજે છેદ ગુરુકા, વેદ ન જાણે ઈ વાતું..

**રવિ સાહેબ**

લગા કલેજે છેદ ગુરુકા, વેદ ન જાણે એની વાતું...

પતિવ્રતા હોય નાર પદમણી, સોઈ જાણે પિયુકી વાતું,
વ્યભિચારિણી હીંડે વલખતી, અણ લેખે ખાવે લાતું...
-લગા કલેજે છેદ ગુરુકા, વેદ ન જાણે એની વાતું...૦

તુટી પડે ધરણી આકાશા, સૂકાઈ જાયે સમદર સાતું,
તો હું ન બીછુવા હોય પિયાસે, નિરભે નેહ તણું નાતું...
-લગા કલેજે છેદ ગુરુકા, વેદ ન જાણે એની વાતું...૦

પલ પલ મેરે પિયાજી કું નિરખું,ખંડીત ન હોય દિવસ રાતું,
તીન ભવન મેં જાકા ઉજીયારા અહોનીશ વરસત હે સ્વાતું...
-લગા કલેજે છેદ ગુરુકા,વેદ ન જાણે એની વાતું...૦

પ્રેમગલીમે પિયાજી કું પામી, કોટિ સૂરજકી ન્યાં ક્રાંન્તું,
પાપ પૂન્ય મિટ ગિયાં સજની, ભૂલી સરવે દૂજી ભ્રાંતું... ‘‘
-લગા કલેજે છેદ ગુરુકા, વેદ ન જાણે એની વાતું...૦ :.

તાળી લાગી ભ્રમણા ભાંગી રે તારે તારે મિલિયું તાંતું,
કહે રવિદાસ મેં સખી સદગુરુ કી. મન ન દોડે હવે દૂજે ધાતું..
-લગા કલેજે છેદ ગુરુકા, વેદ ન જાણે એની વાતું...૦

## જી રે લાખા ! ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો..

**લોયણ**

હે જી રે લાખા ! ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો જી,
એ જી તમે મન રે પવનને બાંધો રે હાં...
હે જી રે લાખા! નુરતે નીરખો ને સુરત પરખો જી
તમે સુરતા શુન્યમાં સાંધો રે હાં...

હે જી રે લાખા ! ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો .....૦

હે જી રે લાખા ! નાદ રે બુંદની તમે ગાંઠ રે બાંધો
મૂળ વચને પવન થંભાવો રે હાં...
હે જી રે લાખા ! ઉલટા પવન થંભાવો એને સુલટમાં લાવો જી
એવી રીતે એક ઘરમાં આવો રે હાં...

હે જી રે લાખા ! ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો .....૦

હે જી રે લાખા !ઈંગલા પીંગલા સુષમણા રે સાધો જી
તમે ચંદ્ર સૂર્ય એક ઘરમાં લાવો રે હાં...
હે જી રે લાખા ! ત્રીવેણીનાં મોલમાં દેખો તપાસી જી
પછી જોતમાં જયોત મીલાવો રે હાં...

હે જી રે લાખા ! ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો .....૦

હે જી રે લાખા ! અનભે પદને ઓળખાવાને માટે
તમે જયોત ઓળાંડી આઘા ચાલો રે હાં...
હે જી રે લાખા ! શેલર્ષીની ચેલી સતી લોયણ બોલ્યાં
તમે અકર્તાના ઘરમાં આવો રે હાં...

હે જી રે લાખા ! ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો .....૦

## જી રે લાખા બ્રહ્મમાં ભળવું રે હોય તો હેત વધારો..

**લોયણ**

હે જી રે લાખા! બ્રહ્મમાં ભળવું રે હોય તો હેત વધારો જી
અને મનના પ્રપંચને મેલો રે હાં..
હે જી રે લાખા! નુરત સુરતથી કરો ને મેળાવા જી
અને ફળની ઈચ્છાને તમે ત્યાગો રે હાં...
હે જી રે લાખા! બ્રહ્મમાં ભળવું રે હોય તો હેત વધારો...૦

હે જી રે લાખા! તરણા બરોબર આ જગતની માયા છે
એને જાણજો મનથી જુઠી રે હાં..
હે જી રે લાખા! કાળને ઝપાટે એ તો ઝડપાઈ જાશે
ત્યારે જીવડો તે જાશે ઉડી રે હાં...
હે જી રે લાખા! બ્રહ્મમાં ભળવું રે હોય તો હેત વધારો...૦

હે જી રે લાખા! જાગી ને જોશો તો તમને ઈશ્વર મળશે
ત્યારે તો મનની ભ્રાંતિ ભાંગી પડશે રે હાં
હે જી રે લાખા! સંકલ્પ વિકલ્પની ગાંઠું બંધાણી જી
એ તો ગુરુજીનાં વચનોથી ગળશે રે હાં...
હે જી રે લાખા! બ્રહ્મમાં ભળવું રે હોય તો હેત વધારો...૦

હે જી રે લાખા! હાર ન પામો તમે હિંમત રાખો જી
અને ગુરુજીનાં વચન રસ ચાખો રે હાં
હે જી રે લાખા! શેલર્ષીની ચેલી સતી લોયણ બોલ્યાં
તમે વચન સમજીને સુખ માણો રે હાં..
હે જી રે લાખા! બ્રહ્મમાં ભળવું રે હોય તો હેત વધારો...૦

## ગઝલ

**ધ્રુવ ભટ્ટ**

સૂરજ સાંભળે રે સહેલી એવાં ગીતો ગાવ
સૂરજ સાંભળે રે સહેલી એવાં ગીતો ગાવ રે...

કે આંબે આભલે રે કે સહિયર એવાં ગીતો ગાવ
સૂરજ સાંભળે રે સહેલી એવાં ગીતો ગાવ રે...

અનહદ ચમકે વિજળી ને અનહદ ગરજે આભ રે...
અનહદ ડોલે ડુંગરા ને અનહદ ડોલે ડુંગરાને
અનહદ ઝૂમે ઝાડ
સૂરજ સાંભળે રે સહેલી એવાં ગીતો ગાવ
સૂરજ સાંભળે રે સહેલી એવાં ગીતો ગાવ રે

નદીઓ ગાણે નિતરે ને સમદર ઘેરું ગાય રે...
નદીઓ ગાણે નિતરે ને સમદર ઘેરું ગાય રે...
મૂંગી રહે નહીં ચાંદની રે મૂંગી રહે નહીં ચાંદની એવું
સહીયર મારી ગાય

સૂરજ સાંભળે રે કે સહિયર એવાં ગીતો ગાવ
સૂરજ સાંભળે રે સહેલી એવાં ગીતો ગાવ રે

૧, ગોપાલનગર, સ્ટેશન રોડ કરમસદ-૩૮૮૧૨૫

## હોંકારો દેજે!

**વિનોદ ગાંધી**

શરૂ કરું છું વાત, તું હોંકારો દેજે,
વહી રહી છે રાત, તું હોંકારો દેજે!

તેં જ મને મૂકી'તી મહેંદી ગયા જન્મમાં,
ઉપસી આજે ભાત, તું હોંકારો દેજે!

નીચે ઉતરશે તારાઓ સાંભળવા માટે
બધું થશે રળિયાત, તું હોંકારો દેજે!

આંખ મીંચીને મૌન રહીને બોલું છું હું,
આ કેવી છે મુલાકાત, તું હોંકારો દેજે!

તું જાળ ગૂંથ કે મૂક પાંજરું ફર્ક પડે નૈં,
આ છે પતંગિયાની જાત, તું હોંકારો દેજે!

૮૩, સુવિધાનગર, ભુરાવાવ, ગોધરા.
૯૭૨૬૧૬૬૦૩૧

## ગઝલ

**પારુલ ખખ્ખર**

સુણો, વાગમતી પાડે પોકાર... સરાણિયા*
તમે ઊભા રહો ને જરી વાર... સરાણિયા.

કરું હૈયાની છાનેરી વાતડી...
મારા ગામમાં પેધી ગઈ રાતડી...
લાવો લાવો સોનેરી સવાર... સરાણિયા
તમે ઊભા રહો ને જરી વાર... સરાણિયા.

જામે જામે અખ્ખરના મેળાવડા...
કરે ધક્કામુક્કી ને રમે રાસડા...
એને સંભળાવો શાસ્તરનો સાર... સરાણિયા
તમે ઊભા રહો ને જરી વાર... સરાણિયા.

લ્યોને કાલ હારું લગરીક દાખડો*...
તોડો ભાખા-ભાયાતુંનો તાગડો*...
કાઢો કાઢો કલમને ધાર... સરાણિયા.
તમે ઊભા રહો ને જરી વાર... સરાણિયા.

*દાખડો=તસ્દી, પ્રયત્ન *તાગડો=પ્રપંચ, પ્રયુક્તિ *સરાણિયો=છરી ચપ્પા ને ધાર કાઢનાર

'તીર્થ' ૧૫૩-ગુરુકૃપાનગર, ચિતલરોડ,
અમરેલી-૩૬૫૬૦૧

## ગઝલ

**કાજલ જોષી**

આ શબ્દોને મંઝિલ કાપવા મોકલું છું.
એક સંવેદનાની કણી છાપવા મોકલું છું.

અશ્રુએ કરી લીધી છે દોસ્તી નદી સાથ,
હવે એને ખારોપાટ માપવા મોકલું છું.

પલાંઠી મારીને બેઠો છે વિશ્વાસ હજુય,
શ્રદ્ધાને એ પુરાવા સૌ આપવા મોકલું છુ.

ઊડી જશે સૌ દ્વિધાઓ મહેનતનાં તપથી,
મંત્ર એવો આ એક જાપવાં મોકલું છું.

ચંદ્રની શીતમાં ઠરી ગયું હશે જગત,
હવે સૂરજ આખો તાપવા મોકલું છું.

મુ.બોરલા, પો.બેલા -૩૬૪૧૫૦,
તા. તળાજા, જિલ્લોઃ ભાવનગર

## કાર્ય અને તેનું રહસ્ય

સ્વામી વિવેકાનંદ

જ્યારે નિષ્ફળતા મળે અને આપણે તેનું ટીકાત્મક પૃથક્કરણ કરીએ. તો નવ્વાણું ટકા કેસોમાં આપણને જણાશે કે તેનું કારણ સાધન તરફ આપણે ધ્યાન ન આપ્યું, એ હતું. જેની આપણને જરૂર છે, તે છે સાધનોના અંતિમ ઓપ અને તેમના દૃઢીકરણ પ્રત્યે યોગ્ય ધ્યાન આપવું. સાધન બરાબર હોય, તો ફળ મળે જ. કારણની જ અસર થતી હોય છે, અસર આપમેળે ઊભી થતી થઈ, એ આપણે ભૂલી જઈએ છીએ, અને જ્યાં સુધી સાધન ચોક્કસ, યોગ્ય અને શક્તિશાળી ન હોય, ત્યાં સુધી ધારી અસર નીપજશે નહીં. એક વાર આદર્શ પસંદ કરવામાં આવે અને સાધન નિશ્ચિત કરવામાં આવે, પછી આપણે આદર્શને જતો કરીએ છીએ કારણ કે જ્યારે સાધનોને સંપૂર્ણ બનાવી દીધાં હોય, ત્યારે આપણને ખાતરી હોય છે કે કાર્ય થાય જ. જ્યારે કારણ હોય, ત્યારે અસર અંગેની ઝાઝી મુશ્કેલી નથી હોતી, અસર ચોક્કસ થાય જ. આપણે કારણનું ધ્યાન રાખીએ, તો ફળ આપમેળે તેનું ધ્યાન રાખશે. આદર્શનો સાક્ષાત્કાર ફળ છે. સાધન કારણ છે, આથી સાધન તરફ ધ્યાન એ જીવનનું મહાન રહસ્ય છે. આપણે ગીતામાં પણ આ જ વાંચીએ અને શીખીએ છીએ કે આપણે કામ કરવાનું છે, આપણી પૂરી શક્તિ કામે લગાડીને કામ કરવાનું છે, કામમાં આપણે આપણા મનને પૂરેપૂરું પરોવી દેવાનું છે, પછી આપણે જે કરતા હોઈએ, તે કામ ભલે ગમે તે હોય. આ જ સમયે આપણામાં આસક્તિ ન હોવી જોઈએ. કહેવાનું એ જ કે બીજી કોઈ વસ્તુથી આપણે કામથી દૂર ખેંચાઈ જવું ન જોઈએ અને તોપણ જ્યારે આપણને ગમે ત્યારે કામને છોડી દેવાની શક્તિ પણ આપણામાં હોવી જોઈએ.

જીવનમાં જો આપણે પરીક્ષા કરીએ તો આપણને જણાશે કે દિલગીરીનું મોટામાં મોટું કારણ આ છે. આપણે કંઈક હાથ પર લઈએ છીએ અને તેમાં આપણી પૂરી કાર્યશક્તિ લગાડી દઈએ છીએ -- કદાચ તેમાં નિષ્ફળતા મળે તોપણ આપણે તેને છોડી શકતા નથી. તે આપણને નુકસાન પહોંચાડે છે તે આપણે જાણીએ છીએ અને તેને વધુ વળગી રહીએ એનો અર્થ તેનાથી પણ વધુ દુઃખ લાવવું એવો થાય, છતાં આપણે આપણી જાતને તેનાથી અળગી કરી શકતા નથી. મધમાખી મધ ચાખવા આવી પણ તેના પગ મધના ઘડા સાથે ચોંટી ગયા અને તે છૂટી શકી નહિ. વારંવાર આપણી જાતને આપણે આ સ્થિતિમાં મૂકીએ છીએ. અસ્તિત્વનું આ સમગ્ર રહસ્ય છે. આપણે અહીં શા માટે છીએ ? આપણે પણ અહીં મધ ચાટવા આવ્યા હતા; અને આપણને લાગે છે કે આપણા હાથપગ તેની સાથે ચોંટી ગયા છે. આપણે તો જોકે પકડવા આવ્યા હતા, પણ પકડાઈ ગયા. આપણે આનંદ માણવા આવ્યા પણ આપણે બીજા માટે આનંદ માણવાનું સાધન બની ગયા, આપણે શાસન કરવા આવ્યા પણ શાસિત બન્યા, આપણે કામ કરવા આવ્યા પણ બીજાના કામના હાથા બન્યા. બધો વખત આપણને આવું જ લાગે છે, અને આપણા જીવનની દરેક વિગતમાં આવું બને છે. બીજાનાં મગજ આપણા પર કામ કરી રહ્યાં છે અને દુઃખનું એક કારણ એ છે કે આપણે આસક્ત છીએ, પકડાઈ જતા હોઈએ છીએ. માટે જ ગીતા કહે છે કામ કરો, સતત કામ કરો પણ આસક્ત ન બનો, પકડાવ નહિ. ભલે કોઈ વસ્તુને છોડતાં તમને પ્રચંડ વેદના થાય, ભલે તમારો આત્મા તેના માટે ખૂબ તડપતો હોય, ભલે તે વસ્તુ તમને અત્યંત વહાલી હોય, છતાં તેનાથી તમારી જાતને અલગ કરવાની તમારી ક્ષમતા આરક્ષિત રાખો. જેથી જ્યારે ઇચ્છા થાય ત્યારે તેને છોડી દેવાની ક્ષમતા તમારામાં આરક્ષિત રહે જે નિર્બળ છે તેમને માટે નથી આ લોકમાં સ્થાન કે નથી પરલોકમાં. નિર્બળતા પરાધીનતા તરફ દોરી જાય છે. નિર્બળતા બધા પ્રકારનાં શારીરિક અને માનસિક દુઃખ તરફ દોરી જાય છે. નિર્બળતા મૃત્યુ છે. આપણી આજુબાજુ લાખો સૂક્ષ્મ જંતુઓ છે, પણ જ્યાં સુધી આપણે નિર્બળ ન બની જઈએ અને તેમનું સ્વાગત કરવા ઉન્મુખ થવાને તૈયાર ન થઈ જઈએ ત્યાં સુધી તે આપણને કંઈ જ નુકસાન પહોંચાડી શકતા નથી. ભલે આપણી આજુબાજુ પીડાદાયક લાખો સૂક્ષ્મ જંતુ તરતાં હોય, કંઈ વાંધો નહિ; જ્યાં સુધી મન નબળું ન પડે, ત્યાં સુધી તે આપણી તરફ આગળ વધવાની હિંમત ન કરી શકે, આપણા પર અધિકાર મેળવવાની તેમનામાં શક્તિ ન હોય. આ મહાન સત્ય છે કે શક્તિ જીવન છે અને નિર્બળતા

મૃત્યુ. શક્તિ પરમાનંદ છે, જીવન શાશ્વત છે, અમર છે, નિર્બળતા સતત તાણ અને દુઃખ છે, નિર્બળતા મૃત્યુ છે.

અત્યારે આસક્તિ જ આપણા બધા આનંદનું મૂળ બની ગઈ છે. આપણે આપણાં મિત્રો, સગાં, બૌદ્ધિક અને આધ્યાત્મિક કાર્યો અને બાહ્ય પદાર્થો પ્રત્યે આસક્ત છીએ, આથી તેમનાથી આપણને આનંદ પ્રાપ્ત થાય છે. આ આસક્તિ સિવાય દુઃખ લાવનાર બીજું શું છે? આનંદ પ્રાપ્ત કરવા આપણે આપણી જાતને તેમનાથી દૂર કરવાની છે. જો આપણી ઇચ્છા મુજબ આપણી જાતને અલગ પાડવાની આપણી જાતમાં ક્ષમતા હોય, તો કોઈ દુઃખ નહિ આવે. ફક્ત એ જ માણસ પ્રકૃતિનો. સર્વોત્તમ લાભ ઉઠાવી શકે, તેનામાં પોતાની પૂરી શક્તિ લગાવીને કોઈ વસ્તુ પ્રત્યે આસક્ત થવા છતાં જ્યારે અનાસક્ત થવું જરૂરી હોય ત્યારે પોતાની જાતને અલગ કરવાની પણ તેનામાં પૂરેપૂરી ક્ષમતા હોય. મુશ્કેલી એ છે કે આસક્ત થવામાં જેટલી શક્તિની જરૂર પડે, તેટલી જ અનાસક્ત થવામાં પણ પડે. એવા માણસો પણ છે, જે કશા તરફ કદી આકર્ષાયા જ ન હોય. તેઓ કદી પ્રેમ કરી શકતા નથી, તેઓ પથ્થરદિલ અને ઉદાસીન હોય છે. જીવનનાં મોટા ભાગનાં દુઃખોથી તે છટકી જઈ શકે છે. દીવાલને કદી દુઃખનો અનુભવ નથી થતો, તે કદી પ્રેમ નથી કરતી, તેને કદી ઈજા નથી પહોંચતી, છતાં છેવટે તો તે દીવાલ જ છે. ચોક્કસ, દીવાલ બની જવા કરતાં તો આસક્ત થવું અને પકડાવું સારું. આથી જે માણસ કદી પ્રેમ ન કરતો હોય, જે પથરા જેવા સખત હૃદયનો હોય, તે જીવનનાં મોટા ભાગનાં દુઃખોથી તો દૂર રહી શકે છે, પણ તેના આનંદથી પણ દૂર રહે છે. આપણે આ સ્થિતિ ઈચ્છતા નથી. તે નર્બળતા છે, મૃત્યુ છે. જાગ્રત થયેલા આત્માને કદી નિર્બળતાનો અનુભવ નથી થતો, કદી દુઃખનો પણ અનુભવ નથી થતો. આ નિર્દય સ્થિતિ છે. આપણત્તે તેની પણ જરૂર નથી.

લૉસ એન્જેલસ, કેલિફોર્નિયા ખાતે આપેલું પ્રવચન, (ટૂંકાવીને)
તા. ૪-૧-૧૯૦૦ના રોજ

**।। વિદ્યાવૃત્ત ।।**

## નલિની આટ્‌ર્સ કૉલેજમાં ચાણક્ય વર્તુળ દ્વારા સાઈબર ક્રાઈમ પર વ્યાખ્યાન યોજાયું

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની આટ્‌ર્સ કોલેજ ખાતે વિદ્યાર્થીઓના લાભાર્થે ચાલતા ચાણક્ય વર્તુળ અંતર્ગત આણંદ લો કૉલેજના વ્યાખ્યાતા ડૉ. નીલેશ શાહનું સાઇબર ક્રાઇમ પર વ્યાખ્યાનનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. એમ.જી.મન્સૂરીના માર્ગદર્શન અને અધ્યક્ષતામાં કરવામાં આવ્યું.

કાર્યક્રમની શરૂઆતમાં કૉલેજ આઈ.ક્યૂ.એ.સી. સેલના કોઓર્ડિનેટર ડૉ. નીલેશ બારોટે મહેમાનોનું સ્વાગત કરી વિદ્યાર્થીઓને પરિચય કરાવ્યો હતો. ડૉ. નીલેશ શાહે તેઓના પ્રવચનમાં વિદ્યાર્થીઓને સાઇબર વર્લ્ડનો પરિચય કરાવી આપણે કઈ રીતે સાઇબર ક્રાઇમનો ભોગ બનીએ છીએ તેની વિદ્યાર્થીઓને સદષ્ટાંત સમજણ આપી હતી. આપણે કઈ રીતે આપણી જાતને સાઇબર એટેકથી બચાવી શકાય, અને તેનો ભોગ ના બનીએ તે માટે કેવી સાવચેતી રાખવી જોઈએ તેની સમજણ વિદ્યાર્થીઓને આપી હતી.

અધ્યક્ષ સ્થાનેથી સંબોધતા કૉલેજના આચાર્યશ્રી ડૉ. એમ.જી.મન્સૂરીએ જણાવ્યું હતું કે, યુવાવસ્થામાં ઘણી અજાણતા જ ભૂલો થઈ જતી હોય છે. સોશિયલ મીડિયાનો ઉપયોગ સમજણ પૂર્વક કરવો પડતો હોય છે. વર્તમાન પરિસ્થિતિમાં કોઈ મેસેજ ફોરવર્ડ કરતાં પહેલાં તેની સામગ્રીને તપાસી પછી જ આગળ ફોરવર્ડ કરાય નહિ તો સાઇબર લૉ નો ભંગ થયો ગણાય અને તેના માટે સજા પણ ભોગવવી પડે. અંતે તેઓએ જણાવ્યું હતું કે ‘‘જાણકાર બની સતર્ક રહીએ.’’

કાર્યક્રમનું આયોજન અને સંચાલન રાજ્યશાસ્ત્રના વિભાગાધ્યક્ષ ડૉ. બી.એમ.પરમારે કર્યું હતું અને કાર્યક્રમના અંતે મહેમાનોનો આભાર માન્યો હતો.

# ભારતીય જીવનમૂલ્યો

નરેશ વેદ

કોઈપણ રાષ્ટ્રની પ્રજા ચોક્કસ આદર્શો, આચારો, માન્યતાઓ અને પરંપરાઓને જીવતી હોય છે, તેમ જીવનમૂલ્યો સ્વીકારીને પણ જીવતી હોય છે. ભારત પણ એક રાષ્ટ્ર છે. તો આ રાષ્ટ્રની પ્રજાએ અપનાવેલાં જીવનમૂલ્યો ક્યા છે, તે આપણે જોઈએ.

મૂલ્યો વિશે વાત કરીએ ત્યારે સૌ પ્રથમ 'મૂલ્ય' એ સંજ્ઞાના અર્થસંકેતો તપાસી લેવા જોઈએ. મૂલ્યનો સાદો સીધો અર્થ તો છે કાર્યસાધક શક્તિ. અર્થકારણના સંદર્ભમાં મૂલ્યનો અર્થ છે કિંમત (Prise). રૂપિયાના સંદર્ભમાં મૂલ્યનો અર્થ ખરીદશક્તિ એવો થાય છે. પરંતુ સાહિત્યના, કળાના, સમાજના, રાજ્યના, શિક્ષણના અને સંસ્કૃતિના સંદર્ભોમાં મૂલ્યનો અર્થ આવો થતો નથી. જેવું ક્ષેત્ર, એના સંદર્ભમાં મૂલ્યનો અર્થ જુદો જુદો થતો હોય છે. મતલબ કે ક્ષેત્રભેદ પરત્વે અર્થભેદ થતો હોય છે.

માનવજીવનના સંદર્ભમાં 'મૂલ્ય' એટલે જેને માણસ પોતાની જીવનદૃષ્ટિને કારણે ઈચ્છવાયોગ્ય કે પસંદગીને પાત્ર ગણે છે તે વિવેક. જીવનમૂલ્ય એટલે જીવનરીતિમાં વણાયેલો વિવેક. મૂલ્યોને વિવેક એટલા માટે ગણવામાં આવ્યાં છે, કેમ કે તે આપણું જીવન કેવું હોવું જોઈએ, આપણા જીવનમાં શું હોવું જોઈએ એ સ્પષ્ટપણે બતાવે છે. જીવનમાં આપણે કેવી રીતે જીવવું જોઈએ, આપણું આચરણ કેવું હોવું જોઈએ, તેનો નિર્દેશ કરવાવાળાં એ માર્ગદર્શક ધોરણો છે. જીવનમાં યથાયોગ્ય શું છે, એની ઉપકારકતા શી છે, એનું સારાપણું શામાં છે, તેનો નિર્ણય આપતા તે નિકષો છે. એ નિકષો એટલે કે કસોટીઓને મૂલ્યો કહેવામાં આવે છે. એટલે કે જીવનમાં યથાયોગ્ય નિર્ણયો લેવાના એ કાનૂનો છે. આ ધોરણો કે કાનૂનોમાં આપણને શ્રદ્ધા અને વિશ્વાસ બંને છે. તેથી તેમનો આધાર લઈને માણસ પોતાને શું કરવું કે ન કરવું જોઈએ, કેમ વર્તવું તેનો નિર્ણય લઈને, એ મુજબ આચરણ કરે છે. સાદી રીતે કહીએ તો જીવનમૂલ્યો એ માણસની જીવન વિશેની સમજણમાંથી બંધાતી જીવનદૃષ્ટિનાં નીપજતાં પરિમાણો છે. જીવનમૂલ્યો, આમ, અમૂર્ત ધ્યેયો છે, પરંતુ રાષ્ટ્રજીવનમાં એમનું વિધેયાત્મક મૂલ્ય ઘણું છે.

અહીં એક સ્પષ્ટતા કરી લઈએ. સદ્‌ગુણો અને મૂલ્યો બંને એક વસ્તુ નથી, બંને અલગ બાબતો છે. જીવનના નૈતિક ધ્યેયને અનુરૂપ અને સંકલ્પશક્તિથી જે સ્થિર થઈ ચૂકેલાં હોય એવાં માનસિક વલણો એટલે 'સદ્‌ગુણો'. અભય, અક્રોધ, અદ્રોહ, અલોલુપતા. અપૈશુન, કૃતજ્ઞતા, નિખાલસતા, ચોખ્ખાઈ, સંયમ, સંતોષ, સ્વાશ્રય, સરળતા, મૃદુતા, ધૈર્ય, દયા, શુદ્ધિ વગેરે સદ્‌ગુણો છે. જ્યારે 'મૂલ્યો' એટલે માણસ પોતાની જીવનદૃષ્ટિને કારણે જેને પસંદગીપાત્ર ગણે છે તે વિવેક અથવા ધોરણો.

સદ્‌ગુણોની જેમ મૂલ્યો પણ અનેક છે. બલકે એમ કહેવું જોઈએ કે મૂલ્યોનું ક્ષેત્ર માનવજીવન જેટલું વ્યાપક છે. એ કારણે જીવનમાં જેટલાં ક્ષેત્રો છે, એટલા તેના પ્રકારો છે. તેમ છતાં વિચારની વ્યવસ્થા અને અભ્યાસની સુગમતા ખાતર આપણે એમનું બે રીતે વર્ગીકરણ કરી શકીએ; એક, સ્વરૂપગત અને બે, ક્ષેત્રગત રીતે.

સ્વરૂપગત રીતે એમનું વર્ગીકરણ કરતાં આપણે એમને આ રીતે ઓળખાવી શકીએ : (૧) અંતર્ગત મૂલ્યો અને બહિર્ગત મૂલ્યો (૨) ઉત્પાદક મૂલ્યો અને અનુત્પાદક મૂલ્યો (૩) ભૌતિક મૂલ્યો અને અભૌતિક મૂલ્યો (૪) સનાતન અને શાશ્વત મૂલ્યો. આપણે જરા વિગતે સમજીએ.

**અંતર્ગત મૂલ્યો** : માણસ કોઈ બાબતને અન્ય કોઈ બાબતના સાધનના રૂપમાં નહીં પરંતુ ખુદ પોતાને માટે પસંદ કરે છે, તે બાબત એની દૃષ્ટિએ અંતર્ગત મૂલ્ય છે. જેમકે, કર્તવ્યની ખાતર કર્તવ્ય, જ્ઞાનની ખાતર જ્ઞાન, કળાની ખાતર કળા. એના યોજકની દૃષ્ટિએ કર્તવ્યપાલન, જ્ઞાન અને કળાનું અંતર્ગત મૂલ્ય છે.

**બહિર્ગત મૂલ્યો :** માણસ કોઈ બાબતની પસંદગી કોઈ અન્ય બાબતની પ્રાપ્તિના સાધનરૂપે કરે, ત્યારે તે બાબતનું એની દૃષ્ટિએ બહિર્ગત મૂલ્ય છે. જેમકે, કોઈ વ્યક્તિ પોતાનું સંકલ્પબળ વધારવા માટે ધ્યાન, પ્રાણાયામ કે પ્રત્યાહાર કરે, તો એ યૌગિક પ્રક્રિયા બહિર્ગત છે.

**ઉત્પાદક મૂલ્યો :** જે વસ્તુ એના ઉપયોગ કે વહેંચણીથી ઓછી થતી નથી, બલકે વધે છે તે વસ્તુઓ ઉત્પાદક મૂલ્યોવાળી કહેવાય. જેમકે, વિદ્યા, આનંદ, કરુણા ઉત્પાદક મૂલ્યો છે. તેમના ઉપયોગ અને વહેંચણીથી એ વધે છે, ઘટતી નથી.

**અનુત્પાદક મૂલ્યો :** જે વસ્તુઓ એનાં ઉપયોગ અને વહેંચણીથી વધતી નથી, પણ ઘટતી જાય છે કે ખતમ થાય છે, તે અનુત્પાદક મૂલ્યવાળી કહેવાય. જેમકે, ખાદ્યપદાર્થો, પૈસાનું મૂલ્ય, પ્રથમ ક્રમાંક.

**ભૌતિક મૂલ્યો :** માણસ જે વસ્તુઓને પોતાના ભૌતિક સુખ માટે પસંદ કરે છે, તે ભૌતિક મૂલ્યોવાળી છે. જેમ કે ખાદ્યપદાર્થો, મનોરંજક દૃશ્યશ્રાવ્ય સાધનો, શારીરિક તંદુરસ્તી, આર્થિક સદ્ધરતા, રાજકીય સ્થિરતા.

**અભૌતિક મૂલ્યો :** મનુષ્ય જે વસ્તુઓ પોતાના ભૌતિક સુખને ખાતર નહીં, પણ પોતાની ચેતનાને ખાતર, એટલે કે આત્મસંતોષ માટે પસંદ કરે છે, તે વસ્તુઓનું મૂલ્ય અભૌતિકરૂપનું છે. જેમકે, પ્રાર્થના, પરોપકાર, વૈર.

**સનાતન અને શાશ્વત મૂલ્યો :** જે મૂલ્યો ક્ષણિક, નાશવંત અને પરિવર્તનશીલ નથી, પણ કાયમી છે, જે હંમેશને માટે જીવનમાં પ્રસ્તુત અને ઉપયોગી છે, તે મૂલ્યો સનાતન કે શાશ્વત મૂલ્યો છે. જેમકે, સત્યમ્, શિવમ્, સુંદરમ્, મૈત્રી, કરુણા, મુદિતા, ક્ષમા, પ્રેમ, મમતા, વાત્સલ્ય, દાન, દયા, આતિથ્ય વગેરે.

હવે આપણે ક્ષેત્રગત મૂલ્યો વિશે સમજીએ. જીવનમાં અનેક ક્ષેત્રો છે. જેમકે સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક, આધ્યાત્મિક, શૈક્ષણિક, સાહિત્યકળા, સાંસ્કૃતિક વગેરે ક્ષેત્રોમાં માણસ કાર્ય કરે છે. આ પ્રત્યેક ક્ષેત્રને પોતાનાં મૂલ્યો છે. એ વિશે આપણે વિગતો જોઈએ.

**સામાજિક મૂલ્યો :** સમાજ સંબંધો અને વ્યવહારો પર નભે અને ટકે છે. એ સંબંધો અને વ્યવહારો વડે આદાન પ્રદાન કરે છે. તો આ આદાનપ્રદાન પ્રક્રિયામાં માણસે જે વિવેક રાખવો પડે છે, તેમને સામાજિક મૂલ્યો કહેવાય. જેમકે, સંપ, સહકાર, સેવાભાવ, સભ્યતા, સંસ્કારિતા, સમાનતા, સમયનિષ્ઠા, વિનય, વિવેક, મૈત્રી, માનવતા, પ્રેમ, ફરજ, અધિકાર, આતિથ્યસત્કાર, અસ્પૃશ્યતા વગેરે.

**આર્થિક મૂલ્યો :** આર્થિક વ્યાવહારોમાં માણસે જે વિવેક સાચવવો પડે છે, તેને આર્થિક મૂલ્યો કહે છે. આ એવો વિવેક છે, જેનો સંબંધ વસ્તુઓની આપલે તથા તેના ભાવતાલ, વિનિમય અને વિકાસ સાથે જોડાયેલો હોય. જેમકે, કિંમત, નફો, ખાધ, વિકાસ, વિનિમય, આર્થિક સમૃદ્ધિ, કાયમી નોકરી, પેન્શન, ગ્રેચ્યુટી વગેરે.

**રાજકીય મૂલ્યો :** પ્રજાના સંરક્ષણ અને સુખાકારી માટે, સરકારીતંત્ર, વહીવટીતંત્ર તથા ન્યાયતંત્રે પોતપોતાના વહીવટ, વ્યવસ્થાપન અને પ્રશાસનમાં જે વિવેક દાખવવો પડે છે, તેને રાજકીય મૂલ્યો કહે છે, જેમકે, વિચાર-વાણી-વ્યવસાય અને ધર્મનિષ્ઠાની સ્વતંત્રતા, અલગ અલગ કોમ, જાતિ અને રાષ્ટ્રો સાથે બંધુતા, સામાજિક-રાજકીય-આર્થિક અને કાનૂની ક્ષેત્રે સમાન તક, નાગરિકતા, મતાધિકાર, નેતૃત્વ, રાષ્ટ્રપ્રેમ, લોકશાહી, સાર્વભૌમત્વ, સામાજિક સમરસતા અને ન્યાય વગેરે.

**ધાર્મિક અને આધ્યાત્મિક મૂલ્યો :** પોતાના આત્મશીલ, આત્મશિસ્ત અને આત્મોત્કર્ષ માટે માણસનો જે વિવેક નૈતિક, નૈષ્ઠિક ને નિર્લેપતા જેવા ગુણો સાથે જોડાયેલો હોય તેને ધાર્મિક અને આધ્યાત્મિક મૂલ્યો કહે છે. જેમકે, સત્યવાદિતા, ત્યાગશીલતા, વિતરાગતા, મુમુક્ષુતા, અહિંસા, બલિદાન, ભક્તિ, શાંતિ વગેરે.

**નૈતિક મૂલ્યો :** માણસને પોતાની પસંદગીના પ્રયત્નોમાં જે સંતોષ કે અસંતોષ આપે છે, તે નિયમો કે ધોરણોને નૈતિક મૂલ્યો કહેવાય છે. જેમકે, કરુણા, ક્ષમા, માયાળુતા, સહિષ્ણુતા, સુગ્રથિતતા, નિષ્ઠા, નિસ્બત, તિતિક્ષા, સમભાવ, સમદૃષ્ટિ, ઉદારતા, ઉત્તરદાયિત્વ, ચારિત્ર્યશીલતા વગેરે.

**શૈક્ષણિક મૂલ્યો :** શિક્ષણમાં સમર્પિતતા, મૂલ્યાંકનમાં નિષ્પક્ષતા, સંશોધનમાં પ્રામાણિકતા, અધ્યયનશીલતા, વિદ્યાવ્યાસંગ, શિસ્તબદ્ધતા, શાસ્ત્ર અને શિક્ષકનાં વચનોમાં શ્રદ્ધા, ગુરુ પરત્વે આદર, આજ્ઞાંકિતતા, ચારિત્ર્યશીલતા વગેરે.

**સાંસ્કૃતિક મૂલ્યો :** ભારતીય સંસ્કૃતિ ઘણી પુરાણી છે. વિશ્વની ઘણીખરી પુરાણી સંસ્કૃતિઓનો લોપ થઈ ગયો છે, જ્યારે ભારતીય સંસ્કૃતિનું સાતત્ય સચવાયું છે. એના મૂળમાં એણે નીપજાવેલાં કેટલાંક મૂલ્યો છે. જાતિ, કોમ, ધર્મ, ભાષા, ખાનપાન, પહેરવેશ, રીત-રિવાજ વગેરે અનેક જાતની વિભિન્નતાઓ છતાં ભારત એક દેશ તરીકે એક અને અખંડ રહ્યો છે, એની પાછળ કુટુંબસંસ્થા, લગ્નસંસ્થા, ધર્મસંસ્થા વગેરે કોમી સદ્ભાવ, સામાજિક સમરસતા, ધર્મ અને પંથનિરપેક્ષતા, સાંસ્કૃતિક ધરોહરની જાળવણી, અન્ય સંસ્કૃતિઓ તરફ સમાદર વગેરે

મૂલ્યો અને ગુરુ-શિષ્ય, પરિક્રમા, વિવાહ, વાસ્તુ વગેરે પરંપરાઓની જાળવણી વગેરે પરિબળો અગત્યનાં છે.

**સૌંદર્ય મૂલ્યો :** સુરૂપ અને કુરૂપ, કળાત્મક અને અકળાત્મક, સ્વાનુભવરસિક અને સર્વાનુભવ રસિક સાહિત્યકૃતિઓ અને કળાકૃતિઓ વચ્ચેનો ભેદ નક્કી કરી આપતા વિવેક-ધોરણોને સૌંદર્ય મૂલ્યો કહેવાય છે, જેમકે, સપ્રમાણતા, રમણીયતા, લાવણ્યમયતા, રસપ્રદતા, આનંદપ્રદતા, આકર્ષકતા, મનોહારિતા, બોધપ્રદતા વગેરે આવાં મૂલ્યો છે.

આપણા દેશમાં આ બધાં મૂલ્યોનો સ્વીકાર જીવનમૂલ્યો તરીકે થયેલો છે. આ દેશની પ્રજા સદીઓથી એને અપનાવીને જીવન જીવી રહી હતી. પરંતુ આપણા દેશમાં અંગ્રેજ પ્રજાના આગમન અને પોણા બસો વર્ષના શાસનને પરિણામે આપણી પ્રજા એની જીવનશૈલીથી આકર્ષાઈ અને પ્રભાવિત થતાં સદીઓથી આપણે ત્યાં અનુસરાતા જીવનમૂલ્યોમાં ધીમે ધીમે પરિવર્તન આવવા લાગ્યું હતું.

ત્યારબાદ આધુનિકીકરણ (મૉડર્નાઈઝેશન), ઔદ્યોગિકીકરણ (ઈન્ડસ્ટ્રીયલાઈઝેશન), આંતરરાષ્ટ્રીયકરણ (ઈન્ટરનેશનલાઈઝેશન) વગેરે ઘટનાઓના પ્રભાવથી આપણાં મૂલ્યોને ઘસારો લાગવાની પ્રક્રિયા વધારે વેગવાન બની હતી.

વીસમી સદીના ઉત્તરાર્ધમાં અને એકવીસમી સદીના આરંભમાં સંદેશા-વ્યવહાર અને વાહનવ્યવહાર ક્ષેત્રે વિજ્ઞાન અને ટેક્નોલોજીએ નિર્મિત કરી આપેલાં સાધનોને કારણે આખું વિશ્વ એક ગામડામાં રૂપાંતરિત થતાં મતલબ કે વૈશ્વિકરણ (ગ્લોબલાઈઝેશન) ખાનગીકરણ (પ્રાઈવેટાયઝેશન) અને ઉદારીકરણ (લિબરલાયઝેશન)ની ઘટનાઓને પરિણામે તળેઉપર થયેલાં આપણાં જીવનમૂલ્યો ભાંગવા અને નષ્ટ થવાં લાગ્યાં. મૂલ્યોના ભંગાર વચ્ચે જીવવાનું નસીબ આપણા દેશની પ્રજાને ફાળે આવ્યું છે. કેમકે સદીઓથી સિદ્ધ થયેલાં મૂલ્યો આપણે ગુમાવી બેઠાં અને નવાં મૂલ્યો નીપજાવવાનું દૈવત રહ્યું નહીં. પરિણામે યુરોપ-અમેરિકાની પશ્ચિમી પ્રજા જેમને મહત્ત્વના ગણીને અપનાવે છે તે મૂલ્યોની ચકાચૌંધમાં આપણે દિશાવિહિન થઈ ગયા છીએ. જીવનનાં દરેક ક્ષેત્રમાં, તમામ સ્તરે છીછરાં, આછકલાં અનિત્ય મૂલ્યોથી આપણે અંજાઈ જઈને જીવી રહ્યા છીએ. મૂલ્યહ્રાસની આ પ્રક્રિયા દેશમાં એટલી ઝડપથી આગળ વધી રહી છે કે એ ક્યાં જઈને અટકશે, તે કહી શકાતું નથી. સામાજિક, આર્થિક, રાજકીય, શૈક્ષણિક, નૈતિક, ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક એમ તમામ ક્ષેત્રોમાં પ્રેમ, આદર, સારપ, સંસ્કારિતા, સહાનુકંપા, સહકાર, સહિષ્ણુતા, નિષ્ઠા, શિસ્તબદ્ધતા કૃતજ્ઞતા, માનવતા, પ્રામાણિકતા, નાગરિકતા, વિનમ્રતા, બંધુતા, ફરજનિષ્ઠા, કાર્યક્ષમતા, સ્વતંત્રતા, નિયમિતતા, આજ્ઞાકિંતતા, સમદૃષ્ટિ, સમભાવ, સહકાર, સહઅસ્તિત્વ સેવાભાવ-વગેરે લુપ્ત થતાં જાય છે. એમનું સ્થાન આછકલાઈ, અપ્રમાણિકતા, અમાનવીયતા, અસહિષ્ણુતા, અભદ્રતા, પરાવલંબિતા, સ્વાર્થશીલતા, ઉદ્ધતાઈ, ઉપદ્રવીતા, હિંસકતા, વિધ્વંસકતા પરિગ્રહિતા, લેવા લાગ્યાં છે. આ પરિસ્થિતિ ઘણી શોચનીય છે. આ કારણે જ મૂલ્યલક્ષી શિક્ષણની આજે જેટલી તાતી જરૂરિયાત છે, એટલી ક્યારેય ન હતી. તેથી મૂલ્યરક્ષણ, મૂલ્યજતન, મૂલ્યસંવર્ધન આપણા રાષ્ટ્રનો મુખ્ય એજન્ડા બનાવવો રહ્યો.

'કદમ્બ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટા બજાર,
વલ્લભ વિદ્યાનગર, ફોન નં : ૦૨૬૯૨-૨૩૩૭૫૦
સેલ નં : ૦૯૭૨૭૩૩૩૦૦૦

॥ વિદ્યાવૃત્ત ॥

## ગો.જો. શારદામંદિરનું ગૌરવ.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો. શારદા મંદિરની વિદ્યાર્થિની પ્રિયાંશી રમણભાઈ પટેલે એડીઆઈટી ખાતે યોજાયેલ આંતર સ્કૂલ પોસ્ટર સ્પર્ધામાં (ગ્રહણ ઉપર આધારિત) દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. શાળાના આચાર્ય તેમજ સ્ટાફ મિત્રોએ પ્રિયાંશી તેમજ તેને માર્ગદર્શન આપનાર મહેન્દ્રભાઈ શર્માને અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત શાળાની ૪૫ જેટલી વિદ્યાર્થિનીઓએ શાળાના વિજ્ઞાન શિક્ષક મહેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સૂર્યગ્રહણ નું અવલોકન કર્યું હતું.

।। વાર્તા ।।

## બેકલોગ

મનીષા રાઠોડ

''આજે સાંજે વેલકમ પાર્ટીમાં તું આવીશ ને? મજા આવશે! સિનિયરો આપણને પાર્ટી આપશે. ડીજે હશે, ડિનર હશે. જલસા પડશે.'' ચિન્મય તેના મિત્ર નિસર્ગને મનાવી રહ્યો હતો.

''હજુ તો હમણાં એડમિશન થયું. પહેલીવાર તો ઘરની બહાર નીકળ્યા. શું પાર્ટી ને શું જલસા? બારમા ધોરણની પરીક્ષા આપી. JEE ને ગુજકેટના ચક્કરમાં પાર્ટી શું કહેવાય એ જ ભૂલી ગયા. ટ્યૂશન અને સ્કૂલની પ્રદક્ષિણા કરતા કરતા ચોવીસ કલાકમાંથી અઢાર કલાક તો સ્કૂલ યુનિફોર્મમાં હતા. એ તો આટલી બધી એન્જિનિયરિંગ કૉલેજ ખુલી છે ગુજરાતમાં એટલે ક્યાંક તો મેળ પડવાનો જ હતો. તે અહીં આવી ગયા.''

''તું આવીશ કે નહીં?એ કે પેહલા.'' ચિન્મય થોડો અકળાયો.

''હા ભાઈ, આવીશ. પણ જો મને ડાન્સ ને એ બધું ના ફાવે. તું મને ફોર્સ ના કરતો પ્લીઝ.'' નિસર્ગ થોડો અચકાતા બોલ્યો.

''અરે! તું તારે એન્જોય કરજે ને. જો તો ખરો કૉલેજનો માહોલ. હવે સ્કૂલ પતી યાર. કૉલેજમાં તો જલસા જ કરવાના, સમજ્યો.'' ચિન્મય બોલ્યો.

નિસર્ગ એક રૂઢીચુસ્ત પરિવારમાંથી આવતો હતો. ઘરમાં બે ભાઈ. મોટો ભાઈ મેડીકલમાં હતો. ખૂબ હોશિયાર હતો. અને નાનો નિસર્ગ હમણાં જ એડમિશન લઈને વિદ્યાનગરની એન્જિનયરિંગ કૉલેજમાં આવ્યો હતો.

પહેલીવાર આમ હોસ્ટેલમાં એકલા રહેવાનો નવો નવો અનુભવ હતો. હજુ ઘરથી આવ્યાને માંડ બે દિવસ થયા હતા. અહીંના વાતાવરણમાં એડજસ્ટ થવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. નવા મિત્રો, નવું શહેર, મેસનું જમવાનું, કેન્ટીનમાં નાસ્તો હજુ તો કૉલેજની ભૂગોળ શીખી રહ્યો હતો. ત્યાં તો આજે વેલકમ પાર્ટી હતી. આજસુધી ભણવાના કારણે નિસર્ગ કોઈ પાર્ટીમાં ગયો જ નહોતો. આજે તેનો પહેલો અનુભવ હતો કોઈપણ પ્રકારની પાર્ટીનો.

ચિન્મય નિસર્ગનો ક્લાસસમેટ હતો. નવા નવા મિત્રો બન્યા હતા. હજુ બીજા કોઈનો પરિચય નહોતો થયો. આજની પાર્ટીમાં ખબર પડશે કોણ ક્યાંનું છે.

પાર્ટીના ડ્રેસમાં સજ્જ થઈ બંને મિત્રો કૉલેજના ગેટમાં પ્રવેશે છે.

''જોરદાર ડેકોરેશન કર્યું છે!! જો તો ખરો! સિનિયરોએ સારું પ્લાનિંગ કર્યું છે નઇ!'' ચિન્મય નિસર્ગને ઉક્સાવી રહ્યો હતો.

નિસર્ગ થોડો ગભરાતો, થોડો શરમાતો આગળ વધ્યો. આવીને છેલ્લી ખુરશી પર બેસી ગયો. જાણે ભીડથી છુપાવાની કોશિશ કરી રહ્યો હોય એમ.

''અહીં પાછળ શું કામ બેઠો?ચાલ આગળ જઇયે. આગળ સારું રહેશે.'' ચિન્મય થોડો બોલ્ડ હતો. પરંતુ નિસર્ગ તો શરમાળ અને અંતર્મુખી પ્રકૃતિ ધરાવતો એક શાંત છોકરો હતો. બંને મિત્રોની પ્રકૃતિ તદ્દન ભિન્ન હતી.

પાર્ટીમાં દરેક વિદ્યાર્થીઓને જુદા જુદા પ્રકારની ગેમ રમાડવામાં આવી. ગીતો અને ડાન્સ થયા પણ નિસર્ગ તો એક ખૂણામાં ઉભો ઉભો જોયા કરતો. એને તો આ બધું અજુગતું લાગતું. આજસુધી તો તેણે ક્યારેય છોકરા છોકરીઓને સાથે ડાન્સ કરતા કે ગીતો ગાતા જોયા જ નહોતા. એ તો પહેલા ધોરણથી જ એક બોયઝ સ્કૂલમાં ભણ્યો હતો. ગુજરાતના નાના શહેરમાંથી આવતો નિસર્ગ કૉલેજના આધુનિક વાતાવરણ સાથે ભળવાની કોશિશ કરી રહ્યો હતો.

પાર્ટી પૂરી થઈ અને બંને દોસ્તો પોતાના રૂમ પર પાછા ફર્યા. અને સૂવાની તૈયારી કરતા હતા ત્યાં ચિન્મય બોલ્યો,'' પેલી શિવાનીને જોઈ? કેવી ક્યૂટ છે. પાર્ટી-વેરમાં તો જોરદાર લાગતી હતી.''

''કોણ શિવાની?મેં કોઈને નથી જોઈ.'' નિસર્ગ બોલ્યો.

''અરે પેલી બ્લેક ડ્રેસમાં હતી ને! હાઈ હિલ અને સ્ટાઇલિશ હેર સ્ટાઈલવાળી. ડાન્સ પણ મસ્ત કરતી હતી. મારું તો ધ્યાન ત્યાં જ હતું.'' ચિન્મય બોલ્યો.

''જો તું મારી સાથે આવી ફાલતુ વાત ના કર. મારા મમ્મી પપ્પાએ મને અહીં ભણવા મોકલ્યો છે.મારી સાથે આવી બધી આડીઅવળી વાતો કરીશ તો મારું ધ્યાન ભણવામાંથી ઓછું થશે અને રિઝલ્ટ નબળું આવશે તો

મારા મમ્મી પપ્પા દુઃખી થશે. ચાલ સૂઈ જા હવે સવારે નવ વાગ્યે કલાસ છે.'' નિસર્ગ બોલ્યો.

''તું યાર બહુ બોરિંગ છે. સારું ચાલ સૂઈ જઇયે.'' ચિન્મય થોડો બબડવા લાગ્યો.

કલાસમાં ચિન્મય અને નિસર્ગ પાછળની બેન્ચ પર બેસતા. ચાલુ ક્લાસમાં મસ્તી કરવામાં ચિન્મયને ખૂબ મજા આવતી. જ્યારે નિસર્ગ ચુપચાપ ભણવામાં ધ્યાન આપતો. તોફાની હોવા છતાં ચિન્મય ભણવામાં હોશિયાર હતો. ઓછી મહેનતે પણ પરીણામ તો સારું જ લાવતો. મસ્તી મજાક એનો સ્વભાવ હતો. પણ દિલનો ખૂબ નરમ અને ઉદાર હતો. નિસર્ગથી ચાર મહિના મોટો એટલે તેને નાના ભાઈની જેમ સાચવતોય ખરો.

જોતજોતામાં તો પહેલું સેમેસ્ટર પૂરું થવા આવ્યું. વાઈવા સબમિશન અને ફાઇનલ પરીક્ષાની તપસ્યા પૂરી કરી હવે બધા વિદ્યાર્થીઓ થોડા દિવસના બ્રેક માટે ઘરે જઈ રહ્યા હતા. પરીક્ષાઓના ઉજાગરા અને આકરી મહેનતથી થાકેલા વિદ્યાર્થીઓ થોડા દિવસ ઘરમાં રહી આરામ અને પોતાની માં ના હાથનું જમવાનું જમી ફ્રેશ થઈ રહ્યા હતા.

નિસર્ગનો મોટો ભાઈ ઘરે જ હતો. મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતો હતો. આજે એનું પરિણામ હતું. સમગ્ર ગુજરાતમાં બીજો નંબર લાવ્યો હતો. નિસર્ગના પપ્પા ખૂબ રાજી થયા. આખી સોસાયટીમાં પેંડા વહેંચ્યાં. ઘરમાં આનંદ આનંદ છવાઈ ગયો. નિસર્ગ પણ ખૂબ ખુશ હતો એના મોટા ભાઈની સફળતા પર.

''તારા મોટાભાઈની જેમ તું પણ સારું ભણજે.જેથી અમને પણ ગર્વ થાય. એક દીકરો તો બાપનું નામ રોશન કરે છે, જોઈએ હવે બીજો શું કરે છે?'' નિસર્ગના પપ્પા બોલ્યા.

ઘરમાં સતત બંને ભાઈઓની સરખામણી થયા કરતી. નિસર્ગ ભણવામાં મહેનત તો કરતો હતો પણ તેની ક્ષમતા તેના ભાઈ જેટલી નહોતી. તેની આવડત પેઇન્ટિંગમાં હતી. સ્કૂલમાં ઘણી સ્પર્ધામાં ઇનામો જીત્યો હતો. પેઈન્ટીંગ કરતી વખતે તેમાં ખોવાઈ જતો. એનું પૅશન હતું પેઇન્ટિંગ. પણ તેના પપ્પાએ તેને માત્ર ભણવામાં ધ્યાન આપવાનું કહ્યું. દસમા ધોરણ પછી ક્યાયેય હાથમાં કલર કે પીંછી નહોતા પકડ્યા.

વેકેશન પૂરું થયું. બંને મિત્રો પાછા હોસ્ટેલમાં ભેગા થયા. ઘરની વાતો કરતા કરતા રાત પડી અને સવારે પાછા નવું સેમેસ્ટર, નવો સિલેબસ, નવા ટીચર અને નવી ચેલેન્જ.

ચિન્મય આજે સવારનો ખૂબ ખુશ હતો. શનિવારે બપોર પછી કલાસ ન હતા. એટલે રૂમ પર આવી. ફરીથી તૈયાર થઈ. પરફ્યુમ છાંટી વારંવાર ચહેરો દર્પણમાં જોઈ રહ્યો હતો. અને ક્યાંક જવાની તૈયારી કરી રહ્યો હતો.

''અત્યારે આટલો તૈયાર થઈને ક્યાં જાય છે?આટલું બધું પરફ્યુમ છાંટીને.. શું વાત છે ? પેહલા તો કયારેય આટલો ખુશ નહોતો દેખાતો ને?'' નિસર્ગ બોલ્યો.

''શિવાનીને મળવા.''ચિન્મય થોડો શરમાઈને બોલ્યો.

''શું વાત કરે છે? પેલી શિવાની ? આપણા ક્લાસ વાળી?'' નિસર્ગ આશ્ચર્યથી પૂછી રહ્યો હતો.

''હા, એ જ! શિવાની. છ મહિનાથી ફિલ્ડીંગ ભરતો હતો ત્યારે આજે માની છે. આજે તેણે પહેલીવાર કૉફી માટે હા પાડી. હવે મોકો જોઈ એને મનની વાત કહી દઈશ.'' ચિન્મય બોલ્યો.

''પણ તું અહીં ભણવા આવ્યો છે કે આ બધું કરવા?'' નિસર્ગ સલાહ આપવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

''જો દોસ્ત! તું મને અત્યારે કોઈ ઉપદેશ ના આપીશ. પ્લીઝ.. શિવાની મારી રાહ જોતી હશે. ચાલ હું જાઉં.'' કહી ચિન્મય ત્યાંથી નીકળી ગયો.

કૉલેજથી રૂમ અને રૂમથી કૉલેજ એ જ નિસર્ગની દુનિયા. બીજી કોઈ પ્રવૃત્તિમાં ભાગ નહોતો લેતો. ભણવું અને સારા ગ્રેડથી પાસ થવું એ જ એનું ધ્યેય હતું. અને પહેલા સેમેસ્ટરનું રિઝલ્ટ આવ્યું. નિસર્ગ સારી રીતે પાસ થઈ ગયો અને ફર્સ્ટ ક્લાસ આવ્યો. ચિન્મયનો પણ ફર્સ્ટ કલાસ આવ્યો. બંને મિત્રો ખૂબ ખુશ હતા.

ફરીથી બંને બ્રેકમાં ઘરે જાય છે.

નિસર્ગના મનમાં વિચારો ચાલતા હતા કે ઘરનું વાતાવરણ મનને શાંત કરશે. સારું સારું જમીશ અને ભાઈ સાથે ખૂબ વાતો કરીશ. મમ્મીનું વહાલ અને મોટાભાઇના પ્રેમને તરસતો નિસર્ગ ઘરે પહોંચે છે.

''જો નિસર્ગ ફર્સ્ટ ક્લાસ તો ઠીક છે, પણ હવે તારે ડિસ્ટિંક્શન લાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. આજકલ

ફર્સ્ટક્લાસની કોઈ વેલ્યૂ નથી. કોમ્પિટિશનનો જમાનો છે. તારો ભાઈ જો આખી યુનિવર્સિટીમાં ફર્સ્ટ આવે છે. તું પણ એવું કંઈક કર. સમજ્યો.'' જમતા જમતા નિસર્ગના પપ્પા બોલ્યા.

નિસર્ગના પપ્પાના આવા આગ્રહને લીધે નિસર્ગનો આત્મવિશ્વાસ ડગી જતો. ખૂબ પ્રયત્ન કરવા છતાં તે તેના ભાઈની જેમ યુનિવર્સિટી ટોપ નહોતો કરી શકતો. બિચારો પ્રોત્સાહનના બે શબ્દોને તરસી રહ્યો હતો. કોઈક આવીને પીઠ થપથપાવે અને કહે કે શાબાશ નિસર્ગ! તું ખૂબ સારું કરી રહ્યો છે. તો આગળ વધવાનું પીઠબળ મળી રહે.

કૉલેજનું પહેલું વર્ષ પૂરું થયું. બીજું વર્ષ, ત્રીજું સેમેસ્ટર આવ્યું. નિસર્ગ ખૂબ મન લગાવીને ભણતો હતો.

બીજી બાજુ ચિન્મય કૉલેજની દરેક એક્ટીવીટીમાં ભાગ લેતો. હવે તો શિવાની પણ તેની સાથે હતી. યુથ ફેસ્ટિવલના ઘણા પ્રોગ્રામમાં ભાગ લેતો. આત્મવિશ્વાસથી ભરપૂર પોતાની કોલેજ લાઈફ માણી રહ્યો હતો. નાની નાની સ્પર્ધામાં જીતે ત્યારે તેનો આત્મવિશ્વાસ ઓર નિખરતો. ભણવામાં પણ ખૂબ જલ્દી શીખી લેતો અને એવરેજથી હંમેશા ઉપર રહેતો.

જોતજોતામાં ત્રીજું વર્ષ આવ્યું, છઠ્ઠું સેમેસ્ટર.

વિષયો અઘરા થતા ગયા. હવે ખૂબ મહેનત કરવાની જરૂર હતી. નિસર્ગ મહેનત કરતો પણ હતો. દિવસનો મોટા ભાગનો સમય લાયબ્રેરીમાં રહેતો. ઘણીવાર જમવાનું પણ ચૂકી જતો. રાતદિવસ ફક્ત એના પપ્પાના શબ્દો જ કાનમાં ઘુમરાયા કરતા. તારે તારા ભાઈની જેમ આગળ વધવાનું છે.

''ચાલ નિસર્ગ. પીઝા જમવા જઇયે. એક પર એક ફ્રી છે જો. મજા આવશે. આ રોજ મેસનું બકવાસ જમવાનું જમીને ત્રાસી ગયા. થોડો ચેન્જ મળશે. ચાલ જલ્દી કર. હમણાં કલાકમાં તો પાછા આવી જઈશું. પછી તું ભણ્યા કરજે.'' ચિન્મય બોલ્યો.

''પણ એમાં તો મારો ખૂબ સમય બગડે. મારે તો હજુ બે ચેપ્ટર વાંચવાના બાકી છે. તું જા, હું નથી આવતો.'' નિસર્ગ બોલ્યો.

''અરે યાર, ક્યારેક તો આવ મારી સાથે. તું કૉલેજમાં છે કે સ્કૂલમાં? શું આમ ચોવીસ કલાક થોથામાં પડ્યો રહે છે. ચાલ થોડું એન્જોય કર દોસ્ત. આ સમય ફરી થોડો આવવાનો છે. થોડું બેલેન્સ કર ડીયર. ચાલ મારી સાથે.'' ચિન્મય ખૂબ મનાવી રહ્યો હતો પરંતુ નિસર્ગ માનતો જ નથી. છેવટે એકલો જ પીઝા જમવા જાય છે. અને વળતા પોતાના મિત્ર માટે પણ લેતો આવે છે અને પરાણે એને જમાડે છે.

આજે છઠ્ઠા સેમેસ્ટરનું પરિણામ આવ્યું. અને આ શું? નિસર્ગ એક વિષયમાં નાપાસ થયો હતો. એન્જિનિયરિંગની ભાષામાં તેને બેકલોગ કહે.

નિસર્ગના હાથમાં રિઝલ્ટ આવ્યું. સૌપ્રથમ વાર આવું પરિણામ આવ્યું હતું. પોતાના નાપાસ થવાના ડર કરતા વધુ તેને તેના પપ્પાની ચિંતા હતી. એના પપ્પા શું કહેશે? એમને ખબર પડશે કે હું એક વિષયમાં નાપાસ થયો છું તો કેટલા દુઃખી થશે. મને ખૂબ વઢશે. હું કેવી રીતે સામનો કરીશ? વિગેરે વિગેરે વિચારો તેના મનને ઘેરી લે છે.

ફરીથી કૉલેજમાં બ્રેક પડ્યો.

''નિસર્ગ, તું તારો સામાન રેડી રાખજે હું રીક્ષા બોલાવીને આવું છું.'' ચિન્મય બોલ્યો.

''હું ઘરે નથી જવાનો.''

''શુ વાત કરે છે?ઘરે કેમ નથી જવાનો? અહીં શું કરીશ એકલો? બ્રેકમાં તો બધાં ઘરે જાય. ચાલ હવે. આમ એકલા થોડા રહેવાય. ચાલ ચાલ સમાન પેક કર. હું તને મદદ કરું છું.'' ચિન્મય બોલ્યો.

''ના કહ્યું ને! હું આ વખતે ઘરે નથી જવાનો. તું તારે જા. હું મારું જોઈ લઈશ. તું મારી ચિંતા ના કર.'' નિસર્ગ થોડો અકળાઈ રહ્યો હતો.

નિસર્ગને વધુ ફોર્સ કરવું યોગ્ય ન લાગતા. ચિન્મય એકલો જ ઘરે જવા નીકળે છે. રસ્તામાં વિચાર આવે છે કે નિસર્ગ કેમ આ વખતે ઘરે ન ગયો. એના વર્તનમાં મને બદલાવ લાગે છે. કંઈક તો ચોક્કસ છે.

નિસર્ગ આખી હોસ્ટેલમાં એકલો હતો. એના મનમાં શું ચાલી રહ્યું હતું કોઈને ખબર નહોતી. ઘરેથી ફોન આવે તો પણ કઈ બહાનું કાઢીને ઘરે જવાની ના પાડતો.

દરરોજ સાંજે હોસ્ટેલથી નીકળી દૂર આવેલા એક ગામના તળાવની પાળે જઈને બેસતો. નિસર્ગ પોતાના એકાંત સાથે કંઈક વાતો કરતો. લગભગ એક કલાક આમ જ નીકળી જાય અને પછી પાછો હોસ્ટેલ જતો.

ના તો એના ચહેરા પર હાસ્ય હતું,ના તો મનમાં કોઈ ઉત્સાહ. એક યુવાનને છાજે એવી ચંચળતા પણ ગુમાવી બેઠો હતો. એના જીવનનો હેતુ જાણે ફક્ત પરીક્ષામાં પાસ થવું હતું. પહેલીવાર આવેલી બેકલોગ, તેની નિષ્ફળતા એ જીરવી નહોતો શકતો. મારી સાથે જ કેમ આવું? હું આટલી મહેનત કરું તો પણ.. એકલતા અને નકારાત્મક વિચારોથી ઘેરાયેલો નિસર્ગ રૂમમાં પથારીમાં પડ્યા પડ્યા સૂવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

''નિસર્ગ, દરવાજો ખોલ! નિસર્ગ...'' બારણે ટકોરા સંભળાતા નિસર્ગની આંખ ખૂલી. ઉભો થઈને દરવાજો ખોલ્યો તો સામે ચિન્મય હતો.

''તું જલ્દી આવી ગયો? હજુ તો થોડા દિવસની વાર છે ને?'' નિસર્ગ બોલ્યો.

''હા પણ તું અહીં એકલો હતો એટલે થયું કે તને કમ્પની આપું. ઘરે ગમતું નહોતું. એ બધું છોડ..

જો હું તારા માટે શું લાવ્યો??'' પોતાની બેગમાંથી ડબ્બો કાઢતા ચિન્મય બોલ્યો.

''જો આ સુરતની ઘારી. આખી દુનિયામાં વખણાય. અને આ ચેવડો ખાસ તારા માટે લાવ્યો છું. અને આ ગાંઠિયા... ''

''મારે કાંઈ નથી ખાવું.'' નિસર્ગ બોલ્યો.

નિસર્ગનો વ્યવહાર સાવ બદલાઈ ગયો હતો.તેને હવે જમવામાં પણ રસ નહોતો રહ્યો. ચિન્મય, એનો મિત્ર ખૂબ પ્રયત્ન કરતો એને રાજી કરવાનો પણ બધું વ્યર્થ.

''શું કરું કે નિસર્ગનો મૂડ બદલાય? એને આમ આવી હાલતમાં જોઉં છું તો ખૂબ દુ:ખ થાય છે. મારે કંઈક તો કરવું જ પડશે.'' ચિન્મય મનમાં કોઈક પ્લાન ઘડી રહ્યો હતો.

બીજા દિવસે વહેલી સવારથી જ નિસર્ગ ક્યાંક બહાર ચાલ્યો ગયો. ચિન્મય ઉઠ્યો ત્યારે નિસર્ગ ન દેખાતા આસપાસ ઘણી તપાસ કરી પણ નિસર્ગ ક્યાંય ન દેખાયો.

''ક્યાં ગયો હશે? આટલી વહેલી સવારે? કોઈ ગરબડ તો નથી ને?'' ચિન્મયના મનમાં શંકા પડી.

લગભગ બાર વાગ્યાની આસપાસ નિસર્ગ પાછો આવ્યો. ચિન્મયના ખૂબ પ્રયત્ન કરવા છતાં તે કોઈ જવાબ નહોતો આપતો કે તે ક્યાં ગયો હતો. બીજા દિવસે પણ સવારે ઉઠી જતો હતો ત્યારે ચિન્મય જાગી ગયો. અને નિસર્ગને ખબર ન પડે એમ તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો. અને જોયું તો નિસર્ગ દૂરના એક ગામના તળાવની પાળી પર બેસીને કંઈક વિચારી રહ્યો હતો.

''શું વિચારતો હશે?આના મનમાં શું ચાલી રહ્યું છે? કેમ અહીં આવીને બેઠો હશે?'' ચિન્મયને મનમાં શંકાઓ થઈ રહી હતી.

પાછા આવીને જાણે કાંઈ જોયું જ નથી એમ ચિન્મય વર્તવા લાગ્યો. આ સિલસિલો ઘણા દિવસ ચાલ્યો. પણ પોતાના મિત્રને પૂછવાની હિમ્મત નહોતી થતી. છતાંય એક દિવસ ચિન્મય પૂછવાનો પ્રયત્ન કરે છે પણ નિસર્ગ વાત ટાળી દે છે. એના સ્વભાવમાં આવેલી વિચિત્રતા ચિન્મય કળી નહોતો શકતો. જ્યારથી રિઝલ્ટ આવ્યું છે એનો સ્વભાવ સાવ બદલાઈ ગયો છે. દિવસે દિવસે નિરાશાની ગર્તામાં ઓર ધકેલાઇ રહ્યો હતો.

આમ ને આમ એક દિવસ સવારે ચિન્મય ઉઠ્યો ત્યારે નિસર્ગ હજુ પથારીમાં જ હતો.

આમ તો દરરોજ વહેલો ઉઠતો હોય છે,આજે કેમ આવી રીતે પડી રહ્યો છે! થોડીવાર સૂવા દઉં પછી જગાડીશ એમ વિચારી ચિન્મય બહાર ગયો. બે કલાક પછી આવીને જોયું તો નિસર્ગ હજુય પથારીમાં હતો. ચિન્મયના મનમાં ફાળ પડી. ચિન્મયે તેને હલાવીને જગાડવાનો ખૂબ પ્રયત્ન કર્યો પણ કોઈ પરિણામ નહિ. હાંફળોફાફળો દોડતો રેક્ટરને બોલાવી લાવ્યો. અને જુએ છે તો નિસર્ગનું શરીર સાવ ઠંડુ પડી ગયું હતું.

એમ્બ્યુલન્સ બોલાવી ઇમરજન્સીમાં નિસર્ગને હોસ્પિટલમાં લઈ ગયા. ચિન્મયે નિસર્ગના ઘરે જાણ કરી તેની સાથે હોસ્પિટલમાં ગયો.

જોતજોતામાં હોસ્પિટલની બહાર વિદ્યાર્થીઓના ટોળેટોળા ઉભરાવા લાગ્યા. વાત વાયુવેગે આખા કેમ્પસમાં ફેલાઈ ગઈ. ચારેબાજુ ગમગીનીનો માહોલ.

આઇસીયુની બહાર ચિન્મય બિચારો રડી રહ્યો હતો. પોતાનો જીગરી દોસ્ત આવી હાલતમાં. આવી અકલ્પનિય ઘટના એને અંદરથી હચમચાવી ગઈ. અનેક વિદ્યાર્થીઓ તેને આશ્વાસન આપી રહ્યા છે. ચિન્મયે સાચા અર્થમાં દોસ્તી નિભાવી હતી. એક મિત્ર અને મોટાભાઈની જેમ નિસર્ગની કાળજી રાખી હતી.

''પેશન્ટના સગા આવી ગયા? આ એક ફોર્મ ભરવાનું છે?'' આઈસીયુની બહાર એક નર્સ ચિન્મયને પૂછી રહી હતી.

''જી, હજુ રસ્તામાં છે. બસ થોડીવારમાં આવી જશે.'' ચિન્મય બોલ્યો.

નિસર્ગની હાલત ખૂબ ગંભીર હતી. બચવાની આશા નહિવત હતી. જીવન મૃત્યુ સાથે ઝોલા ખાતું એનું અસ્તિત્વ ક્યારે પૂરું થશે કોઈ કહી ના શકે. એટલીવારમાં રડતા રડતા નિસર્ગના મમ્મી હોસ્પિટલમાં આવ્યા. નિસર્ગના પપ્પા અને મોટાભાઈ તેમને સંભાળવાની કોશિશ કરી રહ્યા હતા. અને ત્યાંજ આઈસીયુંમાંથી ડોક્ટર બહાર આવ્યા. તેમનું મૌન જોઈ ત્યાં ઉપસ્થિત નિસર્ગના માતાપિતા અને મિત્રોના ધબકારા વધી ગયા. શું થયું હશે? કેમ ડોક્ટર સાહેબ કાંઈ બોલતા નથી?

એવામાં ચિન્મયને કંઈક સૂઝયું અને એ દોડતો હોસ્ટેલ પર પાછો ગયો. અને નિસર્ગની પથારીમાં આમતેમ જુએ છે તો એક કાગળ નિસર્ગે ઓશિકા નીચે છુપાવીને રાખ્યો હતો. સાથે એક દવાની બોટલ પણ હતી. અને કાગળમાં લખ્યું હતું.

પપ્પા,

મને માફ કરજો. હું તમારી અપેક્ષાઓ પર ખરો ન ઉતરી શક્યો. આ પગલું હું પૂરી સભાનતાથી મારી મરજીથી લઈ રહ્યો છું. એના માટે બીજો કોઈ જવાબદાર નથી. ચિન્મય, દોસ્ત મને માફ કરજે.

નિસર્ગ.

કાગળ લઈને ભારે હૈયે ચિન્મય પાછો હોસ્પિટલમાં આવ્યો અને ચિન્મયના પિતાના હાથમાં કાગળ આપ્યો. કાગળ વાંચીને તેનો પરિવાર હૈયાફાટ રૂદન અને આક્રંદ કરી રહ્યો હતો.

''ચિન્મયના મમ્મી પપ્પા કોણ છે?'' ડોક્ટર સાહેબ બોલ્યા.

''જી સાહેબ, અમારા દીકરાને કેવું છે હવે? એ બચી તો જશેને? સાહેબ ગમે તે કરો પણ અમારા દીકરાને બચાવી લો.'' રડતાં રડતાં નિસર્ગના પપ્પા ડોક્ટર સાહેબને વિનંતી કરી રહ્યા હતા.

''નિસર્ગે ઊંઘની ગોળીઓ વધારે લઈ લીધી હતી. પણ હવે ખતરો ટળી ગયો છે. જો તેને યોગ્ય સમયે હોસ્પિટલ ના લાવ્યા હોત તો કદાચ તેનું બચવું મુશ્કેલ હતું.''

ચિન્મય ખાલી દવાની બોટલ લઈને ડોક્ટર સાહેબને બતાવે છે અને ડોક્ટર સાહેબનું નિદાન સાચું નીકળ્યું. નિસર્ગ વધારે પડતી સ્લીપિંગ પીલ્સ એકસાથે લઈને આત્મહત્યાની તૈયારી સાથે જ સૂઈ ગયો હતો. પણ પોતાના મિત્રની સમયસૂચકતા અને કાળજીને કારણે તેને સમયસર સારવાર મળી રહેતા તેનો જીવ બચી ગયો.

ડોક્ટરની અનુમતિ લઈને ચિન્મયના પપ્પા આઈસીયુમાં સૂતેલા ચિન્મયના બેડ પાસે ગયા. ચિન્મય આંખો ખોલીને તેઓને જોઈ રહ્યો હતો. તેઓની આંખોમાં પશ્ચાતાપના આંસુ હતા. પોતાના દીકરાનો હાથ પકડીને બોલ્યા, ''બેટા મને માફ કરજે, હું તને જરાય સમજી ના શક્યો. મારી મહત્ત્વાકાંક્ષાઓનો બોજ હું સતત તારા પર ઢોળતો રહ્યો. સતત તારી સરખામણી તારા ભાઈ સાથે કરતો રહ્યો. પણ બેટા, આજે મને સમજાય છે કે હું કેટલું ખોટું કરી રહ્યો હતો. મને માફ કરી દે બેટા. ઈશ્વરે દરેક બાળકને વિશેષ બનાવ્યો છે. તારી કળા અને આવડતની કદર આજે મને થાય છે. તને જે ગમે તે કરજે બેટા, પણ આવું પગલું ફરી ક્યારેય ન ભરતો.''

પપ્પાને રડતાં જોઈને નિસર્ગની આંખમાં પણ આંસુ આવ્યા.

''પપ્પા તમે પણ મને માફ કરી દો. હું વચન આપું છું કે હવે આવું ક્યારેય નહીં કરું''. નિસર્ગ વધુ કઈ બોલે તે પહેલા નિસર્ગના પપ્પા પોતાના દીકરાને ભેટીને ખૂબ રડયા. બહાર ઉભેલા તમામ આ દ્રશ્ય જોઈને ભાવુક થઈ ગયા.

---

મિકેનિકલ એન્જિનિયરીંગ ડિપાર્ટમેન્ટ એ.ડી.આઈ.ટી. કૉલેજ
ન્યુ વલ્લભવિદ્યાનગર, આણંદ, ગુજરાત
Contact: ૯૯૦૪૨૩૭૮૪૭

**।। સંક્ષિપ્ત રૂપાંતર ।।**

**(રશિયન લેખક વિસ્વોલોદ ગાર્શિનની વાર્તા)**

## ધ સિગ્નલ

**હરિત પંડ્યા**

સેમ્યોન રેલવેમાં લાઈન મેનની નોકરી કરતો. એની ઝૂંપડી સ્ટેશનથી સો એક મીટર દૂર હતી. સ્ટેશનની નજીક એક કોટન મિલ હતી. મિલનું ભૂંગળું, આસપાસ ફેલાયેલા જંગલનાં વૃક્ષોથીય ઊંચું હોવાથી દૂરથી સૌની નજરે પડતું. સેમ્યોનના ઝૂંપડા જેવાં, અન્ય લાઈનમેનોનાં ઝૂંપડાં સિવાય ત્યાં બીજા કોઈ નિવાસો નો'તા.

રેલવેની નોકરીમાં જોડાયા પહેલાં સેમ્યોન આર્મીના એક ઓફિસરના નોકર તરીકે નોકરી કરતો. આ નોકરી દરમ્યાન ઉનાળાના તાપમાં એની કાયા બરાબરની શેકાયેલી. શિયાળાની કડકડતી ઠંડીમાં એનાં ગાત્રો થીજી જતાં. એને ક્યારેક ભૂખમરોય વેઠવો પડતો. એ કારણે એનું શરીર સાવ નંખાઈ ગયેલું. ગરમી હોય કે ઠંડી કે અનરાધાર વરસાદ વરસતો હોય, યુદ્ધ ખેલાતું હોય ત્યારે એવા માહોલમાંય એને ઘણીવાર માઈલો સુધી પગપાળા દડમજલ કરવી પડેલી.

એના ઓફિસરની ટુકડી એક વાર યુદ્ધના મોરચાને મોખરે આવી ગયેલી ખાસા દિવસો સુધી એની ટુકડી તુર્કો સામે લોહા લેતી રહેલી, સામ સામે ગોળીઓ છૂટતી રહેલી. એવે ટાણેય સેમ્યોન એના અધિકારીને દિવસમાં ત્રણ વાર, આર્મીના રસોડેથી મોરચા સુધી ગરમાગરમ ચા-નાસ્તો તથા ભોજન પહોંચાડતો રહેલો. ક્યારેક તો દુશ્મનોની ગોળીઓ એની ખૂબ નજીકથી પસાર થતી એવે ટાણે એનાથી રોઈ પડાતું. એનું કામ ઘણું અઘરું હતું આમ છતાં એણે એ નોકરી છોડેલી નહીં. એના અધિકારીને એના કામથી પૂરો સંતોષ હતો.

પણ પછી યુદ્ધ સમાપ્ત થયું. એ સાથે જ એને નોકરીમાંથી છૂટો કરવામાં આવ્યો. નોકરીમાંથી છૂટો થયા પછી એ એને વતન પાછો ફર્યો. એની તબિયત સાવ નંખાઈ ગયેલી. એ એને ગામ પહોંચ્યો ત્યારે એને જાણવા મળ્યું કે એના પિતા તથા એનો ચાર વર્ષનો પુત્ર મૃત્યુ પામ્યા હતા. આ દુઃખદ સમાચારની જાણ કરતો પત્ર એને પહોંચાડવામાં આવેલો નહીં.

આર્મીની નોકરી છૂટી ગયા પછી એ કામની શોધમાં ભટકતો રહ્યો. એની પત્ની નાનું-મોટું કામ કરતી રહેલી.

એક વાર સેમ્યોન ટ્રેઈનમાં મુસાફરી કરી રહ્યો હતો ત્યારે એક સ્ટેશને એની નજર એ સ્ટેશનના સ્ટેશન માસ્ટર પર પડી. એને સ્ટેશન માસ્ટર પરિચિત લાગ્યા. એ એમની પાસે ગયો. સ્ટેશન માસ્ટરેય એને ઓળખ્યો.

''તું સેમ્યોન ને?'' સ્ટેશન માસ્ટરે એને પૂછ્યું.

''હા. સાહેબ.''

''અહીં ક્યાંથી? ક્યાં જાય છે?''

''નોકરીની શોધમાં ભટકું છું''

''અહીં એક લાઈન મેનની જગા ખાલી છે. હું ઉપરી અધિકારીને તારી ભલામણ કરીશ.''

''આપનો આભાર, સાહેબ.''

અને સ્ટેશન માસ્ટરની ભલામણથી સેમ્યોનને રેલવેમાં લાઈન મેનની નોકરી મળી ગઈ.

લાઈન મેનની નોકરી સેમ્યોન પૂરા ખંતથી બજાવતો રહ્યો. એ, સ્ટેશન માસ્ટરની પત્નીનેય ઘરકામમાં મદદ કરતો. એમના ક્વાર્ટરની સફાઈ કરતો. સ્ટેશનનાં પ્લેટફોર્મ પણ વાળી ઝડીને સાફ કરતો.

એની પત્ની એના ભેગા રહેવા આવી ગઈ હતી. શિયાળાની ઠંડી સામે રક્ષણ મેળવવા એને બળતણ માટે જોઈએ એટલું લાકડું અહીં મળી રહેતું. એની ઝૂંપડી પાછળની ખુલ્લી જગામાં એણે શાકભાજી ઉગાડવા માંડેલી.

લાઈન મેન માટે જરૂરી ઓજારો જેવાં કે લાલ તથા લીલી ઝંડી, એક ફાનસ, હથોડો, કોશ, નટ-બોલ્ટ બેસાડવાનું પાનું વગેરે આપવામાં આવ્યાં. લાઈન મેનની ફરજો તથા અન્ય નિયમોની પુસ્તિકા પણ એને અપાઈ. રેલવેનું ટાઈમ ટેબલ તો એણે કંઠસ્થ જ કરી નાખેલું. ટ્રેઈન આવવાના અડધા કલાક પહેલાં એ એની ફરજ પર હાજર થઈ જતો, અને રેલના પાટા તપાસી લેતો. એ ઝાઝું ભણેલો નો'તો એને આપવામાં આવેલી પુસ્તિકા એ રોજ એકાદ વાર વાંચી જતો.

આ સ્ટેશને ટ્રેનો ઓછી આવતી, એટલે એનું કામ થોડું સહેલું હતું. દિવસમાં બે વખત એ પાટા ચેક કરતો રહેતો.

સેમ્યોનને અહીં એક વાત ખૂંચતી. કશુંક નવું કરવા એને એ વિભાગના ઈન્સ્પેક્ટરની મંજૂરી અગાઉથી લેવી પડતી.

અહીં આવ્યા પછી ધીમે ધીમે એણે બીજા લાઈન મેનો સાથે પરિચય કેળવવા માંડ્યો. એ એની પડોશમાં રહેતા વેસીલીને મળ્યો. વેસીલી એકવડિયો પણ મજબૂત બાંધાનો યુવાન હતો. એ ઝાઝું બોલવાનું ટાળતો.

''તમારો ઘરવાળો ખાસ બોલતો નથી.'' એક વાર સેમ્યોને વેસીલીની પત્નીને કહ્યું.

''તમારી વાત સાચી. જો કે, આમેય રોજ શી વાતો કરવાની હોય!'' વેસીલીની પત્નીએ કહ્યું.

સેમ્યોન અને વેસીલી રોજ મળતા. સેમ્યોન એની ચુંગી ફૂંકતો ફૂંકતો એની જિંદગીની કહાણી વેસીલીને સંભળાવતો રહેતો. વેસીલી મૌન ધારણ કરીને એની કહાણી સાંભળ્યા કરતો.

''ભાઈ, મેં મારી જિંદગીમાં ઘણું દુઃખ વેઠ્યું છે. મારા નસીબમાં લગીરેય સુખ લખાયું નથી.'' સેમ્યોને એક દિવસ એના પડોશીને કહ્યું.

''સેમ્યોન, નસીબને દોષ દેવાની જરૂર નથી. ગ્રહો નહીં, માણસો જ આપણને નડતા હોય છે. માણસ જેવું ક્રૂર પ્રાણી બીજું કોઈ નથી. એક વરુ બીજા વરુને કદી ખાતું નથી. પણ માણસ માણસને ભરખી જાય છે.'' વેસીલીએ કહ્યું.

સેમ્યોન કશું બોલ્યા વિના વેસીલીને સાંભળતો રહ્યો.

''માણસમાં લોભ અને શેતાની વૃત્તિ ન હોત તો સૌ માટે જીવન જીવવા જેવું હોત.'' વેસીલીએ એની વાત જારી રાખતાં ઉમેર્યું.

''મને તો કશી સમજ પડતી નથી. કદાચ તું કહે છે એમ પણ હોય. અથવા તો ઈશ્વરની એવી મરજી હશે.'' સેમ્યોને મૌન તોડતાં કહ્યું.

''તારી સાથે વાત કરવાનો કોઈ અર્થ નથી. દરેક અનિષ્ટ માટે ભગવાનને દોષ દેવો અને મૂક બનીને સહન કરતા રહેવું એ માણસનું નહીં, પશુનું લક્ષણ છે.'' કહી વેસીલી ત્યાંથી ઊઠીને ચાલ્યો. એના ગયા પછી સેમ્યોન પણ એની ઝૂંપડી ભેગો થઈ ગયો.

''આપણો પડોશી વેસીલી વિચિત્ર માણસ લાગે છે.'' ઝૂંપડીમાં પ્રવેશતાં સેમ્યોને એની પત્નીને કહ્યું.

''આપણા જેવા ગરીબોનું શોષણ કરતા દુષ્ટો મહેલાતોમાં મોજ-મજા કરે છે અને આપણે ઝૂંપડીમાં સબડતા રહીએ છીએ.'' એક વાર વેસીલીએ સેમ્યોનને કહ્યું.

''ઝૂંપડીમાં રહેવામાં શું વાંધો છે? એમાંય રહી શકાય છે.'' સેમ્યોને કહ્યું.

''સેમ્યોન, તું ઘરડો થયો પણ કશું શીખ્યો નથી. ઝૂંપડીની જિંદગી તે કંઈ જિંદગી છે! માલેતુજારો તમારું લોહી પીતા રહે છે. તમે ઘરડા થાઓ એટલે ડુક્કરને ખાવાના ઘાસની જેમ તમને ફેંકી દેવામાં આવે છે. તને પગારમાં બાર રૂબલ મળે છે. મને સાડાતેર શા માટે? નિયમ પ્રમાણે તો આપણને પંદર રૂબલ મળવા જોઈએ. વીજળી અને ચૂલાના બળતણ સમેત. આપણને જે પગાર મળે છે એનાથી આપણું પૂરું થાય? હું આ નોકરી છોડી દઈશ મારા ભેગો તુંય આવજે.'' વેસીલીએ કહ્યું.

''ભાઈ, આ નોકરી શું ખોટી છે! આપણને રહેવા અહીં ઝૂંપડી મળી છે. વળી તને તો ખેતી લાયક થોડી જમીન પણ મળી છે. તારી ઘરવાળીનેય કામ મળી ગયું છે. પછી શું વાંધો છે!'' સેમ્યોને કહ્યું.

''ખેતી લાયક! મને મળેલી જમીનમાં એક તણખલુંય ઊગાડી શકાય એમ નથી. મારી ઝૂંપડી પાછળની થોડી જગામાં મેં કોબીજ વાવેલી. ઈન્સ્પેક્ટરની નજર એના પર પડતાં, એણે મને એની ઓફિસમાં બોલાવીને કહ્યું, 'કોને પૂછીને કોબીજ વાવી? એનો રિપોર્ટ કેમ ન કર્યો? હમણાં ને હમણાં બધી કોબીજ ઉખાડી નાખ.' એ પીધેલો હતો. એણે મને ત્રણ રૂબલ દંડ પણ કર્યો. મારા પર એણે હાથ ઉપાડ્યો હોત તો મેં એને ત્યાં ને ત્યાં જ પતાવી દીધો હોત.'' વેસીલીએ કહ્યું. એના સૂરમાં ભારે રોષ છલકાતો હતો.

''વેસીલી, તું જરા વધારે ગરમ મિજાજનો છે.'' સેમ્યોને કહ્યું.

''ના,હું ગરમ મિજાજનો નથી. એ ઈન્સ્પેક્ટરને હું ખોખરા કર્યા વિના નથી રહેવાનો. એની વિરુદ્ધ હું હેડ ઓફિસમાં ફરિયાદ કરીશ.''

રેલવેના મોટા સાહેબ એ લાઈન પરથી એક દિવસ પસાર થવાના હતા એટલે સમગ તંત્ર સાબદું થઈ ગયું. સેમ્યોને પાટાઓ વચ્ચેનું લેવલ બરાબર કરી દીધું. સ્લીપરો, નટ-બોલ્ટો ઠીકઠાક કરી દીધા પાટાઓની આસપાસ ઊગી નીકળેલું ઘાસ દૂર કર્યું. થાંભલાઓ પર

રંગનો હાથ મારી દીધો. એનું ફાનસ પણ એણે બરાબર સાફ કરી નાખ્યું.

અને મોટા સાહેબનું આગમન થયું. એ ટ્રોલીમાં સવારી કરી રહ્યા હતા. ચાર પોર્ટરો એમની ટ્રોલીને હડસેલી રહ્યા હતા. સાહેબની ટ્રોલી સેમ્યોનની ઝૂંપડી સામે આવીને ઊભી રહી એટલે એણે સાહેબને સૈનિકની અદાથી સલામ કરી.

''શું નામ તારું? તું ક્યારથી અહીં કામ કરે છે?'' સાહેબે સેમ્યોનને પૂછ્યું.

''હું સેમ્યોન, સાહેબ એક વર્ષથી હું આ નોકરી કરું છું.''

''૧૬૪ નં. ની ઝૂંપડીમાં કોણ રહે છે?''

''વેસીલી, સર.'' સેમ્યોનને બદલે મોટા સાહેબ સાથે આવેલ અધિકારીએ કહ્યું.

''એની ઝૂંપડી પાસે ટ્રોલી લઈ લો.'' સાહેબે કહ્યું.

સેમ્યોનને લાગ્યું, મોટા સાહેબ અને વેસીલી વચ્ચે બરાબરની જામી પડવાની. બે કલાક પછી સેમ્યોને વેસીલીને એના તરફ આવતો જોયો. એના મોં પર એણે રૂમાલ બાંધેલો. એનો ચહેરો સાવ લેવાઈ ગયેલો. એની આંખોમાં ખૂન્નસ હતું. એના એક હાથમાં લાકડી હતી. બીજા હાથમાં થોડો સામાન હતો.

''ક્યાં સવારી ઉપાડી?'' સેમ્યોને એને પૂછ્યું.

''મોસ્કો.''

''એટલે તું હેડ ઓફિસે ફરિયાદ કરવા જાય છે? રહેવા દે બાપલા, કશું વળવાનું નથી.''

''એણે મારા મોં પર લાકડી ઝીંકીને મને લોહી લુહાણ કર્યો. હું એને કદી ભૂલીશ નહીં.''

''વેસીલી, મારી સલાહ માન. તું ફરિયાદ કરીશ તોય કશો ફેર પડવાનો નથી.''

''એની તો મનેય ખબર છે. પણ આપણા અધિકારો માટે આપણે લડવું તો જોઈએ ને! ભલે એનું કશું પરિણામ આવે કે ન આવે.''

''પણ, શું થયું એ તો કહે!''

''મોટો સાહેબ મારી ઝૂંપડીમાં આવ્યો. મેં અગાઉથી જ મારી ઝૂંપડી વ્યવસ્થિત કરી દીધેલી. ઈન્સ્પેક્ટરે મારા વાડામાં મેં વાવેલી કોબીજ ઉખાડાવી નાખેલી, એ અંગેની ફરિયાદ મેં સાહેબને કરી. મારી ફરિયાદ સાંભળીને એ તો ગુસ્સે થઈ ગયો અને મારા મોં પર લાકડી ફટકારી દીધી. મોસ્કો જઈને હેડ ઓફિસમાં એ ડુક્કર સામે હું ફરિયાદ કરીશ.'' વેસીલીએ કહ્યું.

મોસ્કો ગયા પછી ચાર દિવસ થયા છતાં વેસીલી પાછો ફર્યો નહીં. એની પત્ની એની ચિંતા કરતી રહી. ચિંતાની મારીએ અડધી થઈ ગઈ.

સેમ્યોન નાનો હતો ત્યારથી વાંસળી વગાડતો રહેલો.એ જાતે જ વાંસળી બનાવતો. અહીંની નોકરીમાં જોડાયા પછીય એણે વાંસળીઓ બનાવવાનું જારી રાખેલું. નજીકના શહેરમાં જઈને એ એની બનાવેલી વાંસળીઓ વેચીને થોડા રૂબલ કમાઈ લેતો.

એક દિવસ સેમ્યોન વાંસળી બનાવવા માટે જરૂરી વાંસની પાતળી ડાંખળીઓ લેવા નજીકના જંગલમાં જઈ ચડ્યો. જંગલના એ વિસ્તારમાંથી પસાર થતી રેલવેની લાઈન વળાંક લેતી હતી.

વાંસની જરૂરી ડાંખળીઓ કાપ્યા પછી એની ભારી લઈને એણે એની ઝૂંપડીની વાટ ઝાલી. સૂર્ય આથમવાની તૈયારીમાં હતો. પક્ષીઓના ચહચહાટ સિવાય બધે નીરવ શાંતિ છવાયેલી હતી. ત્યાં, એને લોખંડ સાથે લોખંડ ટકરાતું હોય એવો અવાજ સંભળાયો. એણે અવાજની દિશામાં ચાલવા માંડ્યું. દૂરથી એણે એક આદમીને પાટાના સ્લીપરના બોલ્ટ કાઢતો ભાળ્યો. સહેજ નજીક જતાં એણે આદમીને ઓળખ્યો.

અરે! આ તો વેસીલી!! સેમ્યોન મનોમન બોલ્યો.

સેમ્યોનને જોતાંની વારમાં વેસીલી ત્યાંથી ભાગી ગયો. સેમ્યોને એનો પીછો કર્યો.

''વેસીલી, ઊભો રહે ભાઈ. આ તેં શું કર્યું? મને પાનું આપ જેથી હું, તેં કાઢી નાખેલ બોલ્ટ પાછા ફીટ કરી શકું.'' સેમ્યોને વેસીલીનો પીછો કરતાં બૂમ પાડીને કહ્યું.

વેસીલીએ એની વાત સાંભળી-ન સાંભળી કરી. પાછું વળીને જોયા વિના એ દોડતો રહ્યો.

જ્યાંથી બોલ્ટ કાઢી નાખવામાં આવેલા એ સ્થળે સેમ્યોન પાછો ફર્યો. એટલામાં એને મિલની વ્હીસલ સંભળાઈ.

મિલની વ્હીસલ વાગી એટલે થોડી મિનિટોમાં જ અહીંથી ટ્રેન પસાર થવાની માલગાડી નહીં, પેસેન્જર ટ્રેન એ મનોમન બોલ્યો.

એની ઝૂંપડીએ જઈને, બોલ્ટ ફીટ કરવાનું પાનું લઈ આવવાનો સમય એની પાસે નો'તો. સાધન વિના બોલ્ટ બેસાડવાનું શક્ય નો'તું.

''હે પ્રભુ! હું શું કરું? ટ્રેનમાં મુસાફરી કરી રહેલા નિર્દોષ મુસાફરોને બચાવવાનો માર્ગ તું મને સુઝાડ. આ નિર્દોષ મુસાફરો પર દયા કર.''

સેમ્યોન ભગવાનને વીનવી રહ્યો.
અચાનક એને ઉપાય સૂઝયો.

એણે વાંસની ડાંખળીઓની ભારી ભોંય પર નાખી દીધી. એ ભારીમાંથી એક ડાંખળી એણે ખેંચી કાઢી. પછી માથા પરથી હેટ ઉતારીને એમાં એણે રાખેલ સ્કાઈ કાઢયો, અને હાથમાંની છરી વડે પોતાના શરીર પર ઘા કર્યો. ઘામાંથી ગરમાગરમ લોહી બહાર ધસી આવ્યું. એ લોહીમાં એણે એનો સ્કાઈ ઝબોળ્યો અને વાંસની ડાંખળીમાં ભરાવીને એણે લાલ ઝંડી બનાવી એ ઝંડી ફરકાવતો એ, ટ્રેન ભણી દોડવા માંડ્યો. ઘા ખાસો ઊંડો પડેલો, એટલે એમાંથી ઘણું લોહી વહી ગયું, એ કારણે એને આંખે અંધારા આવવા માંડ્યાં. એના કાનમાં સિસોટીઓ વાગવા માંડી. અને ચક્કર આવવા માંડ્યા. તોય એ ઝંડી સાથે દોડતો રહ્યો.

પણ હવે એ થાક્યો હતો. એનામાં ઊભા રહેવાનીય શક્તિ રહી નોતી. એને થયું, મારાથી હવે ઊભું રહી શકાશે નહીં. હું ભોંય પર પટકાઈ પડીશ. ટ્રેનમાં મુસાફરી કરી રહેલા પ્રવાસીઓનું શું થશે! મારી લાલ ઝંડી પણ મારી ભેગી જમીનદોસ્ત થઈ જવાની હે પ્રભુ! શું થવા બેઠું છે! એ મનોમન બોલતો રહ્યો.

અને એ ઢગલો થઈને પાટા વચ્ચે પટકાઈ પડ્યો. એના હાથમાંની ઝંડી પણ એના ભેગી ભોંય પર પડી ગઈ.

એ જ ક્ષણે એ અન્ય હાથે એની ઝંડી ઉપાડી લીધી, અને સામેથી આવતી ટ્રેન સામે ઝંડી ફરકાવતો એ આદમી પાટા વચ્ચે ઊભો રહી ગયો.

વળાંકને કારણે ટ્રેન થોડી ધીમી પડી. ગાડીએ વળાંક વટાવ્યો એટલે એન્જિન ડ્રાયવરે દૂરથી લાલ ઝંડી જોઈ. એણે આસ્તેથી ગાડીને બ્રેક મારી. જ્યાંથી પાટાના સ્લીપરોના બોલ્ટ કાઢી નાખવામાં આવેલા ત્યાંથી સહેજ આગળ ગાડી ઊભી રહી. ગાડી ઊભી રહી એટલે એમાંથી થોડા પેસેન્જરો બહાર આવ્યા. એમણે એક આદમીને પાટા વચ્ચે લોહીના ખાબોચિયામાં બેભાન હાલતમાં પડેલો જોયો. એની બાજુમાં લોહીથી ખરડાયેલી ઝંડી લઈને ઊભેલ એક આદમી પર એમની નજર પડી.

''પાટાના બોલ્ટ મેં કાઢી નાખ્યા છે મને પકડીને પોલીસને હવાલે કરી દો.'' વેસીલીએ લોકોને કહ્યું.

૨૧, મેઘાનગર, પવનચક્કીરોડ, નડિયાદ. ૩૮૭૦૦૨,
મો. ૯૪૨૮૬૯૯૮૫૪

---

॥ વિદ્યાવૃત્ત ॥

## ગો.જો. શારદામંદિરમાં રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિન ઉજવાયો

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો.શારદામંદિરમાં શાળાના આચાર્યા રીટાબેન પટેલના માર્ગદર્શન હેઠળ પ્રતિક ગ્રાહક સુરક્ષા ટ્રસ્ટ-આણંદના શાંતિલાલ કપાસીયાના મહેમાન પદે ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન શાંતિલાલ કપાસીયાએ જણાવ્યું કે સમાજમાં અનેક લોકો છેતરપિંડીનો ભોગ બનતા હોય છે. આ માટે ગ્રાહકે પોતે જાગૃતતા દાખવવાની જરૂર છે તેમણે જણાવ્યું કે ગ્રાહક માટે અનેક અસરકારક કાયદાઓ છે જો કોઈ ગ્રાહક કોઈપણ વ્યક્તિ વીમાકંપની કે દુકાનદાર દ્વારા છેતરાયા હોય તો તેની વિનામૂલ્યે સલાહ, માર્ગદર્શન અને કાયદાકીય કાર્યવાહી જિલ્લા, રાજ્ય અને દેશની ગ્રાહક સુરક્ષા એજન્સીઓની મદદથી કરી શકાય છે. તેમણે ગ્રાહકો વિવિધ રીતે છેતરાય છે તેની યોગ્ય ઉદાહરણો દ્વારા માહિતી આપી હતી.

શાળાના આચાર્યા રીટાબેન પટેલે દીકરીઓને જણાવ્યું કે હંમેશા કોઈપણ વસ્તુની ખરીદી કરતી વખતે બિલ લેવાનો આગ્રહ રાખવો જરૂરી છે તો જ ગ્રાહક સુરક્ષા ફરિયાદ કરી શકાય

આ કાર્યક્રમમાં ધો-૯ની વિદ્યાર્થિનીઓ તેમજ શાળાના સુપરવાઇઝર કેતનાબેન પરમાર, નવીનભાઈ બરંડા, મહેન્દ્રભાઈ શર્મા તેમજ મહેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ગ્રાહક-સુરક્ષા અંગેના નિયમોની જાણકારી મેળવી હતી.

॥ નિબંધ ॥

## ભાગીરથીના ખોળે

હરીશ મહુવાકર

ચારસાડા ચાર કિલોમીટર ખેતાળી નાખું અડધી એક કલાકમાં. અને એમ ફડાકે મેં એકાદ દોઢ કિલોમીટર કાપી નાખ્યું મારા હરદ્વારના ઉતારેથી. મારા મિત્રોને પણ એ રીતે ચલાવ્યા. આવી પહોંચ્યો ગંગા નદીના શદાણી ઘાટ ઉપર. પ્રભાતનો સમય એટલે આછી ધૂંધળાશ વર્તે. ખુલ્લા પટમાં ધસમસતું વારિ વહી જાય છે. એનો નાદ રમ્ય છે. પટના ચોથા ભાગમાંથી વહેતા વારિએ ઠંડી હવાને મોકલી. એ હવામાં શરીર ઝબકોળ્યું. પગથિયા ઉતરી મૈયાને નમન કર્યા. અંજલિ આપી. હાથ જોડી આંખો બંધ કરી ઊભો.

સૂરજ હજુ દૂર હતો. એના અસવારો કાર્યશીલ હતા. હવે સામેની પહાડી સ્પષ્ટ થઈ. દૂરથી વળાંક લઈ આ તરફ વહેતો પ્રવાહ સ્પષ્ટ થયો. નદીના પટમાં રહેલી વનસ્પતિ દેખાઈ. કાળો વેંકુર, આછી કાળી પહાડી, ઘાટ, ઘાટ પરના સ્નાનાધીશ, પ્રાર્થનાધીશ ને અસ્નાની હરતા ફરતા લોક ખુલી રહ્યા. હર કિ પૌડી જવાના લોભે ગંગા મૈયાને કહ્યું, 'ત્યાં તને મળું હો મા'.

ઘાટ પર ચાલતા આવ્યો. સૂરજદાદા હવે સ્વયં રેશમી પીળા વસ્ત્રો ધરવા માતાજી પાસે આવી પહોંચ્યા હતા. આ બાજુ અને પેલી બાજુના લોખંડી પુલ, ઘાટના મંદિરો, બહુ ઓછા માણસો અને દૂરથી મૈયા મંદિર નજીકનું ટાવર દેખાય. કાલેલકર કાકાને એ અરુચિકર લાગે છે પણ મને એવું ન લાગ્યું. માતા કંઈ મંદિરમાં નથી એની જાણ છે મને છતાંય આ એનું થાનક છે એટલે એની મહત્તા કંઈ ઓછી ન કહેવાય-એ ન્યાયે મંદિરમાં જઈ દર્શન કર્યુ.

બહાર નીકળ્યો. પૂજારી ભટકાયો ઘાટ ઉપરનો. લાગલો પ્રશ્ન પૂછ્યો, 'તમે કેવા?' મેં એને કહ્યું, 'મારે પૂજા કરવી નથી. તારે શી લેવા દેવા?' મારા સૂર અને તીવ્ર અવાજે એને ત્વરિત રવાના કરી દીધો. સેવકો મૈયાના નામે ફાળો ઉઘરાવતા ફરતા હતા. એકે ઘાટ ઉપરનો પોતાની આસપાસનો કચરો વાળી સીધો નદીમાં જવા દીધો. મારી તરફ વળી હાથ લંબાવ્યો. હું કંઈ બોલું એ પહેલા મારા મિત્ર જીનેશ શાહે કચરામાંનું પ્લાસ્ટિકનું ડબલું ઉપાડી લઈને કચરાપેટીમાં નાખ્યું. મેં પેલાને કહ્યું, 'તેં કર્યું એ ન કર. આમણે કર્યું એ કર. મૈયાની મોટી સેવા થશે.'

ઘાટને તાકતો ઊભો રહ્યો ત્યારે સાંજ વેળાની આરતી સ્મરણમાં ઊતરી. કાલેલકર, સ્વામી આનંદ, ભોળાભાઈ, ભાણદેવ, રા.વિ.પાઠકના સાંધ્ય આરતીના પ્રસંગો, વર્ણનોએ મનમાં ધૂમ મચાવી. એકલો આવ્યો હતો આ ઘાટ પર ત્યારે કંઈ ખબર નહોતી. મિત્રો સાથે આવેલો ત્યારે દિવસનો અલગ સમય હતો. નિમ્મી સાથે આવેલો ત્યારે ઋષિકેશમાં સાંજ વિતાવી હતી. અને આજે ફરીથી ચોથી વખતે આ ઘાટ પર પગ રાખ્યા છે ત્યારેય દશા જુદી છે. જિંદગી એમ કંઈ બધી તમન્નાઓ થોડી પૂરી કરી દે? કદાચ મૈયા ઈચ્છતી હશે કંઈ જુદું. કાળની ગતિ ન્યારી. ફરીથી અહીંથી તમન્ના લઈને જાઉં છું. આવીશ સાંધ્ય આરતી કરવા.

રસ્તામાં ખોડાયા મિત્ર પ્રવીણ સરવૈયા. જૂના સિક્કાઓનો ખજાનો જોઈ ગયા. મને ધંધે લગાડ્યો. કહે, 'જૂના ચલણના મળે એટલા સિક્કા ગોતવા માંડો.' હું શોધી કાઢું એના કરતા હાથમાં આવેલા સિક્કાને જોયા કરું. એ જોઈને જીનેશ શાહ કહે, 'આમ કરશો તો સાંજ ઢળશે.' પણ જોઈતા, ઈચ્છિત સિક્કાઓ ત્રણ, ચાર, પાંચ ગણા ભાવે ખરીદીનેય પ્રવીણભાઈ રાજી રાજી.

હરદ્વારમાં માતાની પ્રૌઢાવસ્થા છે, ટિહરીથી ઉત્તરકાશી લગી એમની યુવાવસ્થા છે ને પછીથી ગંગોત્રી સુધી બાલ્યાવસ્થા. ગૌમુખ જાઓ કે એમનું શિશુસ્વરૂપ મળે. મા મા હોય છે એટલે હર અવસ્થા હર સ્વરૂપ હર સમયે નિરાળું લાગવાનું. એટલે ઋષિકેશથી અમે પહાડો ચડવા લાગ્યા. વળાંકો શરૂ થયા. સાફ સુથરો તડકો પહાડીને, વનરાજીને ચોખ્ખી ખોલી આપતો હતો પરંતુ ચારધામ માર્ગ યોજનાને કારણે પહાડોને કાપવાનું કામ આરંભાયું હતું અને એથી ધૂળ ઊડી રહી હતી. બસની બારીએ ચોંટીને દશ્ય ધૂંધળું કરવાનું કામ એ કરતી.આમ છતાંય સૃષ્ટિ સ્પષ્ટ ખુલતી. પહાડો ઉપર પહાડો, ખીણ પછી ખીણ. શરૂઆતમાં પોચી માટીના ખડકો ને પછી કડક. જાણે બાળશરીરનું યુવાશરીરમાં રૂપાંતર ! ડાબા હાથની પહાડી પર અમારો રસ્તો હડી કાઢીને આગળ જોઈને ઊભેલો દેખાતો. અમે ત્યાં પહોંચીએ તો એ બીજા વળાંકે જઈને ઊભો. એના ભાઈબંધ પાછળ રહી ગયેલા હોય તે બસ વળાંક વળે ત્યારે દેખાય. દૂર દૂર સુધી લંબાતી પહાડી અને વનરાજીની દ્રશ્યાવલી એકધારી ફરતી રહે છે. ખીણમાં અને પહાડી પરનાં નાનાં-મોટાં ગામડાઓ, તેના મકાનો, કોઈ કોઈ મંદિર, કોઈ પુલ, એમ દશ્ય ઉઘડ્યા કરે. પહાડીઓના

આંટીઘૂંટીવાળા રસ્તાઓને સંગત કરતા ચીડનાં વૃક્ષો માથું ઊંચું કરીને બધો ખેલ જોયા કરે.

અમે ભોજન માટે વિરામ લીધો. બસ બરાબર ટિહરી લેઈક રિસોર્ટ પર આવી ઊભી. માનવસર્જિત આ વિશાળ ડેમ પૂરા ૧૭૦૦ મીટરની ઊંચાઈએ. ઉત્તરકાશીથી પણ ૫૫૦ મીટર ઊંચે. ભોજન કો માર ગોલી. બાદ મેં ભી હો સકતા હૈ-એવું એવું હું મનમાં બોલ્યો. મૂડનું બુસ્ટ અપ થયું એટલે હિન્દી આવ્યું.પણ ગુજરાતીમાંય મનને સમજાવી દીધું. ક્યારેક ક્યારેક ભૂખ્યા રહીને પણ ભજન કરાય હો. મન આપણું હોય, આપણે એને જાણીએ એટલે તુરંત વસ.

હું ચડી ગયો અગાશી ઉપર. એકબાજુથી આવે છે ભાગીરથી ને બીજી તરફથી આવે છે ભીલંગ્ના. બંનેના સંગમ ઉપર છે આ લેઈક. નજર જાય ત્યાં લગી વિશાળફલકમાં વારિ નીલુ નીલુ. માથેનું નીલુ આકાશ થોડી થોડી વાદળીઓ ભર્યુ. બાજુની પહાડીઓને લઈને એ તળાવમાં ઊતર્યુ છે. એટલે એ ત્યાં પણ દેખાય છે. સ્થિર, શાંત, પાણી માથેથી આવતી ઠંડક.ચોતરફની વનરાજીથી આખુંય સરોવર એનું બધું સૌંદર્ય ઊઘાડી આપે છે. કંઈક બાકી રહેતું હશે તે રિસોર્ટ પાસે સાવ એકલું, એક માત્ર આછી આછી કૂંપળોવાળું એક વૃક્ષ પોતાને જ પાણીમાં જોતું ઊભું છે. મને એમ લાગે છે કે કોઈ ઋષિ એક પગ પર ઊભા રહીને તપસ્યા કરી રહ્યા છે !

જમીને કાંઠે ઊભો. એક માણસે તમાકુ ચોળી અને વધેલા ચૂનાની પડીકી પાણીમાં ફેંકી. મારી બસનો ડ્રાઈવર બાજુમાં ઊભો હતો. એણે તરત જ એ પકડી લીધી, ને બહાર ફેંકી. હું આ જોતો હતો. મને કહે, મૈયાને આ સારું લાગે? આ ખાવાથી માછલી મરી જાય છે. ખરો ગંગા મૈયા પુત્ર માની કેટલી ઝીણી ઝીણી કાળજી રાખે છે !

હવે પૂનઃ પહાડી માર્ગે. દૃશ્યો એક પછી એક બદલાય ને ચિત્તમાં ધરબાય. જુઓ આ રહ્યા કેટલાંક :

૧. ટિહરી બંધ પાછળ રહી ગયેલો જોઈ શકાય. તળાવ પણ સંતાય જાય ને વળી હાઉકલી કરવા આવી જાય. તળાવ મધ્યે એક લાઈનમાં થોડી ટુરિસ્ટ હટ્સ છે. કોઈ સ્પીડ બોટ એ તરફ આવી રહી છે. હલેસાવાળી બીજી બોટ ત્યાંથી દૂર જઈ રહી છે. એમની નજીક તળાવ ઉપર રોપ વે. બે નાના કોચ લટકે ત્યાં. દૂર દૂર ફેલાયેલું નીલવર્ણી પાણી. તળાવની ઊંડાઈ ને પહાડોની ઊંચાઈ મનને સ્વૈરવિહાર કરાવે.

૨. મલ્લા ઉપ્પુ ગામ. ભાગીરથી પહોળા પાટલે બેસે. ધ્યાનસ્થશિખરો તળાવમાંથી બહાર આવતાં નથી. વળાંક, લાંબો વળાંક, તીવ્ર વળાંક, ઉપર જતો વળાંક, નીચે ઉતરતો વળાંક. આગળના વળાંકેથી બસ અદૃશ્ય થતી ભળાય. ક્યાં ગુમ થતી હશે? અમારી પાછળની બસના કોઈ મુસાફરને અમારી બસ વળાંક લઈ બીજી તરફ સરકી જતી હશે ત્યારે આમ જ થતું હશે ને ? કોઈ ક્યાં ગુમ થાય છે ! અહીંથી ત્યાં ને ત્યાંથી અહીં. હરેક વખતે રસ્તાનું સ્વરૂપ નીતનવું. હલ્દવાડી, કમાન્ડ ગામેય આવી જ માયા.

૩. મૈયાથી અમે દૂર જઈએ જ નહીં. રસ્તો ઉપર જાય નીચે જાય. કયારેક ઊંડા ઉતરીએ. એમ લાગે કૂદકો મારીએ તો પાણીમાં ડૂબકી લાગે. સાંકડી ખીણ ને સાંકડો રસ્તો. ઊંચો પહાડ, નીચો પહાડ, આકરા ઢોળાવ, સહજ ઢોળાવ. કોઈ વખતે પહાડ સૂવા લંબાતો હોય તેવો દેખાય તો મૈયા એને સૂવડાવવા શાંત બની પવન રેલાવે.

૪. આ વૃક્ષો ચીડ, ચીડ ને ચીડ. દેવદારનું ઉમેરણ. બૂરાંશ પણ ખરા. ગઢવાલી વૃક્ષો ભાગીરથીને આચ્છાદિત કરે. આ વૃક્ષો એકલાં-બેકલાં કે હારમાં કે વિથીકારૂપે. નદીકાંઠે, રસ્તા કાંઠે, સામે કાંઠે ને શિખરો ઉપર. પોતાનું શાસન સ્થાપી બેઠા છે એ બધાં.

૫. ખીણનાં ગામડા નજીક આવે દૂર જાય. ઊંચી પહાડીઓ ઉપર અને હળવી થયેલી પહાડીઓ ઉપર. પહોળા થયેલા ભાગમાં ને ઊંડી ખીણ જેવા ભાગમાં. સફેદ, રંગીનમકાનો, મંદિરો, પુલ અને નદી, કોઈ નાનું ઝરણું એમાં આવી મળે. નર્યું જીવંત ચિત્ર ઉપસાવે આ ગામડા.

૬. અમે ઊંચા શિખર પર. અમારી આગળનો વિશાળ પહાડ બીજી તરફ હળવી ઢોળાઈમાં ઉતરે છે. નદી કાંઠેનો બીજો પહાડ પણ એમ જ. એ બંનેના નીચા ગયેલા ભૂભાગો છે ત્યાં ત્રીજી પહાડી દેખાય. આ સર્વ વચ્ચે ભાગીરથીનું શાંત નીર. બંને બાજુ ગામડાઓ દેખાય. મને એવું લાગ્યું કે નૈનીતાલના ચાઈનાપીક વ્યૂથી નૈનીલેઈકને વ્યૂ કરી રહ્યો છું.

ચિન્યાલીસૌડ ગામે ચા માટે રોકાયા. રસ્તાની ધારે બે ત્રણ દુકાન. એની પાછળ બે ત્રણ ઘર. જરાક આગળ બે ત્રણ ઘર. થોડેક પાછળ બે ત્રણ ઘર. લ્યો આ નાનકડું ગામ. ઉતરતાવેંત અમે કેટલાકે દોટ મૂકી. રસ્તાની બરાબર વચમાં જઈ હું ઊભો. આગળ પાછળ ઊંચે નીચે ડોક

થઈ. પ્રવીણભાઈએ ચીડ શોધી લીધું. વહાલ કર્યું અને બોલીવુડના મોડેલની માફક પેલા ચીડની બાજુમાં મારી પાસે ફોટા પડાવ્યા. જીનેશ શાહ ઢાળ ઉતર્યા ને ટેરેસ ફાર્મને કેમેરામાં ભરવા લાગ્યા.

મેં એક મકાન શોધી લીધું. મકાન પહાડીની ઊંડાઈમાં, એટલે પહેલા અગાશી આવે સીધી. પગથિયા ઉતરી ફળિયામાં ગયો. સુઘડ ઘર. સુઘડ ગલગોટાની ફૂલ ક્યારીઓ. સુઘડ આંગણ. થાંભલીઓના ટેકે વાલોળના વેલા ઝૂલે. ભરપૂર લીલા વેલા વચ્ચે નાના નાના લવંડર રંગના ફૂલ. કૂણી કૂણી વાલોળના ગુચ્છાઓ. એક સ્ત્રી ઘરમાંથી બહાર આવી મને જોઈ રહી. મારા મનોભાવ જોઈ, મલકીને પોતાના કામમાં વળગી ગઈ. હું વધુ નીચે ઉતર્યો પ્લોટ જેવા નાનકડા ખેતરમાં. ખાલી હતું પણ મારે માટે સૌંદર્યરસ ભર્યું. નીચેની તરફ ભાગીરથી સ્થિર શાંત એને જોતા એના સ્થિર અને શાંત ભાવ મારામાં પણ આવ્યા.

ચહલપહલના નાદથી રસ્તા ઉપર આવ્યો. ચાની પ્યાલી લઈ ચૂસકી ભરતો બેઠો, અને થોડીવારમાં બસ ચાલવા લાગી. હવે ઉત્તરકાશી ઝાઝું દૂર નથી. ભાગીરથીનું વહેણ હવે સામાન્ય બની ગયું છે. પાતળો પ્રવાહ ચાલ્યો જાય છે. પહાડોની ઊંચાઈ વધી પણ ખીણની ઊંડાઈ ઘટી. શહેરની નજીક હોવાના અહેસાસ કરાવતાં ગામડાં આવવા લાગ્યાં હતાં અને હવે સાંજ ઢળવામાં હતી. વાગ્યા હતા હજુ પાંચ. થોડીવારમાં પડદો પડી ગયો અંધારાનો. બહાર જોવાનું ઘટ્યું ને અંતરમાં જોવાનું વધ્યું. એ માટે શાંતિ હતી સિવાય કે બસની ઘરઘરાટી. પણ એ વિક્ષેપકારી ન લાગી મને. પહાડી પરનાં ઘર લાઈટથી ટમટમવા લાગેલાં ત્યાં નજર ગયા કરતી. ખાસ્સી ઊંચાઈએ ટમટમીયા જોઈને જીનેશભાઈ કહે, 'કમાલ છે આ માણસો. ક્યાંના ક્યાં જઈ વસ્યા!' મેં કહ્યું, 'માણસનો પ્રકૃતિ સાથેનો આ સંઘર્ષ નથી. પણ સંવાદ છે.'

રાત્રે હોટલમાં ગોઠવાયો ત્યારે બાજુમાંથી નિનાદ સંભળાવા લાગ્યો. બાલ્કનીમાંથી સફેદ તટ અંધકારમાં પણ કળાતો હતો. પ્રવાહ નજરે નહોતો આવતો. શિખરોની માથે ચાંદ હતો પણ એનું અજવાળું પૂરતું નહોતું. નીચેના અને અવકાશી ટમટમીયા સ્થિર હતા. ઠંડી હવાના ઝોંકા આવવા લાગ્યા. મારી ત્વચાની આરપાર થવા લાગ્યા.

આંખ ઘેરાવા લાગી. ભાગીરથીમાએ આખો દિવસ લાડ કરાવ્યા હતા. હવે એનું ગાન મને કહેતું હતું, 'બચ્ચા, સૂઈ જા. સવારે મળીશું.' અને હું પથારીમાં પડ્યો ત્યારે માના ખોળામાં માથું મૂકીને સૂતો હોઉં તેવું લાગ્યું. પછી શાંતિ થવા લાગી, શાંતિ, હળવાશ, શાંતિ અને હળવાશ. ક્યારે આંખો બીડાઈ ગઈ તે ખબર ન રહી.

''અમે'', ૩/A, ૧૯૨૯, નંદાલય હવેલી પાસે, સરદાર નગર, ભાવનગર-૩૬૪૦૦૨, મોબાઇલ: ૯૪૨૬૨૨૩૫૨૨
ઇમેઇલ : harishmahuvakar@gmail.com.

॥ વિદ્યાવૃત્ત ॥

## એરીબાસ બાયોટેક્નોલોજી કોલેજમાં મતદાતા જાગૃતિ અભિયાન યોજાયું.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત, ન્યુ વિદ્યાનગરની એરીબાસ કોલેજમાં જ્ઞાન ફોરમ અને એન.એસ.એસ. પ્રવૃતિ અંતર્ગત મતદાર યાદીમાં પ્રથમ વખત મતદાર તરીકે નામ દાખલ કરવા માટેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ખાસ આણંદ કલેક્ટર ઓફિસનાં શ્રી એમ.એસ.ગઢવી (ડેપ્યુટી ડિસ્ટ્રીક ઇલેક્શન ઓફિસર) શ્રી આર. બી. પરમાર (મામલતદારશ્રી, આણંદ ગ્રામ્ય) ઉપસ્થિત રહ્યાં હતાં, સંસ્થાના ઇન-ચાર્જ હેડ ડૉ. ભક્તિ બાજપાઈએ મહેમાનોનું સ્વાગત પુષ્પ ગુચ્છ આપી આવકાર પ્રવચન કરી લોકશાહીમાં મતદાન અને મતદાનનું શું મહત્ત્વ છે તે અંગેની માહિતી આપી હતી. શ્રી એમ.એસ.ગઢવી સાહેબે નેશનલ વોટર સર્વિસ પોર્ટલ અંગેની જાણકારી તેમજ વિદ્યાર્થીઓને ભારત દેશમાં મત આપવા માટે મતદાર યાદીમાં આપનું નામ નોંધાયેલ હોવું એ ફરજિયાત છે તે અંગેની માહિતી આપી હતી. શ્રી આર. બી. પરમાર (મામલતદારશ્રી, આણંદ ગ્રામ્ય), સાહેબે જણાવ્યું હતું કે ભારત એક સમાજવાદી, લોકશાહી પ્રજાસત્તાક અને વિશ્વનું સૌથી મોટું લોકશાહી છે. મતદાર યાદીમાં પ્રથમ વખત મતદાર તરીકે નામ દાખલ કરવા અરજદારની ઉંમર ૧૮ વર્ષની હોવી જોઈએ અને તે અંગેના કયાં કયાં ડોકયુમેંટ સામેલ કરવા તે અંગેની માહિતી આપી હતી અને મતદાર તરીકે નામ દાખલ કરવા અંગેના ફોર્મ-નંબર ૬ (છ)નું વિતરણ કરેલ. અને ફોર્મમાં સમાવિષ્ટ વિગતોની વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન એરીબાસનાં ઈન-ચાર્જ હેડ ડૉ. ભક્તિ બાજપાઈનાં માર્ગદર્શન પ્રમાણે એન.એસ.એસ.ના કૉર્ડીનેટર ડૉ. કિન્નરી મિસ્ત્રી અને તેમની ટીમનાં સભ્યો ડૉ. કલ્પેશ ઈષણાવા, ડૉ. દિગ્વિજયસિંહ રાણા, ડૉ. રજનીકાંત પટેલ, કવિતાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ન્યુ વિદ્યાનગરની સમગ્ર કૉલેજના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફમિત્રો હાજર રહ્યાં હતાં.

।। આ માસનું ચિંતન ।।

## ચિંતન-૧

ગૌરીશ પોરીઆ

જે સમજે છે તેને જ સહન કરવાનું આવે છે. જ્યારે નાસમજ તો બિન્દાસ ફરે છે. જાણે છે તેને જ ઉપાધિ રહે છે અને એ ઉપાધિ એને શાંતિથી, ચેનથી, રાહતથી જીવવા નથી દેતી. આમ જોઈએ તો સમજ સમજમાં ફેર હોય છે. કોઈને અનેક વખત સમજાવવા છતાં સમજતા નથી જ્યારે કોઈ કોઈ આંખના ઈશારામાં સમજી જાય છે. સૌ કોઈને સમજ-શક્તિની મર્યાદા હોય છે. રીત, રિવાજ, સંબંધો, લાગણી વગેરે-વગેરેને મર્યાદામાં અભિવ્યક્ત કોઈ જાણકાર, કોઈ સમજદાર જ કરી શકે છે. જ્યારે એના વિષે કોઈ જાણકારી નથી. કશી સમજદારી નથી એ લોકો તો બિન્દાસ થઈને ફરે છે. જાણે એમ જ સમજતા હોય કે દુનિયા જાય ભાડમાં આપણે શું? જે થાતું હોય તે થાવા દ્યો.

સમાજમાં નીચી નજર કરી ચાલવું પડે એવું કોઈ કાર્ય કરવાથી દૂર રહેવું જોઈએ એવું સમજનારા-જાણનારા ખૂબ જ સાવચેતી રાખે છે જ્યારે જે સમજતા નથી જાણતા નથી તેઓ બેશરમ થઈને ફરે છે. કોઈપણ જાતનો ડર રાખ્યા વિના મોજમજાથી આનંદ પ્રમોદ કરતા જોવા મળે છે. જ્યારે બરાબરની ઠોકર વાગે છે, આર્થિક, શારીરિક યા કૌટુંબિક જોરદાર ફટકો પડે છે ત્યારે જ એમની શાન ઠેકાણે આવે છે. નાના બાળકોમાં સમજશક્તિ હજુ વિકસિત થઈ ન હોય ત્યારે આપણે એને ટોકવા પડે છે, ઠપકો આપવો પડે છે, ગંભીર પરિણામ વિશે સાવચેત કરવા પડે છે, સમજાવવા પડે છે એ વડીલોની ફરજ થઈ જાય છે. ગોઠણ છોલાયા વિના કોઈને સાઈકલ આવડી નથી. જેમ જેમ સમજશક્તિ વધે છે, અનુભવ બહોળો થાય છે તેમ તેમ એ કાર્યમાં કૌશલ્ય પ્રાપ્ત કરે છે અને અવનવા કરતબ પણ શીખે છે.

હું જાણું છું કે ધૂમ્રપાન કરનારાના મોઢામાંથી નીકળતો ધુમાડો મારા શ્વાસમાં જાય તો મને હાનિ પહોંચી શકે છે એટલે હું એનાથી દૂર રહેવા ભરપૂર પ્રયત્ન કરવાનો જ. પરંતુ જેને એ બાબતની જાણ નથી અથવા જાણ હોવા છતાં એવી પરિસ્થિતિથી દૂર થતો નથી અને શ્વાસમાં તમાકુનો ધુમાડો લીધે રાખે છે તેના સ્વાસ્થ્યને ચોક્કસ હાનિ પહોંચે છે. કોઈ કોઈ તો એનો આનંદ પણ માણે છે. આમ જ જાણવા ન જાણવા વચ્ચેનું અંતર ઘણી વખત સાવચેતી રાખવા તરફ સજાગ બનાવી પોતાની જાતને બચાવી શકે છે. ઓચિંતાના હાર્ટએટેકથી ઘણા મૃત્યુ પામે છે. તેઓએ નાની નાની તકલીફો પ્રત્યે દુર્લક્ષ્ય રાખ્યું હોય છે. ''એવું તો ચાલ્યા કરે એમાં ચિંતા કરવાનું ન હોય''ની વૃત્તિ અપનાવતા હોય છે. સમજવું ખૂબ જરૂરી છે અને સમજયા પછી એના વિષેની તકેદારી રાખવી એ પણ ખૂબ જરૂરી છે નહીંતર એના ગંભીર પરિણામો ભોગવવા તૈયાર રહેજો. જે તમને અને તમારા કુટુંબ માટે આઘાતજનક નિવડી શકે છે.

''નીલકંઠ'', અભિક વિહાર સોસાયટી, ભારતીય વિદ્યાલય
પાસે, છાયા રોડ, પોરબંદર-૩૬૦૫૭૫,
મો. ૯૮૯૮૪૪૦૬૯.

।। વિદ્યાવૃત્ત ।।

### ગો.જો. શારદામંદિરમાં 'દીકરીને મોટી કેમ કરશો'? અંતર્ગત વાલી સંમેલન યોજાયું.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો. શારદામંદિરમાં રોટરી કલબ આણંદ રાઉન્ડ ટાઉન તથા શાળાના સંયુક્ત ઉપક્રમે 'દીકરીને મોટી કેમ કરશો'? વિષય અંતર્ગત વાલી સંમેલ યોજાઈ ગયું જેમાં મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં શાળાના આચાર્યા દ્વારા મહેમાનોનું સ્વાગત પુસ્તક તેમજ ધૂમસળી દ્વારા કરવામાં આવ્યું. શ્રીમતી રીટાબેન પટેલે પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં વાલીઓને જણાવ્યું કે દીકરીને સસલાની જેમ નહિ પરંતુ સિંહણની માફક ઉછેરવી જોઈએ. અને તે માટે પહેલા દીકરીની માતાને સિંહણ બનવું જરુરી છે.

સમારંભના અધ્યક્ષસ્થાનેથી ચારુતર વિદ્યામંડળના મંત્રી ડૉ. એસ.જી.પટેલ સાહેબે જણાવ્યું કે આ શાળા દીકરીઓને શમી સદીની જરૂરિયાત મુજબ શિક્ષણ આપવાનું મહત્ત્વનું કામ કરી રહી છે.

સમારંભના મુખ્ય વક્તા અને દિવ્યભાસ્કરના કટાર લેખિકા મનોવૈજ્ઞાનિક મેઘાબેન જોષી સે પોતાની આક્રમક અને રસપ્રદ શૈલીમાં દીકરીઓને સુખી કરવા માટેના પાંચ 'સ' (સલામતી, સંસ્કાર, સ્વતંત્રતા, સફળતા, સ્વાસ્થાય)ની વિસ્તૃત છણાવટ કરી અને જણાવ્યું કે સફળ થવા માટે દીકરીઓને ફક્ત ટકા જ નહિ પરંતુ હિંમતની પણ જરૂરિયાત છે તેમજ વાલીઓએ પોતાની દીકરીમાં વિશ્વાસ પણ મૂક્વો એટલું જરુરી છે.

# આરોગ્ય માટે નુકસાનકારક-આધુનિક આહાર દ્રવ્યો : ભાગ-૩

સાગર એમ. ભીંડે

આધુનિક આહાર દ્રવ્યો ભાગ-૧માં આઈસ્ક્રીમ અને ભાગ-૨માં માર્જેરીન વિશે તથ્યો આધારીત માહિતી મેળવ્યા પછી. ભાગ-૩માં 'મેંદા' વિશે વાત કરીશું. મેંદાને હિન્દીમાં મેદા અને અંગ્રેજીમાં વ્હાઈટ ફ્લોર અથવા બ્લીચ્ડ ફ્લોર કહેવાય છે.

મેંદાનો ઉપયોગ આધુનિક આહાર પદ્ધતિમાં એવી રીતે વધી રહ્યો છે કે જાણે વાતાવરણમાં આજકાલ વધી રહેલ કાર્બન ડાયોકસાઈડ, કે જેને ઓછું કરવું હવે ખૂબ જ મુશ્કેલ થઈ રહ્યું છે.

તો આ લેખ વાંચ્યા પછી બધા નહીં પણ, થોડા ઘણા વાચકો પણ મેંદાનો ઉપયોગ બંધ/ઓછો કરે તો પણ આ લેખને હું સાર્થક ગણીશ. સૌ પ્રથમ હું એ જણાવી દઉં કે આ મેંદો પણ ઘઉંમાંથી જ બને છે. તો આ મેંદાનો આવિષ્કાર શું કામ અને કેવી રીતે થયો?

કેટલાંક વર્ષો પહેલાં લોટ બનાવતી અને વેચતી મોટી મોટી મીલમાં બ્લીચીંગ (વિરંજન) કર્યા વગરનો લોટ જ બનતો. જે આછા પીળાશ પડતા રંગનો અને ત્રણેક મહિનાની આવરદા વાળો હોય છે. વળી આ સમયગાળા દરમ્યાન તેમાં ધીમે ધીમે પ્રોટીન્સ અને ગ્લુટીન બનતા, તે બેક (બ્રેડ વગેરે બનાવવા) કરવા માટે વધુ સરળ બને છે. અને આ ''પ્રાકૃતિક પ્રક્રિયા'' દ્વારા લોટનું બ્લીચીંગ થઈને વધુ સફેદ રંગ પણ પકડે છે. પરંતુ આ પ્રક્રિયામાં સમય લાગે છે.

પરંતુ માણસ જાત હંમેશા ઉતાવળી જ રહી છે. ૨૦મી સદીની શરૂઆતમાં કેટલાંક વૈજ્ઞાનિકોએ ઘઉંમાંથી વિશેષ પ્રક્રિયા દ્વારા લોટ બનાવ્યો જે પહેલાં જરૂર પડતા કેટલાંક મહિનાઓની જગ્યાએ ૪૮ કલાકમાં જ બેક કરવા માટે તૈયાર હોય છે. અને આ લોટ એજ આપણો 'મેંદો'.

એ પણ જાણવું મહત્ત્વનું છે કે-જ્યારે આવો બ્લીચ્ડલોટ માર્કેટમાં આવ્યો ત્યારે તેનો મોટા પ્રમાણમાં વિરોધ થયેલો હતો. USAમાં રહેતા ડૉ. વીલેય તેમાંના એક હતા. તે માનતા હતા કે આવો આહાર કોઈ પણ દવાની આડ અસર કરતા પણ વધુ નુકસાનકારક છે. તેમણે તો USAની સુપ્રીમ કોર્ટમાં અપીલ પણ કરી જેનો ચુકાદો પણ ડૉ. વીલેયની તરફેણમાં આવ્યો. પરંતુ એ જ અરસામાં FDA (ફૂડ એન્ડ ડ્રગ એડમીનીસ્ટ્રેશન)નું ગઠન થયું અને તેનું બધું ધ્યાન દેવાઓ પર કેન્દ્રિત થવાથી, મેંદાને થોડા ઘણા ફરફાર સાથે યથાવત્ ચાલુ રાખ્યો.

## આ મેંદાથી શું તકલીફ થાય છે?

મેંદો બનાવવાની આ બ્લીચીંગ પ્રક્રિયા દરમ્યાન, બાય પ્રોડક્ટ તરીકે એલોક્ષન (Alloxan) નામનું રસાયણ ઉત્પન્ન થાય છે. અને મેંદાની વાનગીઓ ખાવાથી તે આપણા પેટમાં જાય છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે આ રસાયણનો ઉપયોગ એનીમલ સ્ટડી દરમ્યાન, પ્રાણીમાં ડાયાબીટીસ ઉત્પન્ન કરવા માટે વર્ષોથી થાય છે. મતલબ કે આ રસાયણ આપવાથી પ્રાણીઓમાં ડાયબીટીસ થાય છે. તો હવે, તમે લોકો સમજી શકશો કે આજકાલ ઘરે ઘરે જોવા મળતું ડાયાબીટીસ ક્યાંથી ઘર કરી ગયું છે?

વળી આ બ્લીચીંગ પ્રક્રિયા દરમ્યાન ઘઉંના મોટા ભાગના પોષક-તત્ત્વો નાશ પામે છે. જેમકે-લગભગ અડધો અડધ, ફાયદા કારક અનસેચ્યુરેટેડ ફેટી એસીડ, લગભગ બધુંજ વિટામીન E, ૫૦% કેલ્સિયમ, ૭૦% ફોસ્ફરસ, ૯૮% મેગ્નેશીયમ, ૫૦ થી ૮૦% વિટામીન B બ્લીચીંગના કારણે નાશ પામે છે.

આ બ્લીચીંગ પ્રક્રિયામાં મુખ્યત્વે ક્લોરાઈડ ડાયોક્સાઈડ, નાઈટ્રોજન ડાયોક્સાઈડ, ક્લોરીન, કેલ્શિયમ પેરોક્ષાઈડ, એઝોડાઈકાર્બોનેમાઈડ અને બેન્ઝોઈલ પેરોક્ષાઈડ જેવાં રસાયણોનો ઉપયોગ કરવામાં આવે છે.

ઘઉંના સાદા લોટ કરતા મેંદો થોડો સસ્તો શાં કારણે?

મેંદો સામાન્ય તાપમાને સેલ્ફ સ્ટેબલ ( બગડે નહીં તેવું) હોય છે. જ્યારે કે ઘઉંના લોટમાં હજુ પણ Germ હોય છે જેમાં oil(તેલ) હોય છે. જો થોડા મહિનાઓમાં ખોરુ થઈ જવાથી બગડી જાય છે. જેથી ઘઉંના લોટના વેચાણ દરમ્યાન વધું સારસંભાળ (રેફ્રીજરેટર) ની જરૂર પડે છે. જે તેનો ભાવ વધારી દે છે. અને મેંદાને કોઈપણ પ્રકારની સારસંભાળની જરૂર ન હોવાથી તે પ્રમાણમાં સસ્તા હોય છે.

આપણે મેંદાનો ઉપયોગ ક્યાં ક્યાં કરીએ છીએ ?

ખરેખર તો આપણે ક્યાં નથી કરતા તેનો જવાબ સરળ થઈ જાત, પરંતુ તેમ છતાં મેંદો લગભગ આહારની દરેક મુખ્ય વસ્તુઓમાં પ્રવેશી ગયો છે. જેમકે બટર રોટી, નાન, બ્રેડ, બિસ્કિટ, સેંડવીચ, પીઝા, કેક, પેસ્ટ્રી, ખારી, પફ વગેરે વગેરે.

તો અંતે એટલું જ કહીશ કે થોડું સસ્તું અને સરળતાથી મળતું હોવાથી સ્વાસ્થ્યના ભોગે આવો આહાર ન કરવો અને જો ડાયાબીટીસથી બચવું હોય તો સજાગ બનવું પડશે. જાણ્યે તો નહીં જ પણ અજાણ્યે પણ મેંદાનો વધુ પ્રમાણમાં ઉપયોગ ન થાય તેવી બનતી કોશિશ કરવી પડશે.

બાળરોગ વિભાગ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
Phoe: 96625 1208, Email: Sgrbhinde@gmail.com

# ગુજરાતમાં વ્યાયામ પ્રવૃત્તિના પ્રણેતાઃ શ્રી છોટુભાઈ પુરાણી

પી.ડી.શર્મા



પ્રાચીનકાળથી રમતગમતની પ્રવૃત્તિ આનંદ અને મનોરંજનનું એક સબળ પરિબળ ગણાય છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં રમતગમતની ભૂમિકા અગત્યની છે. ૧૯૮૬માં રાષ્ટ્રકક્ષાએ ઘડાયેલ 'શિક્ષણ નીતિ'માં પણ રમતગમતની અગત્ય સમજીને તેના વિકાસ માટે શાળા ઉપરાંત સમાજની પણ મદદ લઈ શકાય છે. વ્યાયામથી માત્ર શારીરિક વિકાસ જ નહિ, પણ માનસિક વિકાસ સધાય છે તથા ચારિત્ર્ય પણ ઘડાય છે. યુવાનો પર ભાવિ પ્રજાનો આધાર છે.

સમાજમાં શારીરિક અને રમતગમત સાથે સંકળાયેલ વ્યાયામની પ્રવૃત્તિઓ પ્રચલિત કરવામાં વ્યાયામ વિભૂતિઓનો મુખ્ય ફાળો હોય છે. એમ તો ગુજરાતમાં શારીરિક શિક્ષણ અને રમતગમતને પ્રોત્સાહન આપવા માટે ઘણી વિભૂતિઓ થઈ છે, પરંતુ તેમાં શ્રી છોટુભાઈ પુરાણી સાચા અર્થમાં વ્યાયામ પ્રેરણામૂર્તિ તથા પ્રવર્તક હતા.

### વ્યાયામના આજીવન ભેખધારી

શ્રી છોટુભાઈ પુરાણી મહાન વ્યાયામ પ્રેરણામૂર્તિ હતા. વ્યાયામ દ્વારા સમાજનું ઘડતર ઉત્તમ રીતે થાય છે, એ એમની દૃઢ માન્યતા હતી. વ્યાયામના આજીવન ભેખધારી શ્રી છોટુભાઈ પુરાણીએ છેલ્લા શ્વાસ સુધી વ્યાયામ દ્વારા સમાજનું સાચું ઘડતર કર્યું હતું. નીડરતાને વરેલા શ્રી છોટુભાઈના વાણી, વર્તન અને વિચાર એક જ હતા. પોતે જે બાબતને માનતા તે નિર્ભયતાથી રજૂ કરતાં. અભય અને બીજા સદ્‌ગુણોને લીધે મહર્ષિ અરવિંદ અને ગાંધીજી એમના પર પૂરો વિશ્વાસ મૂકતાં હતાં. એટલે જ આઝાદી માટે જ્યારે નવલોહિયા બલિદાન આપે તેવા યુવાનોની જરૂર હતી ત્યારે મહર્ષિ અરવિંદ સમક્ષ તેઓએ પ્રતિજ્ઞા લીધી હતી કે ''આઝાદીને માટે મરી ફીટે એવા પાંચ યુવાનો હું ગુજરાતમાંથી પેદા કરીશ.'' આ રીતે છોટુભાઈ પુરાણી સાચા રાષ્ટ્રપ્રેમી હતા.

### શરીર સેવા માટે

શ્રી છોટુભાઈ પુરાણી સાચા અર્થમાં ગુજરાતની વ્યાયામ પ્રવૃત્તિના પ્રણેતા હતા. તેઓએ ગુજરાતમાં ઠેર ઠેર અખાડાઓ સ્થાપી તનની અને બળની ઉપાસના કરી હતી. તેઓ ચુસ્તપણે માનતા હતા કે 'શરીર સેવા માટે' છે. અને તન તથા મનના વિકાસ દ્વારા જ માનવ પોતાની, સમાજની, રાષ્ટ્રની તથા વિશ્વની સાચી સેવા કરી શકે છે. જીવનના કોઈ પણ ક્ષેત્રે વિકાસ કરવા માટે બળ અને બુદ્ધિ બન્નેની જરૂર પડે છે. એટલે જ તેઓ હજારો વર્ષ જૂની ગ્રીક કહેવત 'A Sound Mind in a sound body'માં સંપૂર્ણ વિશ્વાસ રાખતા હતા. એટલું જ નહિ પણ તેને અમલમાં પણ મૂકતા હતા. દા.ત. તેઓ બળની પ્રવૃત્તિઓમાં આસન, દંડ-બેઠક, પગપાળા પ્રવાસો વગેરે અને બુદ્ધિના વિકાસ માટે ચર્ચા-સભાઓ, વાર્તાલાપો વગેરેનું નિયમિત આયોજન કરતા હતા. આ રીતે શ્રી છોટુભાઈ પુરાણી સાચા અર્થમાં 'આર્ષદ્રષ્ટા' હતા.

### અન્યાય સામે પ્રતિકાર

અન્યાય સામે પ્રતિકાર કરવાની વૃત્તિ શ્રી છોટુભાઈમાં સહજ હતી. તેઓ સાચા દેશપ્રેમી અને સ્વતંત્રતા સેનાની હતા. સન ૧૯૪૨ની આઝાદીની લડતમાં શ્રી છોટુભાઈ ભૂગર્ભમાં હતા. એટલે જ બ્રિટિશ સરકારે જાહેર કરેલું કે ''ધોળી દાઢી, ધોળી જટા અને કફની પહેરેલી એવી શકમંદ વ્યક્તિ જે છોટુભાઈ પુરાણીના નામે ઓળખાય છે તેની ચોક્કસ માહિતી. આપનાર કે પકડાવી આપનારને રૂપિયા પાંચ હજારનું ઈનામ મળશે.'' તેઓ પોતે તો આદર્શ સ્વાતંત્ર્ય સેનાની હતા જ પણ તેઓએ ગુજરાતમાં વ્યાયામશાળાની પ્રવૃત્તિને વેગ આપી ઘણા સ્વાતંત્ર્ય સેનાનીઓ તૈયાર કરી દેશને આપ્યા હતા. તેઓ ચુસ્તપણે માનતા હતા કે 'વ્યાયામશાળા એટલે જીવન ઘડતર શાળા તથા ચારિત્ર્ય ઘટતરમાં પણ વ્યાયામશાળા ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે.' તેમના મતે ''શરીરનો મહિમા ઘણો મોટો છે. શરીર એ મનનું હથિયાર છે. મનમાં જે કાંઈ મનોરથ હોય છે તે શરીર વડે જ પાર પાડી શકાય છે તથા વ્યાયામ દ્વારા શરીરનો અને મનનો સર્વાંગી વિકાસ થાય છે.''

### નાનાભાઈ શ્રી અંબુભાઈનો ફાળો

તેમના નાનાભાઈ શ્રી અંબુભાઈ પુરાણી પણ ગુજરાતની વ્યાયામ પ્રવૃત્તિના પાયાના પથ્થર બની, વ્યાયામની આતશ પ્રગટાવનાર હતા. શ્રી અંબુભાઈ પુરાણી વ્યાયામવીર ઉપરાંત આધ્યાત્મિક મહાપુરુષ હતા. શ્રી અંબુભાઈ એ

સન્ ૧૯૦૭ થી વ્યાયામ પ્રવૃત્તિઓની શરૂઆત કરી. તેઓએ વડોદરામાં શ્રી લક્ષ્મીનાથ વ્યાયામશાળા શરૂ કરી હતી. તેઓએ ગુજરાતમાં વડોદરા, ભરૂચ, અમદાવાદ, આણંદ, નડિયાદમાં વ્યાયામશાળાઓનું સુંદર સંચાલન કરી વ્યાયામના બીજ ગુજરાતમાં રોપી વ્યાયામ જ્યોત જલાવી. તેઓએ ગુજરાતમાં સન્ ૧૯૦૭ થી ૧૯૨૩ સુધી વ્યાયામપ્રવૃત્તિનું સફળ સંચાલન કર્યું. સન્ ૧૯૨૪માં તેઓએ 'પૂર્ણયોગ' માટે પોંડિચેરી આશ્રમમાં કાયમી વસવાટ કર્યો હતો. શ્રી અંબુભાઈ પુરાણી સાચા અર્થમાં વ્યાયામ પ્રવૃત્તિના સત્ત્વશીલ બીજ રોપનાર મહાપુરુષ હતા. એવા લોકો યુગોમાં જન્મે છે અને કાયમ માટે અમર રહે છે.

**ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ**

શ્રી છોટુભાઈ પુરાણીના સુકાની પદે સન્ ૧૯૩૬માં બંધારણીય રીતે 'ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ'ની સ્થાપના કરવામાં આવી હતી. શ્રી છોટુભાઈ પુરાણીની પ્રત્યક્ષ દોરવણી નીચે આ મંડળે ઉત્તરોત્તર વિકાસ સાધી ગુજરાતને વ્યાયામક્ષેત્રે માર્ગદર્શન અને પ્રેરણા આપે તેવા ઘણા કાર્યક્રમો હાથ ધર્યા હતા. આજે પણ આ મંડળ દ્વારા ગીષ્મ વ્યાયામ વર્ગો, પુરાણી પારિતોષિક યોજના વગેરે ચલાવવામાં આવે છે. આ ઉપરાંત આ મંડળ દ્વારા રાજપીપળા મુકામે શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલય, શ્રી છોટુભાઈ પુરાણી ડિગ્રી કૉલેજ ઑફ ફિઝિકલ એજ્યુકેશન તથા શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલ ચલાવવામાં આવે છે. હાલમાં શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલય સંસ્થા ચાલુ નથી.

**અંતિમ ઈચ્છા**

વ્યાયામ પ્રેરણામૂર્તિ શ્રી કુબેરભાઈ પટેલ, શ્રી છોટુભાઈ પુરાણીની અંતિમ ઈચ્છા વર્ણાવતા લખે છે કે ''શ્રી છોટુભાઈ પુરાણીની અંતિમ ઈચ્છા હતી કે ગુજરાતને ગામડે ગામડે નૂતન દૃષ્ટિ ધરાવતી એક એક વ્યાયામશાળા હોય, તેના સંચાલકો વિશિષ્ટ દૃષ્ટિવાળા હોય અને તેમાંથી ચારિત્ર્યશીલ, મજબૂત, રાષ્ટ્રપ્રેમી યુવાનો બહાર પડે જેઓ દેશને માટે કંઈને કંઈ કરી છૂટે.'' દરેક રમતપ્રેમીએ, સરકારે તથા સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓએ શ્રી છોટુભાઈ પુરાણીની અંતિમ ઈચ્છા પૂર્ણ કરવા માટે શક્ય એટલા પગલાં લેવા જોઈએ.

શ્રી છોટુભાઈ પુરાણી માટે રાષ્ટ્રપિતા ગાંધીજીએ સાચું જ કહ્યું હતું કે ''છોટુભાઈ પોતાની માન્યતામાં હંમેશા પ્રામાણિક અને સાચા દિલના આદમી હતા.'' મહાત્મા ગાંધીના આ ઉદ્ગારોમાં એમના વ્યક્તિત્વનો મોટા ભાગનો અંશ આવી જાય છે. આ રીતે શ્રી છોટુભાઈ પુરાણીનું જીવન રાષ્ટ્રપ્રેમીઓ તથા યુવાનોને કાયમ માટે પ્રેરણારૂપ બની રહેશે. એટલું જ નહિ પણ તેમની વ્યાયામ પ્રચારક્ષેત્રે વિશાળ સેવાઓ અમર છે-અમર રહેશે.

B-1 Swiss Avenue, Patel Colony, Opp Manekbaug Hall, Ambawadi, Ahmedabad-380 015.
(R) 079-26564650 (M) 9898870840

**।। વિદ્યાવૃત્ત ।।**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત - એ. આર. કોલેજ ઓફ ફાર્મસી એન્ડ જી. એચ. પટેલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ફાર્મસી, વલ્લભવિદ્યાનગર ખાતે ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટીની શોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામ સહાય યોજના હેઠળ ફાર્મસી, એન્જિનિયરીંગ અને ટેક્નિકલ વિદ્યાશાખાના શિક્ષકો માટે શિક્ષણના ક્ષેત્રમાં શિક્ષણ અને શીખવાની પ્રક્રિયાઓમાં સુધારણા માટે પ્રાચીનથી આધુનિક પદ્ધતિઓને અનુરૂપ બનાવવા શિક્ષક તરીકે પડકારો, વિષય ઉપર તા. ૩૦-૧૨-૨૦૧૯, સોમવારથી બે અઠવાડિયા માટેની તાલીમ શિબિરની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદના અને દીપ પ્રાગટ્યથી કરી હતી. તેમજ ઉપસ્થિત મહેમાનશ્રી આર. સી. તલાટી સાહેબ, જોઇન્ટ સેક્રેટરી શ્રી, ચારુતર વિદ્યામંડળ અને કાર્યક્રમના પ્રમુખશ્રી તરીકે એમને શિક્ષણ ક્ષેત્રમાં શિક્ષકની જવાબદારી વિષે સંબોધન કર્યું. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ડૉ. તેજલબેન ગાંધી, પ્રિન્સિપાલ શ્રી આણંદ ફાર્મસી કોલેજ દ્વારા સમાજમાં શિક્ષકનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું. ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રી, ડૉ. નવીનભાઈ શેઠ દ્વારા શિક્ષણ ક્ષેત્રથી મજબૂત રાષ્ટ્ર નિર્માણ અને મજબૂત ભારતના ઘડતર માટે શિક્ષકોનું યોગદાન સમજાવતો શુભ સંદેશ પાઠવવામાં આવ્યો અને આવા તાલીમ પ્રોગ્રામ યોજવા બદલ કોલેજના પ્રયત્નોને આવકારવામાં આવ્યા. તાલીમ કાર્યક્રમમાં પ્રિન્સિપાલ શ્રી ડૉ. જોલી પરીખ દ્વારા ઉપસ્થિત મહેમાનો તેમજ તાલીમ માટે આવેલા શિક્ષકોને આવકારવામાં આવ્યા. તાલીમ કાર્યક્રમના સંયોજક ડૉ. નૈતિક ત્રિવેદી દ્વારા ૧૫ દિવસ ચાલનારી શિક્ષકો માટેની તાલીમ શિબિરના કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી હતી. અને ઉપસ્થિત મહેમાનો તેમજ શિક્ષકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ॥ પ્રતિભાવ ॥

**અમિત ચૌહાણ**

વિ-વિદ્યાનગર ડિસેમ્બર ૨૦૧૯નો અંક યથાસમયે મળ્યો. 'સકારાત્મક દૃષ્ટિ' હેઠળ એસ.જી.પટેલની; બાળકો સાથે સમય વીતાવવાની વાત ગળે ઉતરે એવી છે. તેઓ લખે છે એ પ્રમાણે દરેક મનુષ્યને તેમના જીવનની યાદગાર પળો વાગોળવાનું બહુ જ ગમતું હોય છે. એમની વાત સાથે હું સંમત છું. બોધજનક વાર્તાઓ સાંભળવાની એમની સલાહ પણ આવકારદાયક લાગી. આપણે ત્યાં ઈસપની બોધકથાઓ અને પંચતંત્રની વાર્તાઓ ખૂબ જ જાણીતી છે. આ વાર્તાઓ વાંચતા જીવનઉપયોગી ઘણી બાબતો શીખવા મળે છે. આપણે એકલા કદી જીવન માણી શકતા નથી. આપણા ઉપર અનેક લોકોના ઉપકાર છે તે જાણો અને માણો. માનદ્ મંત્રીના લેખોનું એક પુસ્તક પણ થઈ શકે એમ છે.

ગૌતમ વકાણીનું કાવ્ય ગમી ગયું. છે ભયાનક, જો ચડે મસ્તક ઉપર

આમ તો 'ડર' તુચ્છ બાબત હોય છે''

''તરકીબોનું નામ બીજું છે જીવન
મોત તો છેલ્લી કરામત હોય છે.''

સાથે સાથે કિશોર બારોટની ગઝલ ગમી ગઈ.

''મન કદી લલચાઈને ચાલે લપસણા માર્ગ પર,
હાથ હું આડો ધરું છું હું જ મારો દોસ્ત થઈ''

ભારતીય પ્રજાનું 'રાષ્ટ્રીય ચિંતન' હેઠળ કેટલીક અવનવી વાતો જાણવા મળી. જેમ કે ફ્રેંચ પ્રજાનું લક્ષણ એ છે કે તેઓ રસિક છે. જર્મનપ્રજા શિસ્તપ્રિય છે. અંગ્રેજ પ્રજા અતડાપણા માટે જાણીતી છે. ભારતીય પ્રજાના રાષ્ટ્રીય ચારિત્ર્ય અંગેનું નરેશ વેદનું ચિંતન યથાયોગ્ય છે. મતબલ કે સાંપ્રત સ્થિતિને આ પ્રકારનો લેખ ખરેખર ઉપયોગી છે. રશિયન લેખક ટૉલ્સટોયની વાર્તા 'The Long Exile'નું સંક્ષિપ્ત રૂપાંતર વાંચવા મળ્યું. 'આજીવન કારાવાસ' શીર્ષક હેઠળની વાર્તા આંરભથી અંત સુધી જકડી રાખનારી લાગી. કરૂણ અંતવાળી આ વાર્તા ક્ષમાની ભાવના કેળવવા અંગેનો બોધ આપતી ગઈ. લતા હિરાણીની 'અમ્મા' વાર્તા પણ વાસ્તવિક લાગી. 'વિ-વિદ્યાનગર'માં પ્રકાશિત થતી સામગ્રી (લેખન) તમામ વર્ગના લોકોને ઉપયોગી થાય તેવી છે. વળી, એમાં વિવિધતા અને નાવિન્ય પણ જોવા મળે છે. હાલમાં લેખકનું સંપર્ક સૂત્ર આપો છો તે સારી બાબત છે.

ખ્રિસ્તી મહોલ્લો, વલાસણ, તા.જી. આણંદ-૩૮૮૩૨૫.
મો. ૯૬૩૮૬૦૭૮૧૫

॥ વિદ્યાવૃત્ત ॥

### આઈ.બી.પટેલ ઈંગ્લીશ સ્કૂલમાં સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી કરવામાં આવી.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી.પટેલ ઈંગ્લીશ સ્કૂલમાં તાજેતરમાં સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સુવર્ણ જયંતિની વર્ષની ઉજવણી તારીખ ૮ અને ૯ જાન્યુઆરી એ કરવામાં આવી હતી, આ ઉજવણીમાં શાળાના ૧૨૦૦ વિદ્યાર્થીઓ દ્વારા 'પ્રતિબિંબ અ સ્ટેપ ફોરવર્ડ ટૂવર્ડસ એન એન્ડલેસ જર્ની' શીર્ષક પર વિવિધ ડાન્સની રજુઆત કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્ય અને પ્રાર્થનાગીત દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દાદુભાઈ સી.પટેલ, અજય એમ પટેલ, ચેરમેન એન્જિનીયર ભીખુભાઈ બી.પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ મનીષ પટેલ, ડો.અમ્રિતા પટેલ, માનદ મંત્રી ડો.એસ.જી.પટેલ, માનદ સહમંત્રી વિશાલ પટેલ, કે.એસ.પટેલ, બી.પી.પટેલ, સલાહકાર શ્રીમતિ વિનોદીનીબેન પટેલ હાજર રહ્યાં હતાં. મહેમાનોએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી શાળાની આ ઉજવણીને બિરદાવી હતી.

પ્રા.શાળાના આચાર્યા બિંદુ સેન્થીલનાથ અને મા. અને ઉ.માધ્ય.શાળાના આચાર્ય મહેશભાઈ સાહેબે સૌનો આભાર માન્યો હતો અને સૌને સુવર્ણ જયંતિ વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

## નલિની કોલેજમાં ફિલ્મ લેખક સૌમ્ય જોશી સાથે સાહિત્ય અને ફિલ્મ 'હેલ્લારો' પર વાર્તાલાપ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની આર્ટ્સ કોલેજ ખાતે નલિની મૂવી કલબ દ્વારા ગુજરાતનાં જાણીતા લેખક, નાટ્યકાર, દિગ્દર્શક અને સુપ્રસિદ્ધ ફિલ્મ 'હેલ્લારો'ના સંવાદ લેખક તથા ગીતકાર શ્રી સૌમ્ય જોશીનું સાહિત્ય અને ફિલ્મ 'હેલ્લારો' વિષય પર વાર્તાલાપનું આયોજન કોલેજના આચાર્ય ડૉ.એમ.જી.મન્સૂરીના માર્ગદર્શનમાં અને અધ્યક્ષતામાં કરવામાં આવ્યું.

કાર્યક્રમની શરૂઆત કિંજલ કટારાએ રજૂ કરેલ પ્રાર્થના અને મનાલી પરમારના કાવ્ય પઠનથી કરવામાં આવી હતી. શ્રી જોશીએ તેઓની ફિલ્મ અને નાટ્ય કારકિર્દીના સર્જન રમીલોને યાર, વેલકમ જિંદગી, ૧૦૨ નોટ આઉટ અને 'હેલ્લારો'ની વાતોને પોતાના વાર્તાલાપમાં વણી લઈને, વાર્તા સર્જન અને વાર્તાનું ફિલ્મ કે નાટકમાં રૂપાંતરણ કઈ રીતે થાય છે તેની સમજણ વિદ્યાર્થીઓને આપી હતી. 'હેલ્લારો' જેવા ફિલ્મના સર્જનમાં ઊભી થતી અડચણો અને મુશ્કેલીઓની વિગતે ચર્ચા કરી હતી. ફિલ્મ નિર્માતાઓ માટે તેઓના સાચા વિવેચક તો પ્રેક્ષકો જ હોય છે તેમ જણાવતાં તેઓએ કહ્યું હતું કે, જ્યારે વાર્તાનું રૂપાંતરણ થતું હોય છે ત્યારે પ્રેક્ષકોના રસ-રુચિને ધ્યાનમાં લઈ મૂળ વાર્તામાં ફેરફાર કરવાની છૂટ લેવામાં આવતી હોય છે, તે ફિલ્મની પ્રવાહિતા માટે જરૂરી હોય છે. નહિ તો પ્રેક્ષક માટે ફિલ્મ કંટાળાજનક બની જાય છે. એક ભાષાની વાર્તાનું જયારે બીજી ભાષામાં રૂપાંતરણ કરવામાં આવે ત્યારે પણ ઘણી સાવચેતીપૂર્વક ભાવાનુવાદ કરી સંવાદો રચવામાં આવતા હોય છે અને ફિલ્મ નિર્માણ કરવામાં આવે છે. કોલેજના અને વિભાગના વિદ્યાર્થીઓએ શ્રી જોશીને વિષય સંલગ્ન પ્રશ્નોતરી કરી હતી અને શ્રી જોશીએ તેઓના કાવ્ય સંગ્રહ 'ગ્રીન રૂમ'ના રૂપક દ્વારા સુંદર રીતે જવાબો આપી સમજાવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી સંબોધતાં કોલેજના આચાર્ય ડૉ.એમ.જી.મન્સૂરીએ જણાવ્યું હતું કે, 'હેલ્લારો' ચર્ચાયેલી અને વખણાયેલી ફિલ્મ છે. ફિલ્મનું સમગ્ર ઘડતર એક અદ્ભુત વાતાવરણમાં થયું છે. શ્રી જોશીને અને તેમની પ્રોડક્શન ટીમને અભિનંદન આપવા ઘટે. કાર્યક્રમનું આયોજન અને આકલન શ્રી નિખિલ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સમગ્ર આયોજન નલિની મૂવી કલબની કોર કમિટીના સભ્યો ડૉ. ફાલ્ગુની ભારતીય, ડૉ. મૃણાલ ચાવડા, ડૉ. મયુર પરમાર તથા શ્રી નિખિલ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું.

## સી.વી.એમ. હોમ સાયન્સમાં ચશ્મા વિતરણ કાર્યક્રમ

ચારુતર વિદ્યામંડળ વલ્લભવિદ્યાનગર સંચાલિત હોમ સાયન્સ હાયર સેકન્ડરીમાં સામૂહિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઓડ દ્વારા શાળામાં તા-૦૯-૧૦-૧૯ના રોજ સમગ્ર વિદ્યાર્થીઓની આંખોની ચકાસણી કરવામાં આવેલ હતી. જેમા અનુસંધાનમાં જે વિદ્યાર્થીનીઓની આંખોની દૃષ્ટિમાં ખામી જણાઈ હતી તેમને તા-૧-૧-૨૦૨૦ના રોજ ચશ્માનું વિતરણ ડૉ. કે.એન.જોષી તથા શાળાના આચાર્યા શ્રીમતી સુચિતાબેન ખરાદીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આવા સેવાના કાર્ય બદલ શ્રીમતી આશાબેને ઓડ સામૂહિક આરોગ્ય કેન્દ્રનો આભાર વ્યક્ત-કર્યો હતો.

## ।। અભિનંદન ।।



શ્રી મણીલાલ હ. પટેલ ગુજરાત સાહિત્ય અકાદમીના ગૌરવ પુરસ્કારથી સન્માનિત થયા છે. સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં તેઓનું આગવું પ્રદાન રહ્યું છે.

'વિ-વિદ્યાનગર'નાં તંત્રી મંડળ તરફથી અભિનંદન.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી,જલારામ જનસેવા ટ્રસ્ટ-ધર્મજ અને રાષ્ટ્રીય અંધજન મંડળ-આણંદનાં સંયુક્ત ઉપક્રમે અંધજનો માટે આશાનું કિરણ એવી બ્રેઈલ લિપિના સર્જક અને શોધક લૂઈ બ્રેઈલનો જન્મદિવસ ૪-જાન્યુઆરી ૧૮૦૯ શાળામાં ઉજવાયો હતો. આ ઉજવણી કાર્યકમમાં સભાપ્રમુખ પદે ટી.વી.પટેલ હાયર સેકન્ડરીના પ્રિ.વિજયકુમાર સુથાર, મુખ્ય મહેમાનપદે જલારામ જનસેવા ટ્રસ્ટના શ્રી રાજેશભાઈ પટેલ, અતિથિ વિશેષપદે રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલ તથા ઉપપ્રમુખ શ્રીમતી મેઘનાબેન જોષી, જનરલ સેક્રેટરી શ્રીમતી સુધાબેન પટેલ, ટ્રસ્ટી શ્રીમતી રાધાબેન પટેલ, શાળાના સુપરવાઇઝરશ્રી સી.કે. ચૌધરી તથા આણંદ જીલ્લાના વિશિષ્ટ શિક્ષકો અને દિવ્યાંગ વિદ્યાર્થી ભાઇ-બહેનો તેમજ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં આ કાર્યકમમાં લૂઈ બ્રેઈલના જીવન પ્રસંગની ઝાંખી અને બ્રેઈલ ટેક્નોલોજીની મદદથી મોબઈલ ઉપયોગ, ચેસ અને ક્રિકેટ જેવી રમત, વિવિધ સાધનો અને બ્રેઈલ લિપિ અંગે સમજ આપવામાં આવી તેમજ દિવ્યાંગ માટે યોજાતાં રમતોત્સવમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરનાર વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રશસ્તિપત્રો, પારિતોષિક અને ટ્રોફી એનાયત કરવામાં આવ્યા હતાં સમારંભના મુખ્ય મહેમાનશ્રી રાજેશભાઈએ જણાવ્યું કે, દિવ્યાંગજનો કોઈના ઉપર નિર્ભર કે બોજ નથી તેઓ પોતાની આગવી સૂઝ ધરાવે છે તેમને કોઈની દયા કે ઉપકારની જરૂર નથી તેમને માત્ર પ્રેમ અને લાગણી જોઈએ છે. જે સમાજે આપવાની જરૂર છે. અતિથિ વિશેષશ્રી મહેન્દ્રભાઈએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું જયારે સભાપ્રમુખ પદેથી પ્રિ.વિજયકુમાર સુથારે આશીર્વચન પાઠવ્યા હતાં કાર્યક્રમના અંતે વિશિષ્ટ શિક્ષિકા શ્રીમતી જયશ્રીબેન જોષીએ આભારવિધિ કરી જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હર્ષદકુમાર વાઘેલાએ કર્યું હતું

ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં ધો.૧૨-કોમર્સ-ઈંગ્લીશ મીડીયમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી પ્રિન્સ શંભુભાઈ જૈસ્વાલ એ સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા પંજાબ રાજ્યના લુધિયાણા ખાતે તા.૧૯-૧૨-૨૦૧૯ થી ૨૪-૧૨-૨૦૧૯ દરમિયાન યોજાયેલા ૬૫th નેશનલ સ્કૂલ ગેમ્સ ૨૦૧૯-૨૦માં ૮૦ કિલો વેઈટ કેટેગરી-કીક બોક્સિંગ ચેમ્પિયનશીપમાં ભાગ લઇ તૃતિય ક્રમે વિજેતા જાહેર થતાં પ્રશસ્તિપત્ર અને બ્રોન્ઝ મેડલ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં. શાળાના વિદ્યાર્થી પ્રિન્સ જૈસ્વાલે ટી.વી.પટેલ હાયર સેકન્ડરી, ચારુતર વિદ્યામંડળ તથા વલ્લભ વિદ્યાનગરનું કીક-બોક્સિંગમાં સિદ્ધિ પ્રાપ્ત કરી રાષ્ટ્રીય સ્તરે નામ રોશન કરવા બદલ શાળાના આચાર્યશ્રી વિજયકુમાર સુથાર અને સૌ શિક્ષકોએ ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી

ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં ધો.૧૧-આર્ટસમાં અભ્યાસ કરતાં પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગ વિદ્યાર્થી નરેશ ઝીપરભાઈ રાઉત ને ખેલ મહાકુંભ-૨૦૧૯ અંતર્ગત વલસાડ મુકામે અન્ડર-૧૮ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે યોજાએલ સ્ટેટ લેવલ બ્લાઈન્ડ જુનિયર ક્રિકેટ ચેમ્પિયનશીપમાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર થતાં પ્રશસ્તિપત્ર પ્રાપ્ત કરી ચારુતર વિદ્યામંડળ અને ટી.વી.પટેલ હાયર સેકન્ડરીનું નામ રોશન કરવા બદલ શાળાના આચાર્યશ્રી વિજયકુમાર સુથાર અને સૌ શિક્ષકોએ દિવ્યાંગ વિદ્યાર્થી નરેશને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતાં

**।। ભૂલ સુધાર ।।**

ડીસેમ્બર ૨૦૧૯ના અંકમાં છપાયેલ વાર્તા ''અમ્મા'' ના લેખિકા લતા હિરાણીનું સરનામું નીચે મુજબ છે.

---

A/83, ગોયલ પાર્ક એપાર્ટમેન્ટ, લાર્ડ સોસાયટી સામે, સંદેશ પ્રેસ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫
Email:- latta.hirani55@gmail.com

સંપર્કસૂત્રમાં ભૂલ બદલ ક્ષમા પ્રાર્થીએ છીએ.

**તંત્રી વિ-વિદ્યાનગર**




## નલિની કોલેજમાં શ્રી ઈશ્વર પેટલીકર વ્યાખ્યાનમાળા યોજાઈ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજ દ્વારા શ્રી ઈશ્વર પેટલીકરની સ્મૃતિમાં ચારુતર વિદ્યામંડળે સ્થાપેલ ''શ્રી ઈશ્વર પેટલીકર વ્યાખ્યાનમાળા'' અંતર્ગત તાઃ ૩-૧-૨૦૨૦ના રોજ ૩૪મું વ્યાખ્યાન ચારુતર વિદ્યામંડળના માનદ્ સહમંત્રી પ્રિ.રમેશચંદ્ર સી.તલાટીના અધ્યક્ષસ્થાને વર્તમાન સમયમાં વિવેચક તરીકે ખ્યાતિપ્રાપ્ત સર્જક અને સંતકથાકાર ડૉ. ગુણવંતભાઈ વ્યાસનું ''ચરોતરી ચારુજન : ઈશ્વર પેટલીકર'' વિષય વિશે વ્યાખ્યાન યોજાયું.

સંસ્થાના આચાર્યશ્રી ડૉ. એમ.જી.મન્સુરીએ મહેમાનોનો પરિચય કરાવી સૌને આવકાર્યા હતા. ગુજરાતી વિભાગના અધ્યક્ષા ડૉ. અનિતાબેન સાળુંકેએ વ્યાખ્યાનમાળાની ભૂમિકા રજૂ કરી. વકતા ડૉ. ગુણવંતભાઈ વ્યાસે પોતાના વક્તવ્યમાં શ્રી ઈશ્વર પેટલીકરને ''ચરોતરના ચારુજન'' તરીકે નવાજી તેમના સાહિત્યમાં ચરોતરનો અવાજ અને ચરોતરીજનની સંવેદના કેવી રીતે ઝિલાઈ છે તે પેટલીકરની સાહિત્ય કૃતિઓના માધ્યમથી બતાવી. ધરતી સાથે જોડાયેલા, ચરોતર જેના વ્યકિતત્વમાં ક્ષણેક્ષણે વ્યકત થતું રહે એવા પેટલીકર સંસ્કૃતિ અને સંસ્કારના વાહક આ ભૂમિના સમર્થ સર્જક છે. ચરોતરની સામાન્ય પ્રજા માટે સુલતાન બનેલા તે સમાજધર્મી સર્જક છે.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં ચારુતર વિદ્યામંડળના માનદ્ સહમંત્રીશ્રી પ્રિ.રમેશચંદ્ર સી.તલાટીએ શ્રી ઈશ્વર પેટલીકરનો ચારુતર વિદ્યામંડળ સાથેનો સ્નેહસંબંધ દર્શાવી તેમના યોગદાનનું સ્મરણ કરીને, એમના સાહિત્યસર્જનમાંથી પસાર થઈ એમના જેવી દ્રષ્ટિ કેળવવાની અને શ્રેષ્ઠ વકતા અને શ્રેષ્ઠ શ્રોતા બનવાની શીખ આપી હતી અને વકતાના વક્તવ્ય અંગે પ્રસન્નતા વ્યકત કરી હતી.

આ વ્યાખ્યાનમાળામાં ડૉ. વાસંતીબેન પટેલ, ડૉ. જયેન્દ્ર શેખડીવાલા, ડૉ. આર.પી.પટેલ, પ્રો. રામજીભાઈ પટેલ, મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ.નીરૂબેન પટેલ નલિની કોલેજના સર્વે સદસ્યો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહયા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. સાધના પટેલ તથા આભારદર્શન ડૉ. નિલેશ બારોટે કર્યું હતું.

## ।। સૂચના ।।

૧. ‘વિ-વિદ્યાનગર વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest) માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ।માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઇન્લેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫. ‘વિ-વિદ્યાનગર દર માસની પાંચમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોકસાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઇ શકાય છે. લવાજમ ‘ચારુતર વિદ્યામંડળ’ના નામે મોકલવું.

૭. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૮. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ


**ઉર્વીશ છાયા**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ. પ્રોફેસર, એન.વી. પટેલ સાયન્સ કૉલેજ, વલ્લભ વિદ્યાનગર**

ઇ-મેઇલઃ editor.vidyanagar@gmail.com, urvish.chhaya@gmail.com


**લવાજમઃ વાર્ષિક :** ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦

**આજીવન** : ₹ ૧૫૦૦

**વિદેશમાં** : ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £

**છૂટક નકલની કિંમતઃ** ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦











ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી.પટેલ ઈંગ્લીશ સ્કૂલનાં સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં અધિવેશન નિમિત્તે લેવાયેલ વિવિધ તસવીરોમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ઈજનેરશ્રી ભીખુભાઈ બી.પટેલ, પ્રેસિડેન્ટશ્રી પ્રયાસ્વીનભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી મનિષભાઈ પટેલ, ડૉ. અમ્રિતાબેન પટેલ, માનદ્ મંત્રી ડૉ. એસ.જી.પટેલ, શ્રીમતિ વિનોદીનીબેન પટેલ, માનદ્ સહમંત્રીશ્રીઓ વિશાલભાઈ પટેલ, ભુપેન્દ્રભાઈ પટેલ, મેહુલભાઈ પટેલ તથા શૈલુભાઈ પટેલ, પ્રશાંતભાઈ પટેલ, મિનેશભાઇ અમીન, ઈવેન્ટ કન્વીનર શૈલેશભાઈ પટેલ, મા.અને ઉ.માધ્ય.શાળાના આચાર્ય મહેશભાઈ સાહેબ, પ્રા.શાળાના આચાર્યા બિંદુ સેન્થીલનાથ અને સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દૃશ્યમાન થાય છે. અન્ય તસવીરોમાં દિપ પ્રાગટ્ય કરતાં મહનુભાવો તથા 'પ્રતિબિંબ અ સ્ટેપ ફોરવર્ડ ટૂવર્ડસ એન એન્ડલેસ જર્ની' શીર્ષક પર ડાન્સની રજુઆત કરતાં વિદ્યાર્થીઓ દૃશ્યમાન થાય છે.

February 2020

V-Vidyanagar 22 (2)
Published on 05.02.2020
No. of Pages 40 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2018-20
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month



# Chhatrapati Shivaji Maharaj

**19 February 1630 to 3 April 1680**

## 1st Chhatrapati of the Maratha Empire

Reign : 1674 - 1680 CE
Coronation : 6 June 1674

**Editor: Dr. Urvish Chhaya || Printed at Lajja Communications, Vidyanagar 388 120**
Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)